# ઇન્દુમૌલિ

## ગુજરાતી સાહિત્યનું માસિક



સ્વ. કુંજવિહારી મહેતા

જન્મ : ૧૪-૭-૨૩ • મૃત્યુ : ૩૦-૧-૯૪

તંત્રી : સતીશ પંડ્યા

વર્ષ - ૧ ઑગસ્ટ-સપ્ટેમ્બર ૧૯૯૭ અંક - ૫

ઇન્દુકાંત પબ્લિશર્સ પ્રા. લિ.

K.K
BAKERY
*Rich Taste*

# K.K. BISCUIT BAKERY

**MFGRS & SUPPLIERS**
**BISCUIT, FARSAN, SWEET, CAKES, BREAD**

ZAVERI SADAK, NAVSARI - 396 445. (Gujarat)
PHONE : 02637 - 57970, 59124

ઈન્દુમૌલિ

ઓગષ્ટ - સપ્ટેમ્બર - ૧૯૯૭

વર્ષ : પહેલું                                                                                                    અંક : પાંચમો

## *તંત્રી સ્થાનેથી....*

મારી સ્મૃતિમાં સંગ્રહાયલી મહેતા સાહેબની પહેલી છબી સને ૧૯૬૬ ની છે. તે પહેલાં મહેતા સાહેબને જોયા હોય, મળ્યો હોય તેવું સ્મરણમાં નથી. અમારાં દાદીનું ૧૩મી મે ૧૯૬૬ના રોજ નવસારી મુકામે અવસાન થયું. મહેતા સાહેબ એ નિમિત્તે આશ્વાસન આપવા ઘરે આવ્યા હતા. ગૌરવર્ણ, એકવડો બાંધો, મધ્યમ ઊંચાઈ, તેજસ્વી ચમકતી આંખો, સુતરાઉ સફેદ કફની-પાયજામો ધારણ કરેલાં એવા તેમની છબી હજુ પણ માનસપટ ઉપર જડાયેલી પડી છે. મહાત્મા ગાંધીના અવસાન બાદ સફેદ ખાદીધારી દંભી સેવકોનો જે વર્ગ ઊભો થયો તેનાથી અલગ-જુદા પોતાને બતાવવા તેમણે સુતરાઉ સફેદ વસ્ત્રો ધારણ કર્યા હશે તેવું મને લાગે છે. મૃત્યુ પર્યન્ત મેં તેમને આ જ પહેરવેશમાં નીહાળ્યા છે. આ કદાચ તેમનો યૂનિફોર્મ બની ગયો હતો.

અમારા પરિચયમાં આવેલ બે વ્યક્તિઓ નવસારી છોડી ગયા તે કારણે તે રાંક બન્યું છે, તેવું હું માનું છું. કવિ શ્રી ઉશનસ્ નવસારીની ગાર્ડા કૉલેજમાં વ્યાખ્યાતા હતા. તેમના નવસારીના વસવાટ દરમિયાન બે કાવ્યસંગ્રહો ''પ્રસૂન'' તથા ''નેપથ્યે'' પ્રકટ થઈ ચૂક્યા હતાં. નવસારી છોડીને શ્રી ઉસનસ્ વલસાડમાં, પ્રમાણમાં નાના શહેરમાં-ગામડામાં જઈ વસ્યા. ત્યાં તેમને તૃણમાં ઈશ્વરનાં દર્શન થયાં. તેમણે સાહિત્ય દ્વારા સમાજ સેવાનો ભેખ લીધો. ગુજરાતી સાહિત્યક્ષેત્રે તેમનું પ્રદાન સર્વને વિદિત છે. તે કૉલેજના આચાર્ય થયા. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ થયા. શ્રી મહેતા સાહેબે નવસારી છોડી કાયમી ધોરણે સૂરત વસવાટ કર્યો. સેવા શ્રેષ્ઠ ધર્મ છે અને તેમાં તેમને પ્રભુના દર્શન થયાં. ઉચ્ચ કોટિના સર્જક બનવાની ક્ષમતા હોવા છતાં સાહિત્યસર્જનની પ્રવૃત્તિને પાર્શ્વભૂમિમાં ધકેલી દઈ દીન-દુઃખીનો તેમણે હાથ ઝાલ્યો અને સેવાના ભેખધારી બન્યા. અને એ રીતે સમાજમાં ઊંચું સ્થાન પ્રાપ્ત કર્યું. નવસારી છોડી ગયેલાં આ બન્ને મહાનુભવોને જુદા જુદા માધ્યમો દ્વારા પ્રભુના દર્શન થયાં. અને એ કારણે તેમને સમાજમાં ઊંચા શિખર સર કર્યાં. આગળ વધવા માટે નાનુ ગામડું કે મોટું શહેર એવી મર્યાદાઓ તેમને નડી નથી.

અમારા કુટુંબ ઉપર તેમણે કરેલ ઉપકારોની વાત મારે એટલા માટે કહેવી છે કે તેમણે પ્રત્યેક મોડ ઉપર અમને સહાય કરી છે.

ઉપર કહ્યું તેમ અમારાં દાદીના મૃત્યુ સમયે મહેતા સાહેબ ઘરે આવ્યા હતા. તે સમયે મારા પિતાનુ પ્રથમ પુસ્તક ''બાનો ભીખુ'' જે ''જ્વાલા અને જ્યોત'' તરીકે પ્રગટ થઈ ચૂક્યું હતું. તેઓ પોતાની ઓળખાણના જોરે મારા પિતાને ''ગુજરાતમિત્ર'' તરફ દોરી ગયા. ''ગુજરાતમિત્ર'' દૈનિક માટે મારા પિતાએ ૨૫ વર્ષ ઉપરાંત કલમ ચલાવી. જે કારણે અમારા કુંટુંબની સામાજિક પ્રતિષ્ઠામાં ખૂબ વધારો થયો. અમારા સંપર્કો વધ્યા. અમારા કૌટુંબિક જીવનમાં આ એક મોટો વળાંક હતો.

સને ૧૯૬૯ની આ વાત છે. મહેતા સાહેબનો સૂરજ સૂરતમાં તે વખતે તપતો હતો. એમ. એ.નો અભ્યાસ પૂરો કરી મફતલાલ મિલ્સની નોકરી છોડી હું વડોદરા ફરવા ગયો હતો. મારા મનમાં તે સમયે નોકરી ન કરવી તેવા વિચારો ચાલતા હતાં. હું તે સમયે એલએલ. બી. કરી વકીલાતના વ્યવસાયમાં ઝંપલાવવા માંગતો હતો. એલએલ. બી. કરવું હતું અને નોકરી કર્યા વગર ચાલે તેવું નહોતું. નોકરીની જરૂરિયાત છે એટલું મહેતા સાહેબ જાણે. વડોદરા મુકામે મહેતા સાહેબનો સંદેશો આવ્યો. એક સ્કૂલમાં ત્રણ મહિનાની ''લીવ વેકેન્સી'' છે. સંદેશો


મળતાં હું સૂરત મહેતા સાહેબને મળ્યો. તેમણે સાર્વજનિક એજ્યુકેશન સંચાલિત કડીવાલા સ્કૂલ-સગરામપુરામાં મને ગોઠવી આપ્યો. આ તકનો લાભ લઈ વી. ટી. ચોકસી લૉ કૉલેજમાં હું દાખલ થયો અને ત્રણ વર્ષનો લૉનો કોર્સ પૂરો કર્યો. ત્યારબાદ પરિણામની રાહ જોયા વગર સ્કૂલની નોકરીમાંથી રાજીનામુ આપી છૂટો થયો. મહેતા સાહેબે તે વખતે મને સમજાવેલો કે નોકરી કરતાં એલએલ. એમ. કરવું હશે તો વ્યવસ્થા થઈ રહેશે. પરંતુ મારો નોકરી કરવાનો કોઈ ઈરાદો નહોતો તેવું જાણતાં મારું રાજીનામું સ્વીકારી મને છૂટો કર્યો. સને ૧૯૭૨માં મેં વકીલાતના વ્યવસાયમાં ઝંપલાવ્યું. ઉત્તરોત્તર તે ક્ષેત્રમાં મારી પ્રગતિ થતી રહી. હું જે કાંઈ છું અને જે કાંઈ કરી રહ્યો છું તે વકીલાતના વ્યવસાયના પરિણામ સ્વરૂપ જ છે. મહેતા સાહેબે મારો હાથ ના ઝાલ્યો હોત તો આ બધું કરવું મારે માટે શક્ય ન હતું.

આવો જ એક બીજો પ્રસંગ પણ અમારા કુંટુંબમાં બન્યો. મારી પત્ની રંજન એલએલ. એમ.નો અભ્યાસ કરી વકીલાતના વ્યવસાયમાં મારી સાથે કામ કરી રહી હતી. સાથે સાથે ખંડ સમયના વ્યાખ્યતા તરીકે નવસારીમાં આવેલ મહિલા કૉલેજમાં પણ સેવા આપતી હતી. સાર્વજનિક સોસાયટી સંચાલિત વી. ટી. ચોકસી લૉ કૉલેજમાં તેની વ્યાખ્યાતા તરીકે નિમણૂંક થઈ. મહેતા સાહેબની હૂંફ અને માર્ગદર્શન તેને સતત મળતા રહેલાં. આ વાત સને ૧૯૮૪ના વર્ષની આસપાસની છે. રંજનની નોકરીની સાથે અમારા કુંટુંબની આર્થિક સ્થિરતાના પાયા નંખાયા. અનુભવે મને સમજાયું છે કે આપણા સમાજમાં ગૌરવભેર જીવવા માત્ર વ્યક્તિગત કે કુંટુંબની પ્રતિષ્ઠા કે આબરુ પૂરતાં નથી, તે સાથે આર્થિક સદ્ધરતા પણ તેટલી જ આવશ્યક છે.

સને ૯૪-૯૫ના વર્ષ માટે નવસારીની રોટરી કલબના પ્રમુખ તરીકે મારી વરણી થઈ. અમારી કલબની પરંપરા મુજબ રોટરી કલબનો જે પ્રમુખ થાય તેની પત્ની ઈનરવ્હીલની પ્રમુખ થાય તે રીતે રંજનની પણ, તે વર્ષ માટે ઈનરવ્હીલના પ્રમુખ તરીકે વરણી થઈ. ૯૩-૯૪ના વર્ષ માટે નગીનભાઈ વલસાડીઆ રોટરીના પ્રમુખ ચૂંટાયા હતા. તેમની પત્ની ઈનરવ્હીલનો કાર્યભાર સંભાળી શકે તેમ ન હોઈ તે વર્ષ માટે પણ ઈનરવ્હીલના પ્રમુખ તરીકે રંજનની વરણી થઈ. ૧૧-૭-૯૩ના રોજ કલબના પ્રમુખ તથા ઈનરવ્હીલના પ્રમુખનો પદ્ગ્રહણ સમારંભ રાખવામાં આવ્યો હતો. અમે મનોમન નક્કી કર્યું હતું કે અમારા વર્ષના પદ્ગ્રહણ સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે મહેતા સાહેબને આમંત્રણ આપશું. એ રીતે અમે તેમને બીજા વર્ષ માટે અનામત રાખ્યા હતા. નગીનભાઈ વલસાડીયા સમારંભના મુખ્ય મહેમાનની શોધમાં હતાં, પરંતુ તેમને કોઈ તે માટે મળતું નહોતું. છેવટે અમે મહેતા સાહેબને ફોન કર્યો. અમે જાણતા હતા કે મહેતા સાહેબ રોટરી-લાયન્સ કલબ જેવી સંસ્થાઓમા જવાનું ટાળતા. પરંતુ તેમને જેવી ખબર પડી કે રંજન ઈનરવ્હીલની પ્રમુખ બને છે એટલે તેમણે કહ્યું કે, '' હું જરૂરથી આવીશ.'' અમારો અનુભવ છે કે સમારંભમાં આવતા મુખ્ય મહેમાનો તથા અતિથિ વિશેષો અનેક જાતના નખરાં કરતાં હોય છે. પરંતું મહેતા સાહેબ તેઓથી અલગ હતા. સમારંભના દિવસે પોતાની કારમાં સમયસર તેઓ નવસારી આવ્યા અને સમારંભની શોભા વધારી પાછા સૂરત વળ્યા. તે દિવસે અમે તેમનું શાલ ઓઢાડી સન્માન કર્યું. ત્યારબાદ તા. ૩૦-૧-૯૪ના રોજ તેમનું અચાનક અવસાન થયું. હું આમાં કુદરતનો કોઈ સંકેત જ જોઉં છું. અમારો એમની સાથેનો જે ઋણાનુબંધ હતો તે તેમને એક વર્ષ વહેલાં નવસારી ખેંચી લાવ્યો. જન્મે નવસારીના જેમણે પોતાની કર્મભૂમિ સૂરત બનાવી સામાજિક પ્રતિષ્ઠાના ઊંચા સિંહાસને બેઠા તેવા મહેતા સાહેબને શબ્દોની અંજલિ સમાન આ અંક સમર્પિત કરું છું.

● સતીશ પંડ્યા

# અવસાનના થોડા સમય પહેલાં મહેતા સાહેબે લખેલો પત્ર



# ✱ અનુક્રમણિકા ✱

## પદ્ય


તૃણનું બીજ ........................................ ઉસનસ્.... ૫
તેજની આડે ........................................ રાજેન્દ્ર શાહ.... ૫
બે અક્ષર આનંદના.................................. રાધેશ્યામ શર્મા.... ૬
સહજતયા ........................................ હેમંત દેસાઈ.... ૭
શ્રી જયંતભાઈ પાઠકને ........................ ભગવત સુથાર.... ૭
ક્યાં છે ? ........................................ મનોહર ત્રિવેદી.... ૮
અક્ષર વિશે ........................................ કિશોર પંડ્યા.... ૮
કબીર કહે કમાલ કો ................................ દાન વાઘેલા.... ૯
નક્કી નથી ........................................ 'સાગર' નવસારવી.... ૯
કંકુના સૂરજ ........................................ રાવજી પટેલ.. ૧૦
कंकुमस्य सूर्याः....... अनुवादक : पटेलोमाह्यः रसिकः... १०


## કે. સી. મહેતા


જીવનઝરમર : સ્વ. શ્રી કુંજવિહારી મહેતા .................... ૧૧
સદ્. કુંજવિહારી મહેતાને એક ભાવાંજલિ..... બેજન દેસાઈ.. ૧૩
સ્વ. કુંજવિહારી મહેતાને ............... સાગર નવસારવી.. ૧૪
મારા એક સન્નિષ્ઠ મિત્ર :સ્વ. કુંજવિહારી મહેતા ............... ઉશનસ્.. ૧૫
એક ગુરૂના વિદ્યાર્થી ને સાથી કુંજવિહારી .. જયંત પાઠક.. ૧૭
કુંજવિહારીભાઈ : દક્ષ તથા માનવતાપૂર્ણ વહીવટદાર .......... રમણ પાઠક.. ૧૯
એમનો એ અખબારી કટારનો શબ્દશઃ ધાક હતો ............... ભગવતીકુમાર શર્મા.. ૨૧
કે. સી. એક મિત્રની નજરે ............... ચંદ્રકાન્ત પંડ્યા.. ૨૪
મૈત્રીની એ ઘેઘૂર ઘટા ........................ હિમાંશી શેલત.. ૨૬
મીણ માટીનો માનવી ........................ વિજય શાસ્ત્રી.. ૨૯
કુંજવિહારી મહેતા (કે.સી.) સ્નેહભર્યું સંસ્મરણ ................. શ્રીપાદ ફળણીકર.. ૩૧
સલામ, મહેતા સાહેબ ................. ચંદ્રકાન્ત પુરોહિત.. ૩૫
સામાન્ય છતાં અસામાન્ય માનવી : કુંજવિહારી મહેતા ........ રમેશ ઓઝા.. ૩૭
કે. સી. મહેતા : મુરબ્બી શુભેચ્છક મિત્ર ......................... ડૉ. બી.એ. પરીખ.. ૩૯
અમારા પપ્પાજી ........................ કશ્યપ મહેતા.. ૪૧
ગત સમય કેરા સ્મરણમાં ................. સ્વાતિ મહેતા.. ૪૪


## ગદ્ય


" બાનો ભીખુ " - ઉત્તરાર્ધ ................................ ૪૬
તારુણ્યના તટેથી ........................................ ૪૯
સ્મૃતિઓમાં છલકાતું મારું ગામ.............................. ૫૨
ગુજરાતી રંગભૂમિ જીવે છે ................................ ૫૭
રસિકજનોની કલમે ........................................ ૫૯
સંસ્કૃતિ સંહિતા ........................................ ૬૨
સમાચાર દર્શન ........................................ ૬૩


---

## ● સૂચનાઓ ●

✱ દરમાસની આખર તારીખે પ્રસિદ્ધ થાય છે.

✱ "ઈન્દુમૌલિ" ના ગ્રાહક ગમે તે અંકથી થઈ શકાય છે.

✱ વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- છે.

✱ "ઈન્દુમૌલિ" ના ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવા વિનંતી છે.

✱ છૂટક નકલ રૂા. ૧૫/- પોસ્ટેજ સાથે.

✱ લવાજમ મોકલવાનું સરનામું :
ઈન્દુકાન્ત પબ્લિશર્સ પ્રા. લિ. - પ્રેમજી કૉમ્પ્લેક્સ, મહારાણી શાંતાદેવી રોડ, નવસારી - ૩૯૬ ૪૪૫. ફોન : ૫૬૯૩૪.

---


**Published & Printed By** : Satish Chandrakant Pandya on behalf of & in the name of Indukant Publishers Pvt. Ltd., 1st Floor, Premji Complex, Maharani Shantadevi Road, Navsari - 396 445. (Guj.) Ph. : 56934
**Owner** : Indukant Publishers Pvt. Ltd.
**Editor** : Satish Chandrakant Pandya C/o. Indukant Publishers Pvt. Ltd.
**Published at** : Indukant Publishers Pvt. Ltd., 1st Floor, Premji Complex, Maharani Shantadevi Road, Navsari - 396 445.
**Printed at** : Natraj Book Mfg. Co., Udyog Nagar, Navsari - 396 445. Ph. : 57391.
**Typesetting** : Emtronics, Asha Nagar, Navsari - 396 445. Ph. : 57823. (With Layout Designing & Cover Page)


## તૃણનું બીજ
### (હરિણી-સૉનેટ)

બીજ તૃણતણાં વ્હેલ્લાં વ્હેલ્લાં અખંડ ધરા લહી
કુણ ગયું હશે વાવી, વેરી-વિખેરી કણેકણે?
ખબર હજી ના કોને; કિન્તુ હવે સૂઝતું મને:
તૃણનું બીજ તો આકાશી છે! ગરેલ નિશા મહીં
ઉડુ ગણ થકી; નીલીલીલી તૃણ દ્યુતિસંતતિ,
તૃણથી ટશરે તારાઓથી દ્યુતિપટ તે વણે;
અમથું નથી તે, મેં જોયું છે સ્વયં; ચલ તાંતણે
ચમક સરકી આવે છે કો નીચે ઉપરે જતી!

અગર-નહીં તો બારેમાસે અડાબીડ રાત્રિએ
પણ ધરતીપે શેની આભા-ઉજાસની સ્ફુરતી
નયન તરતી વ્યોમ વ્યાપી? રાત્રે શત આરતી
કવણની - ઝગી ઝીણી જ્યોતે - મુખાકૃતિ દાખવે?
તમસ ક્ષિતિપે પૂરેપૂરું ઢળે? કદીના બને,
અલખ લખ થાયે થોડું કૈં મને તૃણકારણે.

૨૬-૮-૯૭ ■ ઉશનસ્





## તેજની આડે

નેણનાં ત્હારાં તેજની આડે, પ્રિય, શી બાધા આવી?
કોમળ એ’વાં કિરણના બોલ આમ રહી અટકાવી!

કોઈની આવે યાદ
ગયું જે કાલનાં વ્હેણે વહી?
પળ જે પ્રકટ લાવતી
એથી નજર ફેરવી રહી!
રહી સમયને પલટાવી!

એમ તો નહીં હોયને
કંઈ પાછળનું તું પેખે?
ગંભીર એમાં લીન તે
નહીં આંગણનું લે લેખે!
એવું કાંઈ રહ્યું લલચાવી!

આગળના પાછળના બધા મેલ ઉધામા છોડી:
ક્ષણ જે રૂડી સાંપડી એશું હૃદયને દે જોડી-
હાવાં મુખ મીઠું મલકાવી.

■ રાજેન્દ્ર શાહ

# બે અક્ષર આનંદના....

પંચોતેરમે પહોંચ્યા
જયંત
એનેકધા
વિજયંત થઈ....
'વનાંચલ'ની
વીથિકામાં દેખાય
'અન્તરીક્ષ'નો
'વિસ્મય'-પૂર્ણ
'મર્મર'
નિનાદ....
સર્જક છતે
સૌંદર્ય લુબ્ધ
ના હોવ,
'બે અક્ષર આનંદના'
પણ ના પાડી
'સર્ગ'ના
સ્વર્ગ 'સંકેત'નો
'અનુનય' પણ
ના કરો, એમ
વર્તમાને
કે ભવિષ્યે
સ્વપ્નાંતરેય
કોઈ કાવ્યરસિક
માની શકશે?!

'શૂળી ઉપર સેજ'
બિછાવનારા સર્જકો જ
કહી શકે,
'ક્ષણોમાં જીવું છું'
'વગડાનો શ્વાસ' જ
તમારા
ચેતનામુકુર પર
ઝીલાયો
એવું નથી
વગડાનો નિશ્વાસ
પણ સાંભળ્યો તમે!
અમને સુણાવ્યો ત્યારે
લાગ્યું કે તમો
ક્ષણોમાં જ નહિ
બ્રહ્માહ - કલ્પ પર્યંત
કલ્પનોની કેડીએ
વિચરી શકો એવા સનાતન
પુરાતન પાઠક છો!

■ **રાધેશ્યામ શર્મા**

## સહજતયા

ભોર ભઈ ભર નીંદરના થર ચૂર થયા-
બજી ઝાલરી વિખરે પ્રાચી રંગ નયા!

પ્રસન્નતાનું પર્વ ઉદિત ઝળહળ થાતું
ગગને જાણે હસે મરમમાં સુરતનયા!


પીગળ્યાં સરિતા-પ્હાડો, ફરક્યાં વૃક્ષ-વનો
પુષ્પ પુષ્પ પર ભમતા ભમરા છકી ગયા!

નિશદિન સેવ્યા ઉરસરસા ધાર્યા યુગથી
શુભસુંદર સંકલ્પ સકલ તે પૂરણ ભયા!

પરિતાપો સહુ ઢળ્યા, મળ્યા આનંદસ્વરો
લક્ષણવંતા લ્હાવ લહકતી સુખવિજયા!

ગઝલ જુઓ અવતરતી ધરતી પર સપદિ
અભિનવ રૂપે સૂર્યકૃપા સમ સહજતયા!

■ હેમન્ત દેસાઈ





## શ્રી જયંતભાઈ પાઠકને

### (સૉનેટ-શિખરિણી)

**જ**વું પડશે છોડી પરનીડ-સ્વનીડ સઘળા
**યં**ત્રણા ત્યાં શાની પુનઃ પ્રાપ્તિ નષ્ટનીડ તણી
**ત**મિસ્ત્રા માંહેથી તપત સૂરજ-ઈચ્છન ઘણી
**પા**ધર ખીલ્યાં વૃક્ષો લીલયા તુજ અંગે રહે વદી
**ઠ**ર્યાં હૈયે તુજ મર્મર સોનલ-છાય ધરણી
**ક**રી આંચલ વનશ્રી તદ્‌વિદે રંગરૂપ રૂડી

**સ્મૃ**તિ જાશે જડાઈ નિમિલિત પટરે પાંપણ
**તિ**રછી દૃષ્ટિએ સૌ જુએ ભલે શાશ્વતી સૂર ગૂંજે
**મં**ગલા ક્ષણોમાં ધબકતો વગડાનું તું અમી
**જૂ**જવે રૂપે પમરતો મઘમઘતો નવલે
**યા**દે અંતરીક્ષે વિસ્મય આનંદ થૈ બે અક્ષરે
**સા**કારે ઝંકૃતિ અનુભૂતિ ભયભીત થતાં
**દ**યાદૃષ્ટિ લાધી અમર પગલી શબ્દની મીઠી
**ર**ચી સૃષ્ટિ સત્ય શિવ બની સુંદર પતિપ્રજા

■ ભગવત સુથાર

## ક્યાં છે ?

એકીટશે નીરખતું એ બારસાખ ક્યાં છે?
પ્હેલાં હમેશ મળતી તે આંખ, આંખ ક્યાં છે?


વિસ્તીર્ણ આભ દેખી તું નાખ ના નિસાસા
પંખી, તને ખબર છે: પિંજરને પાંખ ક્યાં છે?


ઈચ્છા ફિનિક્સ પેઠે થાશે નહીં સજીવન
ઊડી જતી હવામાં પોતાની રાખ ક્યાં છે?

તારા અભાવમાં હું મળતો રહ્યો નદીને
બીજે કહે તું એવા નમણા વળાંક ક્યાં છે?

આવેલ કહેણ પાછું ઠેલીશ હું, મનોહર-
પૂછીશ ખેપિયાને : સાહેબની સાખ ક્યાં છે?

■ **મનોહર ત્રિવેદી**





## અક્ષર વિશે

આંગળી ચીંધાય ને ચર્ચા થશે અક્ષર વિશે
વેદના વીંધાયને ચર્ચા થશે અક્ષર વિશે

સાંજ આવીને વરસતી, રોજ મારા નામ પર
લાગણી ભીંજાયને ચર્ચા થશે અક્ષર વિશે

શબ્દના સૌ કાફલા આવી અહીં ઊભા પછી
કલ્પના સંતાય ને ચર્ચા થશે અક્ષર વિશે

બિમ્બ બનીને જાય દરિયે વ્હાણ સામે પાર જે
આંખમાં અંજાયને ચર્ચા થશે અક્ષર વિશે

રાત ઝળહળ પ્રગટી છે આજ એ અજવાસમાં
પથ નવો કંતાયને ચર્ચા થશે અક્ષર વિશે

શ્વાસ સાથે ખેલ કરતાં હાથ આજે સમયના
જિન્દગી ચંપાયને ચર્ચા થશે અક્ષર વિશે

■ **કિશોર પંડ્યા**


## કબીર કહે કમાલ કો

ક્યાંક ગુલાબનું ફૂલ અને
ક્યાંક સુગંધના પડછાયા!
બે કાંઠામાં વહેતી નદીની
જેમ જીવનની માયા!

એક અચંબો અમેય જોયો
નવી નજરની અંદર;
ધખના છાપ ઉમળકો ઉડ્યો
ગયો અગમ અગોચર!
કબીર કહે કમાલ કો,
બસ! ગંગમાં ન્હાયા!
o ક્યાંક ગુલાબનું ફૂલ અને.......

એક કાચળી સર્પની ને
એક સમયના ચર્ણની;
સપનાનું એક જંગલ બળ્યું
જ્યાં ચીસ યાદનાં પર્ણની!
કબીર કહે કમાલ કો,
લિસોટે લૂંટાયા!
o ક્યાંક ગુલાબનું ફૂલ અને.......

■ દાન વાઘેલા



## નક્કી નથી

આવશે ક્યાં અંત કંઈ નક્કી નથી,
લાગશે ક્યાં ડંખ કંઈ નક્કી નથી.

અટપટી દુનિયાની ઘેરી ચાલમાં,
થઈ જશો ક્યાં તંગ કંઈ નક્કી નથી.

ખૂબ ધડકે છે તને મળવાને દિલ,
થઈ જશે ક્યાં બંધ કંઈ નક્કી નથી.

રાહ જુએ છે કોઈ ઘટના અકળ,
લઈ જશે ક્યાં સંગ કંઈ નક્કી નથી.

થાય છે પળમાં પરાયા આપણાં,
કોનો ક્યાં સંબંધ કંઈ નક્કી નથી.

ચક્રવ્યુહ જેવું છે જીવન આપણું,
જામશે ક્યાં જંગ કંઈ નક્કી નથી.

સાત રંગોની છે 'સાગર' જિંદગી,
થઈ જશો ક્યાં દંગ કંઈ નક્કી નથી.

■ સાગર નવસારવી


## કંકુના સૂરજ

મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...
મારી વે'લ શણગારો વીરા, શગને સંકોરો
રે અજવાળાં પહેરીને ઊભા શ્વાસ!
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...

પીળે રે પાંદે લીલા ઘોડા ડૂબ્યા;
ડૂબ્યાં અલકાતાં રાજ, ડૂબ્યાં મલકાતાં કાજ
રે હણહણતી મેં સાંભળી સુવાસ!
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...

મને રોકે પંછાયો એક ચોકમાં;
અડધા બોલે ઝાલ્યો; અડધો ઝાંઝરથી ઝાલ્યો,
મને વાગે સજીવી હળવાશ!
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...

■ રાવજી પટેલ



## कंकुमस्य सूर्याः

मम नयने कंकुमस्या सूर्या अस्तं गताः ...
मम रथिकामलंकुरुष्व भ्रातर्! दीपशिखां प्रज्वलितां कुरु त्वम् त्वम्।
अये, प्रकाशं परिधाय श्वासाः स्थिताः!
मम नयने कंकुमस्या सूर्या अस्तं गताः ॥
पीते पर्णेऽये! हरिताः घोटकाः निमग्नाः;
लसितानि राज्याणि भग्नानि, प्रणष्टानि प्रफुल्लितानि कार्याणि।
अये, हेषानुरजनयुतं मया श्रुतं सौरभ्यम्!
मम नयने कंकुमस्या सूर्या अस्तं गताः ॥
मामवरुध्यति छायैका परिसरे;
परिगृहितोऽर्धोऽहमक्षरेण, नूपुरेणार्धोऽहं प्रतिबद्धः।
मां पीडयति सजीवा शाता !
मम नयने कंकुमस्या सूर्या अस्तं गताः ॥

अनुवादक : पटेलोमाह्यः रसिकः

# જીવનઝરમર : સ્વ. શ્રી કુંજવિહારી મહેતા

નામ : કુંજવિહારી ચૂનિલાલ મહેતા

જન્મ : ૧૪મી જુલાઈ ૧૯૨૩

જન્મસ્થળ : નવસારી

અભ્યાસ : એમ.એ. સને ૧૯૪૫ (મુંબઈ યુનિવર્સિટી)
(મુખ્ય વિષય - ગુજરાતી - ગૌણ - અંગ્રેજી)

વ્યવસાય : (૧) વ્યાખ્યાતા -
એમ.ટી.બી. આર્ટસ કૉલેજ - સૂરત (૧૯૪૬ થી ૧૯૮૩)
(૨) પ્રિન્સિપલ -
એમ.ટી.બી. આર્ટસ કૉલેજ - સૂરત (૧૯૭૦ થી ૧૯૮૩)
(૩) માનદ્ ડાયરેક્ટર -
ચૂનિલાલ ગાંધી વિદ્યાભવન - સૂરત (૧૯૮૩ થી મૃત્યુપર્યંત)
(૪) માનદ્ મંત્રી -
સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી - સૂરત (૧૯૬૧ થી મૃત્યુપર્યંત)
(૫) પી.એચ.ડી. ના યુનિવર્સિટી માન્ય ગાઈડ

**શિક્ષણક્ષેત્રે યુનિવર્સિટી કક્ષાએ જુદા-જુદા હોદ્દા :**

(૧) સેનેટ મેમ્બર -
ગુજરાત યુનિવર્સિટી - અમદાવાદ (૧૯૬૦ -૬૫)
(૨) સેનેટ મેમ્બર -
દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી - સૂરત (૧૯૬૭-૮૩)
(૩) સિન્ડિકેટના સભ્ય -
દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી - સૂરત (૧૯૭૧-૭૩)
(૪) આર્ટસ ફેકલ્ટીના ડીન -
દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી - સૂરત (૧૯૭૧-૭૩)
(૫) અકડમિક કાઉન્સિલના સભ્ય -
દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી - સૂરત (૧૯૭૬-૭૯)
(૬) બોર્ડ ઓફ સ્ટડીઝ -
દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી - સૂરત (૧૯૭૬-૭૯)
(૭) સેનેટના સભ્ય -
સરદાર પટેલ યુનિવર્સિટી - વલ્લભ વિદ્યાનગર - આણંદ (૧૯૭૨-૧૯૭૭)
(૮) સલાહકાર સમિતિના સભ્ય -
પી.ટી. મહિલા કૉલેજ - સૂરત

સરકારમાં : (૧) મુંબઈ રાજ્ય નાટ્ય સલાહકાર કમિટિના સભ્ય - (૧૯૫૭-૧૯૫૯)
(૨) ગુજરાત રાજ્ય પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ સમિતિના સભ્ય - (૧૯૭૫-૧૯૭૭)
(૩) ટેલિફોન સલાહકાર સમિતિના સભ્ય - (૧૯૭૮)
(૪) શહેર સંકલન સમિતિના સભ્ય - (૧૯૭૮)

**સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્ર :**

(૧) ગુજરાત સાહિત્ય પરિષદ વહિવટી કમિટિના સભ્ય (૧૯૮૩-૧૯૮૫)
(૨) સૂરત સિટિઝન કાઉન્સિલના પ્રમુખ (૧૯૮૩-૧૯૮૬)
(૩) નર્મદ સભાની એક્ઝિક્યુટિવ કમિટિના સભ્ય (જીવનપર્યંત)
(૪) મંત્રી - ઓજસ ચેરિટેબલ ટ્રસ્ટ - સૂરત (જીવનપર્યંત)
(૫) પ્રમુખ - શિશુ સહાય ટ્રસ્ટ - સૂરત (જીવનપર્યંત)

**સાહિત્યક્ષેત્રે પ્રદાન :**

(૧) સાહિત્યરંગ - ૧૯૫૭માં મુંબઈ રાજ્ય દ્વારા પુરષ્કૃત
(૨) ગદ્યરંગ - (બીજા સાથે)
(૩) સાહિત્યસ્વરૂપો
(૪) ત્રણ વિવેચનો
(૫) ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ - (બીજા સાથે)
(૬) ગુજરાતી જોડણીકોષ (બીજા સાથે)
(૭) કાન્હડે પ્રબંધ
(૮) અનુબોધ (ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ઈનામને પાત્ર ઠરેલ - ૧૯૮૩)
(૯) ઊંડા અંધારેથી - (ભાષાંતર)
(૧૦) ભારત અને અખંડ જગત - (ભાષાંતર)

• • •

# સદ્. કુંજવિહારી મહેતાને એક ભાવાંજલિ

કુંજવિહારી!
આપણે બન્ને શૈશવકાલે
એકબીજાના સુખના સાથી, કુંજવિહારી!
યૌવનકાલે આપણે બન્ને
ખૂબ ભણી ગણી
આપણી માની કૂખ ઉજાળી, કુંજવિહારી!
અલગ બન્યા પછી
આપણા રસ્તા –
શિક્ષણ ક્ષેત્રે આપણે બન્ને
ધૂણી ધખાવી, કુંજવિહારી!
આપની સુરતા (૧)ગુર્જરે ચમકી
(૨)નવશિખાએ હું વિરાજી
રાચતો સાંભળી સૂર તમારા
ગુંજી રહ્યા ગુર્જરવનરાજી, કુંજવિહારી!
આપના કારણે
મનને ભાવતી (૩)ભોમની માટી
મ્હેકવા લાગી શિક્ષણકુંજે, કુંજવિહારી!
ઝંખના જાગી
આપને મળવા આતુરતાથી; તેજ વેળાએ, કુંજવિહારી!
ક્ષરને છોડી અક્ષરદેહે ગયા વિરાજી, કુંજવિહારી!
આપણે બન્ને
ફરી મળીશું અક્ષરદેહે
એકબીજાના સૂર ઝીલીશું
સુરના આરે ફરી મળીશું
કુંજવિહારી!
ફરી બનીશું એક બીજાના
સુખના સાથી
કુંજવિહારી!

■ બેજન ન. દેસાઈ
(નાશિક)

---

*(૧) ગુજરાત (૨) નાશિકમાં (૩) નવસારી*

*શ્રી બેજન દેસાઈ મૂળ નવસારીના વતની અને મહેતા સાહેબના બાળપણના મિત્ર હતા.*

# સ્વ. કુંજવિહારી મહેતાને

ગજ ગજ ફૂલે છાતી માની એવા પૂત્ર પનોતા,
નવસારી નગરીના નાયક કુંજ વિહારી મહેતા.

કઠોર પણ કંઈ કૂણાં દિલમાં દર્દ સતત ઘેરાયું,
દીન, દુઃખી, બાળક સૌ માટે ઘાયલ મન ઊભરાયું,
દર્દના એ તોફાન એ એવું રૂપ અજબ કંઈ લીધું,
ધીરે પણ સામાન્ય જનોના હિત સુધી પથરાયું,

અલગારી, કર્તવ્યનિષ્ઠ સૌ એક અવાજે કહેતા,
નવસારી નગરીના નાયક કુંજ વિહારી મહેતા.

આખેઆખું જીવન કર્યું શિક્ષણ-ક્ષેત્રે અર્પણ,
સૂરતની ધરતીને આપ્યું એક અનોખું તર્પણ,
રંગબેરંગી ફૂલ ખીલ્યાં છે આજે કર્મઠ-ગાહે,
એ જ ખરું છે કાર્ય-ફાલનું અદ્ભુત નખ-શિખ દર્પણ,

મહેંકે છે ખુશહાલ એ ધરતી જ્યાં જ્યાં તેઓ રહેતા,
નવસારી નગરીના નાયક કુંજવિહારી મહેતા.

અનુબોધ, ઊંડા અંધારે, ગદ્ય રંગ, લઈ આવ્યા,
વિવેચનો, સાહિત્ય રંગથી જીવનભર રંગાયા,
કાન્હાડે પ્રબંધ લખી સંગાથ સહુનો લઈને,
અનુવાદ, સાહિત્ય, સ્વરૂપોથી જગમાં પંકાયા,

એવા એવા કંઈ ગ્રંથોના રંગ-રસિક પ્રણેતા,
નવસારી નગરીના નાયક કુંજવિહારી મહેતા.

■ **સાગર નવસારવી.**

# મારા એક સન્નિષ્ઠ મિત્ર : સ્વ. શ્રી કુંજવિહારી મહેતા

● ઉશનસ્

વયમાં મારાથી ત્રણેક વર્ષ નાના શ્રી કુંજવિહારી ચુ. મહેતા (જન્મ ૧૯૨૩) મૂળ નવસારીના; પણ એમની કારકિર્દીનો વિકાસ સૂરત શહેરમાં એ ૧૯૪૬માં એમ.ટી.બી આર્ટસ કોલેજમાં પ્રાધ્યાપક તરીકે જોડાયા ને પછી જ ખરેખરો થયો હોય એમ જણાય છે; નવસારીમાં ગાર્ડા કૉલેજ સ્થપાઇ ૧૯૪૫માં પણ ગમે તે કારણે કુંજવિહારીભાઇ એમાં જોડાયા નથી; ને હું ગાર્ડા કોલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે જોડાયો ૧૯૪૭માં તે પૂર્વે તો તે ૧૯૪૬માં સૂરત ચાલ્યા ગયા હતાં; એટલે નવસારી મુકામે અમારો ખાસ પરિચય થઇ શકયો ન હતો; બાકી, તે મારી જૈન સોસાયટીની નજીક પંડયા ખડકીમાં જ રહેતા હતા.

નહિ તો અમે બન્ને ૧૯૩૮ના મેટ્રિક, ૧૯૪૨ના ગ્રેજ્યુએટ ને ૧૯૪૫ના એમ.એ. (મુંબઇ યુનિવર્સિટી) હતા! ડૉ. સુરેશ હ. જોષી પણ તે અરસામાં જ નવસારી રહીને હાઇસ્કૂલમાં ભણતા હતા; સુરેશભાઇ અને કુંજવિહારીભાઇ ત્યારે મિત્ર હતા કે નહિ તે જાણવામાં નથી; પણ સુરેશભાઇ જોષી પણ - હું માનું છું કે - ૧૯૪૫ના જ મુંબઇ યુનિવર્સિટીના M.A. હતાં; બધાનોજ મુખ્ય વિષય ગુજરાતી હતો ને પછી અમે સૌ ગુજરાતીના પ્રાધ્યાપક પણ બન્યા હતા! એમ પણ જાણવા મળ્યું છે કે શ્રી કુંજવિહારીભાઇ થોડો સમય સૂરતની કે.પી.કોમર્સ કૉલેજમાં પણ પ્રાધ્યાપક રહ્યા હતા.

પછી તો શ્રી જયંત પાઠક પણ મુંબઇથી સૂરત એમ.ટી.બી. આર્ટસ કોલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક પદે નિમાયા હતા; જયંતભાઇ અને કુંજવિહારી બન્ને સૂરતમાં સાથે જ ભણ્યા હતા ને પછી સાથે જ ગુજરાતી ભણાવતા હતા ને ધાતીગર મહોલ્લામાં સાથે જ પડોશમાં રહેતા હતા. એટલે હું સૂરત આવું ત્યારે એ બન્નેને મળતો હતો ને એમ અમારી મૈત્રીનો વિકાસ થતો રહ્યો હતો. ગુજરાતીના પ્રોફેસર તરીકે પ્રો. કે. સી. મહેતા ઘણાજ લોકપ્રિય ગણાતા, તે જેટલું શીખવે તે બરાબર શીખવે વિચારોમાં સ્પષ્ટતા; અવાજ સ્વચ્છને મધુર અને આકર્ષક વ્યક્તિત્વ; થોડાં વર્ષો પછી તે એમ.ટી.બી આર્ટસ કૉલેજના આચાર્ય પદે આવ્યા ને એમની વહીવટદાર તરીકેની શક્તિઓ સોળે કળાએ ખીલી ઊઠી હતી; સૌનાં કામ કરવાં, વખત આવ્યે કડવા થઇને પણ નિર્ણય લેવા ને તેનો અમલ કરવો આવા ગુણોએ એમને સફળ આચાર્ય બનાવ્યા હતાં. રિસેસને વખતે અચૂક કોમનરૂમમાં આવે ને બધાં સાથે ચા પીવાનો એમનો આગ્રહ એમને પ્રોફેસર પ્રિય આચાર્ય તરીકે સ્થાપવામાં ઠીક ઉપયોગી નીવડયો હતો; ને તે સ્ટાફ સાથે એક સરસ વાર્તાલાપી નીવડ્યા હતા; ને આ બધા ગુણો થકી તે અનેક કૉલેજો ને હાઇસ્કૂલનું સંચાલન કરનાર સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના તે મંત્રીપદે નિમાઇ સરસ કામ કરી શકયા હતા; હું માનું છું કે પ્રો. કુંજવિહારીભાઇ મહેતા ગુજરાતીના ''અધ્યાપક સંઘ''ના પ્રમુખપદે સ્વીકારી શકાયા હોત; પણ કમનસીબે એ બનવા ન જ પામ્યું, એમના વખતમાં જ એમણે અધ્યાપકોનો એક સંઘ સ્થપાયો હતો તેમાં તે સક્રિયને દૃષ્ટિપૂત રીતે જોડાયા પણ હતા એવી મારી સ્મૃતિ છે.

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના મંત્રીપદે ને કૉલેજના આચાર્ય પદે રહી એમણે સૂરતના ''ગુજરાત મિત્ર'' અખબારમાં 'શિક્ષણ અને સંસ્કાર'ની વર્ષો સુધી કટાર ચલાવી હતી જે દ.ગુજરાતમાં ખૂબ લોકપ્રિય નીવડી હતી; કૉલેજમાં યુનિવર્સિટીના એમના બહોળા અનુભવે એમણે શિક્ષણના અનેક પ્રશ્નો એ કટારમાં છેડયા હતા; વિચારમાં સ્પષ્ટતા, પ્રવાહી ગુજરાતી ગદ્ય ને પ્રશ્નોનું મુદ્દાસર ને ઉચ્ચગ્રાહવાળું નિરૂપણ વગેરે કારણે પ્રા. મહેતા કયારેક વિવાદમાં પણ ઘસડાતા હતા ને ક્યારેક એમના વિશે ગેરસમજ પણ ફેલાઇ હતી; પણ એ બિલકુલ સ્વસ્થ રહી પ્રશ્નો ચલાવતા જ રહ્યાં. એમના મૃત્યુ પછી આ લખાણોમાંથી ચયન કરી એક લેખસંગ્રહ પણ પ્રગટ થયો છે ને એ અરસામાં કુલપતિપદનાં અનેક સંભવિત નામોમાં એમનું નામ પણ ચમકતું રહ્યું હતું: ધીમે ધીમે ને ક્રમેક્રમે તે સૂરત

શહેરના એક પ્રબુદ્ધ નાગરિક લેખે પંકાયા હતા. એમના મરણ પછી પ્રજા જીવનના સર્વ ક્ષેત્રોમાંથી લાંબાગાળા સુધી એમને જે શ્રદ્ધાંજલિઓ અપાતી રહી તે એમની લોકપ્રિયતાની સૂચક છે.

મારું 'પ્રસૂન' ૧૯૫૫માં પ્રગટ થયું તેની પ્રસ્તાવના મૂર્ધન્ય વિવેચક શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ લખી આપી એની પાછળ જયંત પાઠક અલબત્ત હતા; પણ તે પછી હું મુ. શ્રી વિષ્ણુભાઇના પરિચયમાં આવ્યો ને મેં જાણ્યું કે મુ. શ્રી વિષ્ણુભાઇ જેટલા એક સર્જક વિવેચક લેખે શ્રી જયંત પાઠકને ચાહતા હતા એટલા જ પ્રમાણમાં જગતના ઇતર ક્ષેત્રોના વ્યવહાર માટે તે શ્રી કુંજવિહારી મહેતાને ચાહતા હતા. દર બુધવારે શ્રી કુંજભાઇ મુ. શ્રી વિષ્ણુભાઇને અચૂક ઘરે જઇ એમને એમની નિવૃત્તિ પછીય મળવા જતા ને મુ. શ્રીના વ્યવહારના ઘણાં કામ-દવા દારુ વગેરેના પણ તે કરી આપતા હતા; આ ઉપક્રમ છેક સુધી રહ્યો હતો! મુ. શ્રીને કોઇ અગત્યના કામે અમદાવાદ જવાનું હતું; પણ મુ. શ્રી શારીરિક રીતે હવે વૃદ્ધ ને અશક્તિમાન હતા ને ૨૫ વર્ષ પછી સૂરત છોડતા હતા. છેવટે પ્રો. મહેતા જ સૂરતથી Car કરી એમને કોઇ હરકત ન પડે એમ એમની સાથે જ રહી છેક અમદાવાદ પહોંચાડી આવ્યા હતાં; એ બે વચ્ચેનો આવો શ્રદ્ધાપૂર્ણ ગુરુશિષ્ય ભાવ હતો, આ પછી તો હું પણ આ બન્નેના સહકારે મુ. શ્રી વિષ્ણુભાઇનો બહારથી એકલવ્ય જેવો શિષ્ય બન્યો હતો, ને મુ. શ્રી વિષ્ણુભાઇના મારા માટેના ભાવપૂર્ણ ને પ્રોત્સાહક શબ્દો એ જે સાંભળે તે મને જાણવા મળે ને હું ખરેખર ધન્ય થતો હતો.

૧૯૫૭માં હું નવસારી છોડી વલસાડની નવી કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે જોડાયો એટલે એમ.એ માટે મારું નવસારી કેન્દ્ર રહ્યું નહીં; એટલે પછી સુરત કેન્દ્રે બોલાવ્યો હતો. તેમાં પણ પ્રો. મહેતાનો હાથ હશે જ. એમને બધું કહી બતાવવાની ટેવ જ નહીં, સહજ ભાવે બધું કર્યા કરે. મારી પુત્રી ચિ. અલકા સૂરતની મેડિકલ કોલેજમાં દાખલ થઇ ત્યારે હોસ્ટેલ પ્રવેશ માટે શ્રી કુંજવિહારભાઇ જાતે જ મારી સાથે આવ્યા હતા ને હોસ્ટેલ પ્રવેશ મેળવી આપ્યો હતો, તે કેમ ભુલાય?

દ.ગૂ. યુનિ.ની સ્થાપના થઇ ત્યારે આર્ટસ ફેકલ્ટીના બે ચૂંટાયેલા સેનેટ ઉમેદવારો હતા શ્રી મહેતા અને હું; તેથી વારંવાર મળવાનું થતું. સેનેટમાં પ્રિ.શ્રી.મહેતા બોલવા જ્યારે ઊભા થતા ત્યારે તેમને સૌ માનપૂર્વક ને ધ્યાનપૂર્વક સાંભળતા. એજ સ્પષ્ટ વાણી ને સ્પષ્ટ અવાજ; મુદ્દાની સ્વસ્થ, સ્પષ્ટને સ્વચ્છ રજુઆત. નર્મદ સાહિત્ય સભામાં તો મુ. શ્રી વિષ્ણુભાઇ પ્રમુખ હતાં. પણ બીજું એક ગુજરાતી સાહિત્ય મંડળ એમણે સ્થાપ્યું હતું એમાં પણ એમણે મને બોલવા આમંત્ર્યો હતો; એમ મે પણ એમને વલસાડના સ્વ. શ્રી યજ્ઞેશ શુક્લ વ્યાખ્યાન માળામાં વ્યાખ્યાન માટે આમંત્ર્યા હતા ને એમનું બહુમાન કર્યું હતું. આમ અમારા સંબંધો છેક સુધી મધુર રહ્યાં હતા તેનો મને આનંદ છે; એમને મારી કવિતામાં ઊંડો રસ ને 'ભાઇપ્રત્યે' નામક મારા એક સૉનેટને તે વારંવાર યાદ કરતા હતા તેમાં એક પંક્તિ આવે છે. ''સમય એક માર્ગી ગલી'' જે તે વારંવાર બોલતા; ખરેખર સમય એ એકમાર્ગી ગલી જ છે. ત્યાંથી આગળ જઇ શકાય છે; પણ તે માર્ગે પાછા એની એજ સ્થિતિમાં આવી શકાતું નથી. એતો વિડંબના છે; પણ સ્મૃતિનો માર્ગતો ખુલ્લોજ છે એ માર્ગે તો પાછા પણ આવી શકાય છે; એ જાતનો જ આ નમ્ર લેખી પ્રયાસ ગણું છું.

• • •

# એક ગુરૂના વિદ્યાર્થી ને સાથી કુંજવિહારી

● જયંત પાઠક

મેટ્રિક થઈને હું ૧૯૩૮ના જૂનમાં સૂરતની એમ. ટી. બી. કૉલેજમાં વિનયનના પ્રથમ વર્ષમાં દાખલ થયો. ત્યારે વિનયન અને વિજ્ઞાન શાખાના મળીને કુલ ૬૨૦ વિદ્યાર્થીઓ હતા. અમારા પ્રથમ વર્ષ વિનયનના વર્ગમાં દસેક બહેનો હતી. સારી સ્થિતિના કહેવાય એવા વિદ્યાર્થી ત્યારે સાઈકલ વાપરતા; બાકીના પગપાળા કૉલેજમાં આવતા. બહેનો તો મોટેભાગે ચાલીને જ આવે. અધ્યાપકો, એક-બેના અપવાદ સાથે, કોટ, પેન્ટ, ટાઈ ને હેટ પહેરી સાઈકલ પર આવતા. ત્યારે ખાદીનો પ્રચાર સારો એટલે વિદ્યાર્થીઓ ઘણુંખરું ખાદીના પાયજામો કે પેન્ટ, ખમીસ ને કોટ પહેરતા.

અમારા મોટાભાગના વિષયોના વર્ગો ૧૪ નંબરના કમરામાં લેવાતા. કમરાની બહાર, લૉબીમાં, કઠેડાને અઢેલીને ઊભેલો એક વિદ્યાર્થી દેખાય છે. એણે કોટ-પાટલૂન, બૂટ-મોજાં પહેર્યાં છે, શરીરે એ પાતળો પણ સુડોળ ને ચહેરે નાજુક, નમણો, થોડો બાળક જેવો છે. ઝીણું જોઉં છું તો એના ગાલે ખંજન પણ દેખાય છે. અધ્યાપક ખંડમાંથી અધ્યાપક નીકળીને વર્ગ તરફ આવતાં દેખે એટલે એ વર્ગમાં આવે ને નિયત બેઠક ઉપર બેસી જાય. બીજા વિદ્યાર્થીઓ સાથે એ ઓછું બોલે છે - કદાચ બીજા વિદ્યાર્થીઓથી એ વયમાં નાનો, પંદરેક વર્ષનો એટલે સંકોચ અનુભવે છે. આ વિદ્યાર્થી તે નવસારીના કુંજવિહારી ચૂનીલાલ મહેતા-પ્રોફેસર કે. સી. મહેતા, મહેતા સાહેબ, કે. સી.

પોશાકે સુઘડ, સ્વભાવે ઓછાબોલા, ભણવામાં જ ધ્યાન રાખનારો આ વિદ્યાર્થી ગંભીર, શાણો ને ચોક્કસ ધ્યેયવાળો લાગે છે. હૉસ્ટેલના એના સાથીઓની મજાક-મશ્કરી એ મૂગો મૂગો સાંભળી લે છે, ને પોતાના અભ્યાસમાં હંમેશા વ્યસ્ત રહે છે. ઈન્ટરમાં પાસ થયા પછી એ બી. એ. માં મુખ્ય વિષય ગુજરાતી અને ગૌણ વિષય અંગ્રેજી લે છે. ગુજરાતીમાં ત્યારે ગુજરાતના બે મૂર્ધન્ય વિવેચકો અમને ભણાવેઃ પ્રો. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી અને પ્રો. વિજયરાય ક. વૈદ્ય. પોતાની વિદ્યાનિષ્ઠા, નિયમિતતા ને વિનયશીલતાથી ત્રિવેદી સાહેબનો એ પ્રિય વિદ્યાર્થી બની રહે છે. એમની વચ્ચે ધીમે ધીમે ઘરોબો બંધાય છે તે એવો કે પછી તો ત્રિવેદી સાહેબ 'હું એમને પુત્રવત્ ગણું છું' એમ કહેવામાં પોતાના વાત્સલ્યભાવની ધન્યતા ને સાર્થકતા માને છે. ગુજરાતી અને અંગ્રેજી સાથે એમ. એ. થઈને કુંજવિહારી ભાઈ માતૃ સંસ્થામાં જ અધ્યાપક તરીકે જોડાય છે ને છેવટે એમ. ટી. બી. કૉલેજના આચાર્ય ને સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના માનદ મંત્રી તરીકે આજીવન સેવક બની સેવા આપે છે. ૧૯૯૩ સુધી, અવસાન પર્યંત સોસાયટીને અનેક સ્તરે પોતાની સેવા આપનાર શ્રી કુંજવિહારી મહેતા સંસ્થાના એક મહત્વના, લગભગ અનિવાર્ય એવા અંગભૂત કાર્યકર બની રહે છે. સોસાયટીના વહીવટમાં ને વિકાસમાં એમનું પ્રદાન અધઝાઝેરું ગણાય એવું છે.

વિદ્યાર્થીઓમાં નિપુણ ને પ્રિય શિક્ષક તરીકે એમની નામના છેવટ સુધી રહી છે. ગુરુઓએ એમનામાં આરોપેલા વિશ્વાસને એમણે સાચો પાડ્યો છે ને એમની અપેક્ષાઓ પૂરી કરે છે. સારું ભણાવે છે, વિદ્યા-સંસ્થાઓમાં મહત્વનાં સ્થાન પોતાની કાર્યદક્ષતાથી શોભાવે છે, સાહિત્ય વિશેની એમની સમજ પ્રગટ કરતાં પુસ્તકો લખે છે ને અખબારોમાં સાહિત્ય, શિક્ષણ ને સંસ્કારના પ્રશ્નો વિશે પોતાની નિખાલસ ને સ્પષ્ટ વિચારણા આપી જાહેરજીવનમાં મહત્વના નાગરિક તરીકે પોતાને સ્થાપે છે.

શ્રી કુંજવિહારી મહેતાના બે-ત્રણ ગુણ મારા, ને કોઈના પણ, દિલમાં વસી જાય એવા હતા. એમનો પહેલો મોટો ગુણ તે સહાયકનો, પરગજુપણાનો. તેઓ સૌને મદદ કરવા હમેશાં તત્પર રહેતા. આવા જરૂરતમંદોમાં એમના સાથી અધ્યાપકો હોય, બીજા શિક્ષકો હોય, સંસ્થાના પટાવાળા હોય, વિદ્યાર્થીઓ હોય

ને રસ્તે જનારો અદનો આદમી પણ હોય - સૌને એ સાંભળે, માર્ગદર્શન આપે ને જરૂર પડે તો જાતે ઘસાઈને પણ એનું કામ કરી આપે. ગરીબો પ્રત્યેની હમદર્દી એ એમની સાથેની મારી નિકટતાનું ને એમના પ્રત્યેના મારા સદ્ભાવનું મોટું કારણ. પરગજુપણું એ એમનો મહાન ગુણ.

એમનો બીજો ગુણ તે કાર્યનિષ્ઠા. પોતાના કાર્યમાં એ નિયમિત ને પૂરી શક્તિ ખર્ચનારા. બુધ્ધિશાળી, ચતુર ને વ્યવહારદક્ષ એટલે એમને કોઈ બનાવી જાય એવું ભાગ્યે જ બને. કોઈ ઉમદા કાર્યમાં અવરોધ ઊભો કરનારની એ જાહેરમાં ખબર લઈ નાખે, એને ફાવવા ન દે. એમનું અધ્યાપનકાર્ય નિયમિત, વ્યવસ્થિત, એમાં ક્યાંય કશી ગરબડ નહીં. વિદ્યાર્થીઓને એ ક્યારેક કરડા-કડવા લાગે ખરા, પણ વિદ્યાર્થીઓ સાથેના એમના સંબંધો કાયમના ને અંગત સ્તરે પણ સઘન રહે. માણસને એ બરાબર ઓળખે ને એની શક્તિ-મર્યાદાનો ખ્યાલ એમને બરાબર હોય. જાહેર જીવનમાં, જાહેર સેવામાં, લખવામાં ને બોલવામાં કુંજવિહારીની નિયમિતતા, ચોકસાઈ ને ચોખ્ખાઈ એમની સફળતા ને સિધ્ધિના પાયા છે.

શ્રી કુંજવિહારીભાઈનો વિવેકગુણ પણ નોંધપાત્ર છે. એના વિકાસમાં અમારા ગુરુ શ્રી વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીનો ફાળો સૌથી વધારે હશે એમ માનવાનું મન થાય છે. કોઈ પણ પ્રશ્ન હોય, મહેતા સાહેબ એનો ઉકેલ પૂરા વિવેકથી કરે. જાહેર જીવનમાં વિરોધોનો સામનો કરવાનું પણ આવે. આવે સમયે એમને જે ઈષ્ટ તેને એ મક્કમતાથી વળગી રહે, પણ ક્યાં ઝૂકી જવું, ક્યાં નમતું જોખવું, સમાધાન કરવું, પોતાની વાત પડતી મૂકવી તે પણ એમને બરાબર આવડે. વિદ્યાર્થીઓ સાથેના, અધિકારીઓ સાથેના, પ્રતિષ્ઠિત નાગરિકો સાથેના વ્યવહારોને તેઓ પોતાની વિવેકબુધ્ધિથી સંભાળી-સાચવી લે ને વિરોધ વચ્ચે પણ પોતાની નાવને ધારેલા કાંઠે લાવે.

શ્રી કુંજવિહારી મહેતા સૂરતના ને દક્ષિણ ગુજરાતના એક કાબેલ, સંસ્કારી, સંવેદનશીલ ને જનહિતપરાયણ નાગરિક હતા. એમને આ પ્રદેશના વિવિધ સ્તરના નાગરિકો લાંબા સમય સુધી આભાર ભાવે સંભારશે.

• • •

## પ્રતિભાવ

સદ્ગત કુંજવિહારી મહેતા સાહેબને 'ઈન્દુમૌલિ' એના અંક દ્વારા શ્રદ્ધાંજલિ આપે છે એ અત્યંત ઉપયોગી વાત તમે કરી રહ્યા છો. આપણા સંસ્કાર સ્વામીઓને આમજ યાદ કરીને તેમની કર્મઠતા અને સ્તવશીલતા વારંવાર પ્રજા સમક્ષ લાવીને જ જનમાનસનું ઘડતર થઈ શકશે એમ હું માનું છું.

૨૦-૯-૯૭ • ચંદ્રકાંત પુરોહિત (સુરત)

# કુંજવિહારીભાઈ : દક્ષ તથા માનવતાપૂર્ણ વહીવટદાર

● રમણ પાઠક 'વાચસ્પતિ'

Vote and canvass
for
KUNJ C. MEHTA
as
Your debate secretary

સ્વ. શ્રી કુંજવિહારી મહેતાને મેં પહેલવહેલા ૧૯૪૦માં, લગભાગ જુલાઈના અરસામાં જોયા; તે ઉપર મુજબના ચૂંટણીપ્રચારના કાર્ડથી પ્રેરાઈને. પ્રસ્તુત નામ મને આકર્ષક લાગ્યું; એથી મિત્રોને મેં કહ્યું કે, 'મારે આ કુંજ સી. મહેતા જોવા છે' અને મિત્રોએ ચીંધ્યો, ઓફિસનાં પગથિયાં પાસેના સ્તંભને અઢેલીને ઊભેલો એક નમણો નાજુક યુવાન-જોતાં જ આંખમાં વસી જાય એવો રૂપાળો. ત્યારે કોને ખબર કે આ નાનકડી કાયમાં, વિરાટ સ્વપ્નો ઘૂઘવતાં હશે? ત્યારેય આંખથી મહેતા સાહેબ સ્વપ્નદ્રષ્ટા સમજાય. કોને ખબર હતી કે, એમ.ટી.બી. કૉલેજની એ જૂના સ્થાપત્યની જે ભવ્ય ઈમારતના સ્તંભે પોતાની કાય ટેકવી આ નાનકડો-રૂપકડો યુવાન ખડો છે એ જ ઈમારતના છત્ર હેઠળની વિદ્યાસંસ્થાનો તે શુભચક્રી શાસક તથા એની પ્રગતિ-સિદ્ધિનું એક મહત્વનું સોપાન બની રહેશે? જવાબ જાણીતો જ છે કે, શ્રી કે.સી. મહેતા પછીના ગાળામાં જીવનભર સાર્વજનિક એજ્યુ. સોસાયટીના ચેતનવંતા તેમજ દ્રષ્ટિવંતા મંત્રી રહ્યા અને એમ.ટી.બી. કૉલેજના આચાર્યપદેથી જ નિવૃત્ત થયા.

તેઓના નિવૃત્તિકાળે મેં મારી કટાર 'રમણભ્રમણ'-માં તેઓ વિશે લખતાં ઉપરનાં ચૂંટણીકાર્ડનો ઉલ્લેખ કરેલો; ત્યારે એક પોસ્ટકાર્ડ લખી, તેઓએ મને જણાવેલું કે, 'હજી મેં પ્રસ્તુત કાર્ડનો એક નમૂનો સાચવી રાખ્યો છે.' હું તેઓ વિશે ક્યાંય પણ જરા ઉચિત લખું, એટલે આમ તેઓની પહોંચ (એકનોલેજમેન્ટ) આવે જ; જ્યારે અનુચિત ટીકા હંમેશા ગળી જાય, મૌન જ સેવે. જો કે મનમાં જરૂર રાખે અને ઘણીવાર તેઓની લોકપ્રિય કટાર 'શિક્ષણ-સંસ્કારની સમસ્યાઓ'માં તેજીલો જવાબ પણ વાળે. જો કે મારી બાબતમાં, સુખદ અનુભવ છે કે, તઓએ મને હંમેશા ઉદારતાપૂર્વક માફ કર્યો છે અને મદદ પણ કરી જ છે. મનમાં યાદ અચૂક, પણ કડવાશ જરાય નહીં.

સ્વ. કે.સી. મહેતા ન તો મારા સહાધ્યાયી, ન મિત્ર ને ન તો અમારી વચ્ચે કોઈ એવો ગાઢ પરિચય. તેઓ કૉલેજમાં મારાથી બે વર્ષ આગળ. વળી અમારા સ્વભાવ વચ્ચે આભ-જમીનનું અંતર. તેઓને મારી રહનસહનના 'અસામાજિક' ઢંગ મુદ્દલે પસંદ નહીં : તેઓ એક વ્યવહારદક્ષ, વહીવટકુશળ, ઠરેલ, વિચારશીલ, પુરુષ; જ્યારે હું અદકપાંસળી ને સાવ ઠેકાણા વગરનો તોફાની જણ! છતાં મોંએથી તેઓએ ક્યારેય પોતાનો અણગમો વ્યક્ત કરી, મને અપમાનિત કર્યો નહીં! ગજબનાં ઉદારતા, સહનશીલતા તથા વિવેક-સંયમ તેઓએ કેળવેલાં!

'ગ્રહોય' કંઈક એવાજ પડેલા કે, મારે અનેક પ્રસંગે સ્વ. કુંજવિહારીભાઈની મદદની જરૂર પડી અને તેમણે અણગમો ભંડારીને પણ મને અચૂક સહાય કરી. જયંતભાઈ એટલે કે ડૉ. જયંત પાઠક કૉલેજમાં તેઓના સહ:પ્રાધ્યાપક અને મને ખ્યાલ છે ત્યાં સુધી, જયંતભાઈની આમન્યા તેઓએ જીવનભર જાળવી. મને મદદ કરવાની તત્પરતા પણ જયંતભાઈને કારણેજ, અર્થાત્ હું જયંતભાઈ મારફત જ મારી વિનંતિ પાઠવું. સ્વ. મહેતા સાહેબના નિવૃત્તિકાળે તેઓ વિશેના લખાણમાં મેં લખ્યું કે, 'ગેરકાયદેસર જણાતાં કામ કાયદેસર રીતે, કેવી રીતે પાર પાડવાં એ મહેતા સાહેબને બરાબર આવડે' જે વાંચીને તેઓ ખુશ થયેલા. ખરેખર તેઓ એવા અતિકુશળ વહીવટકર્તા હતા જ.

તો એ સંદર્ભે, તેઓના અમૂલ્ય ઉપકારોજ અત્રે સંક્ષેપમાં વર્ણવું : ૧૯૬૦માં અમે-હું અને સરોજ પાઠક સાવ બેકાર-નિરાધાર બનીને સુરત બંદરે ઊતર્યા : એટલે જ. ભાઈએ મહેતા સાહેબને વાત કરી કે, 'આ બેકારોને કંઈક બેસવાની ડાળ કરી આપો!' ત્યારે સરોજ ફક્ત

ઈન્ટર આર્ટસ પાસ, નોકરી માટે કોઈ ખાસ લાયકાત નહીં. પણ મહેતા સાહેબ જેઓનું નામ : અરજીમાંથી તેઓએ શોધ્યું કે, સરોજે હિંદીની કોવિદ પરીક્ષા પાસ કરી છે. અને તત્કાળ એને સાર્વ. સોસાયટી સંચાલિત હરિપુરા હાઈસ્કૂલમાં હિંદી-શિક્ષિકાની નોકરી તેઓએ આપી. અને એમ અમારી સાવ ડિરેઈલ્ડ ટ્રેન ઠીકઠીક પાટે ચઢાવી આપી. મને યાદ છે ત્યાં સુધી, એજ વર્ષમાં એમ.એ થવા માટે હું એમ.ટી.બી. કૉલેજમાં પણ જોડાયો; ત્યારે તેઓએ મને ફી-માફીય કરી આપેલી.... સરોજે પૂરાં ચાર વર્ષ સોસાયટીની ઉક્ત હાઈસ્કૂલમાં સેવા આપી. એ અનટ્રેઈન્ડ અને વળી સ્વભાવે બાલિકાવત્, છતાં કામ કડેડાટ ચાલ્યું; તે મહેતાસાહેબની ઉદાર નિગાહબાનીને જ આભારી.

પણ ગ્રહો એટલેથી જ છૂટ્યા નહીં : ૧૯૭૪માં વળી મારી પુત્રી ચિ. શર્વરી એ જ સોસાયટીની પી.ટી. સાયન્સ કૉલેજમાં પ્રાધ્યાપિકા બની; જ્યાં આજ પર્યંત એ છે. એની માંદગી, રજાઓ, પ્રસૂતિની રજા જેવા અનેક પ્રસંગોએ મૂંઝવણો ઊભી થાય અને સ્વ. કુંજવિહારીભાઈ એમની વહીવટી દક્ષતા વડે, અચૂક કંઈક કાયદેસરનો, નિયમસરનો ઉકેલ શોધીજ આપે. હુંય ૧૯૬૨થી દક્ષિણ ગુજરાતમાં જ ગુજરાતીનો પ્રાધ્યાપક બન્યો અને વળી જીવનભર 'હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ' તથા દ.ગુજરાત યુનિ. બન્યા બાદ, એની બોર્ડ ઓફ સ્ટડીઝનો સભ્ય તેમજ અમુક ગાળા માટે અધ્યક્ષ રહ્યો. મારી અવ્યવસ્થિત, ઉદાર (ઢીલી) તથા 'ગોટાળિયા' (કૌભાંડના અર્થમાં નહીં) નીતિરીતિ મહેતા સાહેબને મુદલે માફક નહીં. બીજી બાજુ, તેઓ યુનિવર્સિટીના સંચાલનના પણ પૂરા જાણકાર અને કડક વહીવટકર્તાય ખરા. એટલે વારંવાર ગૂંચો ઉદ્ભવે. છતાં મહેતા સાહેબ ક્યારેય મારી સામે મેદાને પડ્યા નહીં કે મારું અહિત થાય એવાં વાણી-વર્તન તેઓએ પ્રયોજ્યાં નહીં, હંમેશાં બચાવપક્ષમાં જ અડીખમ રહ્યા. એવું જ પરીક્ષાઓમાં પણ બને : અનેક પ્રસંગે અમે સહપરીક્ષકો હોઈએ, મારામાં 'જીવદયા' પણ અનુચિતત પ્રમાણમાં, એટલે વારંવાર મારે મહેતા સાહેબને કંઈક અરજ ગુજારવાની આવે, અને બહુધા તેઓ મારુ વચન રાખે જ; અલબત્ત, ગેરકાયદે હોય એવા મુદ્દાને કાયદેસરનો બનાવીને જ. જીવનભર ક્યારેક અમારા ગ્રહો 'વક્રી' થયા નહીં એનો લગભગ તમામ યશ સ્વ. કુંજવિહારી મહેતાને ફાળે, તેઓનાં ઉદારતા, સંયમ, સમજદારી તથા દક્ષતાને ફાળે જ જાય. ન કરવા જેવું કામ, તેઓ એક પણ શબ્દ કહ્યા વિના જ ન કરે, એટલે મારેય ચૂપચાપ સમજી લેવાનું.

આવું બધું જ કશાંય ગાઢ પરિચય કે મૈત્રી વિના જ, કેવળ માનવતાને નાતે, વિદ્યાર્થીકાળના સ્વલ્પ પરિચયને પ્રતાપે અને મહદંશે તો જયંતભાઈની આમન્યાને કારણે - બાકી આટઆટલી પરસ્પરતા છતાં, હું કદીય તેઓને નિકટતાથી મળ્યો નથી; આટલાં બધાં વર્ષ દરમિયાન, ભાગ્યે જ ચાર પાંચ વખત એમના ઘરે યા કાર્યાલયમાં મળવા ગયો હોઈશ; આટલા દીર્ઘ પરિચયકાળ દરમિયાન, અમે ભાગ્યેજ સો-બસો વાક્યોની મૌખિક આપ-લે કરી હશે. છતાં તેઓ ખાસ દિલથી મને જીવનભરનો ઋણી બનાવી ગયા; જેથી હું રળિયાત છું.

• • •

# એમનો એ અખબારી કટારનો શબ્દશઃ ધાક હતો

● ભગવતીકુમાર શર્મા

સ્વર્ગીય તંત્રી-પત્રકાર શ્રી કાલિદાસ શેલત સાથે સદ્ગત આચાર્ય શ્રી કુંજવિહારી મહેતા નિકટના સંપર્કમાં આવ્યા હતા. સ્વ. કાલિદાસભાઈના તંત્રીપદ હેઠળ ત્યારે સૂરતમાંથી 'પ્રતાપ' નામનું સાંધ્ય-દૈનિક ચાલતું હતું જે ચાળીસ-પચાસના દાયકામાં ખાસ્સું લોકપ્રિય હતું. સ્વ. કાલિદાસભાઈ પત્રકારત્વની 'સૌરાષ્ટ્ર' સ્કૂલના પત્રકાર અને વળી કવિ નાનાલાલના ભક્ત આથી તેમની પત્રકાર-ચર્ચામાં સ્વાભાવિક રીતે સાહિત્યનો રંગ ભળ્યો હતો અને તેમણે પોતાના 'પ્રતાપ' અખબારમાં સમાચારોની સાથોસાથ ઈતર સાહિત્ય-સમાજ-શિક્ષણરંગી વાચનસામગ્રી પણ વિપુલ માત્રામાં પીરસવા માંડી જે લોકપ્રિય નીવડી. સ્વ. કાલિદાસભાઈ કેટલીક વાર નાનાલાલીય ડોલન શૈલીમાં તંત્રીલેખો લખતા અને તે વાચકોનું સારું એવું ધ્યાન ખેંચી શકતા. આ કાલિદાસભાઈએ સ્વ. કુંજવિહારી મહેતાને 'પ્રતાપ'માં સાપ્તાહિક કટાર લખવાનું નિમંત્રણ આપ્યું અને ત્યારથી મહેતા સાહેબની અધ્યાપનપ્રવૃત્તિની સાથોસાથ અખબારી કટારલેખન પણ પ્રારંભાયું જે તેમના જીવનના અંતિમ શ્વાસ સુધી અવિરત ચાલતું રહ્યું.

મહેતાસાહેબ 'ગુજરાતમિત્ર'ના સંવર્ધક તંત્રી સ્વ. પ્રવીણકાન્ત રેશમવાળાના પણ ગાઢ પરિચયમાં આવ્યા અને એ પરિચય આજીવન મૈત્રીમાં પલટાયો. મહેતાસાહેબ અને પ્રવીણભાઈનાં કેટલાંયે મિલનો, ચર્ચાઓનો હું સાક્ષી રહ્યો છું. બંને સામાન્યપણે ધીરગંભીર સજ્જનો, પરંતુ પરસ્પરની હાજરીમાં એકદમ હળવા અને મોકળા થઈ શકતા. બંને એકબીજા પર હળવાશભર્યા ટીકાપ્રહારો પણ કરે અને પછી ખડખડાટ હસે. કટુતા ક્યાંય નહિ. મહેતાસાહેબ અંત સુધી રેશમવાળા પરિવારના અને 'ગુજરાતમિત્ર'ના આપ્તજન બની રહ્યા. આ આત્મીયતાને કારણે મહેતાસાહેબની સાપ્તાહિક કટાર 'પ્રતાપ'માંથી 'ગુજરાતમિત્ર'માં આવી અને છેવટ સુધી ત્યાંજ ટકી રહી. 'ગુજરાતમિત્ર'માં ધુરાવાહકો બદલાતા રહ્યા - પ્રવીણભાઈ, બટુકભાઈ દીક્ષિત વગેરે કાળદેવતાને આધીન થયા; અખબારી વિભાવનાઓ પણ બદલાઈ; સૂરતમાં નવાં અખબારો આવ્યાં, પરંતુ મહેતાસાહેબ અને 'ગુજરાતમિત્ર'નો સંબંધ અતૂટ રહ્યો. પ્રવીણભાઈ અને બટુકભાઈના નિધન પછી મહેતાસાહેબનું 'ગુજરાતમિત્ર'માં રૂબરૂ આવવાનું કંઈક ઘટ્યું. પહેલાં તો, મને યાદ છે કે એમ.ટી.બી. કૉલેજમાં રજા હોય એટલે સવારે સાડાદસ-અગિયારને સુમારે મહેતાસાહેબ, સ્વર્ગીય માણેક ગેઆરા, પ્રવીણભાઈ અને બટુકભાઈની મિજલસ જામે, હળવી-ગંભીર ચર્ચાઓ ચાલે, ચાના કપ ઠલવાય અને એમ કલાકેક પછી ડાયરો વિખરાય, વાતાવરણમાં ગુલાબી પ્રબુદ્ધતા પથરાઈ રહે. મહેતાસાહેબે 'ગુજરાતમિત્ર' સાથેનો આ ભાવસંબંધ અતૂટ રાખ્યો એટલું જ નહિ, તેને ભરતભાઈ રેશમવાળા, અવંતિકાબહેન, કેતકીબહેન, ચન્દ્રકાંત પુરોહિત અને મારા સુધી વિસ્તાર્યો. છેલ્લાં પચીસેક વર્ષમાં મહેતાસાહેબના સ્નેહ અને વાત્સલ્યનો ઘણો અભિષેક મારા પર થતો રહ્યો અને તે માટે હું સદ્ગતનો આજન્મ ઋણી રહીશ. મહેતા સાહેબ અચ્છા માણસપારખું હતા. એકવાર કોઈ માણસ અને તેનું કામ તેમના મનમાં જચી-વસી જાય તો પછી તેઓ તેના પ્રત્યેના ભાવને કદી કરમાવા ન દેતા. તેમની મનુષ્યપરખ ભાગ્યેજ ખોટી નીવડી હશે. જેમ તેઓ ઉત્કટ ગમા તેમ તીવ્ર અણગમાના માણસ પણ હતા. અણગમતી વ્યક્તિઓ પ્રત્યેની અરુચિને તેઓ કદી છુપાવતા નહિ. તેમાં પણ તેમની મનુષ્યપરખશક્તિ યથાર્થ ઠરતી. મને તેમના ગમાનો જ સતત અનુભવ થતો રહ્યો તેને હું મારુ સદ્ભાગ્ય લેખું છું. કોઈ વ્યક્તિ, તેનું કામ, ગુણો તેમને સ્પર્શી જાય તો પછી તેની પ્રશંસા કરવામાં તેઓ કદી દિલચોરી ન કરતા. ખુશામત તેમના સ્વભાવમાં મુદ્દલ નહોતી, પણ તેમનાં કેટલાંક અણનમ શ્રદ્ધાકેન્દ્રો હતાં અને તેનું તેમણે નિરંતર જતન-સંવર્ધન કર્યું. કડવું બોલી શકતા કુંજવિહારીભાઈ, કટાક્ષો કરવામાં પાછા ન પડતા. પરંતુ જ્યાં સ્નેહ-સદ્ભાવ ત્યાં તેઓ સફળતાથી ઓળઘોળ થઈ જતા.

આવા પરિપેક્ષમાં 'ગુજરાતમિત્ર'માંની તેમની 'શિક્ષણ-સંસ્કારની સમસ્યાઓ' એ સાપ્તાહિક કટારનો વિચાર કરવો જોઈએ. દર મંગળવારે અચૂક નિયમિતતાથી સાડાત્રણેક દાયકાઓ સુધી પ્રગટ થતી રહેલી એ કટાર પ્રારંભે તો મહેતાસાહેબ 'સમાલોચક'ના ઉપનામથી લખતા, પરંતુ આ 'સમાલોચક' તે કુંજવિહારી મહેતા જ એ વાત કાઈ ઝાઝી કે લાંબો સમય અછતી રહી શકી નહોતી. પછી મહેતાસાહેબે પ્રવિણભાઈ અને બટુકભાઈના આગ્રહથી એ કટાર ઉપનામને બદલે સાચા નામ સાથે જ લખવાનું નક્કી કર્યું, અને મને યાદ છે કે નામ સાથે તેમણે જે પહેલી કટાર લખી તેમાં તે વિશેની સ્પષ્ટતા પણ કરવામાં આવી હતી. મને આનંદ એ વાતનો છે કે મેં વર્ષો સુધી એ કટારનું પ્રૂફરીડિંગ, શીર્ષક-સજાવટ વગેરે હોંશેહોંશે કર્યું. નિયમિતતા અને શિસ્તપાલન એ મહેતાસાહેબના જીવનના અતિ આગવા ગુણો હતા. તેમાં કદી રજમાત્ર ચૂક થાય જ નહિ. તેમના આ ગુણોનો લાભ તેમની એ કટારને પણ મળ્યો હતો : એ અર્થમાં કે મંગળવારે સવારે 'ગુજરાતમિત્ર'માં પ્રગટ થનારી એમની કટાર માટેનું મેટર અચૂક શુક્ર કે શનિવારે મળી જ જાય. એમાં મીનમેખનો ફરક ન પડે. મહેતા સાહેબ ક્યારેય એમની કટાર લખવામાં ગુટલી મારી ગયા હોય, મેટર મોકલવામાં મોડા પડ્યા હોય એવું એકપણ વાર, ફરીથી લખું છું કે એકપણ વાર બન્યું નથી. કોઈક તહેવારને કારણે 'ગુજરાતમિત્ર'નો મંગળવારનો અંક બહાર ન પડ્યો હોય, પરિણામે મહેતા સાહેબની કટાર ન છપાઈ હોય તે જુદી વાત, પણ તે સિવાય તો મંગળવારનું 'ગુજરાતમિત્ર' અને 'શિક્ષણ-સંસ્કારની સમસ્યાઓ' પરસ્પરના પર્યાય બની ગયા હતાં - વર્ષોના વર્ષો સુધી. મહેતાસાહેબ ઘણું ખરું બ્રિટિશ ઈન્ફોર્મેશન સર્વિસની યાદીઓના કાગળોની પાછલી કોરી બાજુએ લખતા. એ કાગળો હંમેશા અડધેથી ફાડેલા હોય. ભૂરી સહી અને સુવાચ્ય અક્ષરોમાં મહેતા સાહેબનું લખાણ લખાયેલું હોય. આમાં પણ કોઈ મીનમેખ નહિ.

'શિક્ષણ-સંસ્કારની સમસ્યાઓ'ની કટાર ઘણી લોકપ્રિય હતી તે નિ:શંક છે. વાચકોનો એક વિશાળ વર્ગ મંગળવારના 'ગુજરાતમિત્ર'ની પ્રતીક્ષા કરતો. કારણ? મારું વિશ્લેષણ એ છે, કે ઉક્ત કૉલમ પર મહેતાસાહેબના વ્યક્તિત્વ અને વિચારસમૃદ્ધિની દૃઢ મુદ્રા અંકિત થયેલી હતી અને એ કૉલમે વાચકોનું આટલા બહોળા પ્રમાણમાં ધ્યાન ખેંચ્યું તેનું તે મુખ્ય કારણ હતું. કેવું હતું એ વ્યક્તિત્વ અને કેવીક હતી એ વિચારસમૃદ્ધિ? પહેલાં વ્યક્તિત્વનો વિચાર કરીએ: સ્પષ્ટભાષિતા, તડફડવૃત્તિ, સ્ટ્રેઈટફોરવર્ડનેસ, પારદર્શિતા- આ બધાં એમના વ્યક્તિત્વના પ્રમુખ લક્ષણો હતાં. એની છાયા એ કટારમાં પડતી. એમની વિચારસમૃદ્ધિમાં સમાજહિતની ઊંડી નિસબત, મિશનરીની ધગશ અને નિષ્ઠા, જે તે મુદ્દાની બારીક માહિતીસભર સૂઝ, તેનું વિશદ આકલન અને રચનાત્મક અભિગમ ઈત્યાદિ પ્રમુખ વાનાં હતાં, આ બંનેના સંમિશ્રણમાંથી એમની કટારનો પિંડ ઘડાતો રહ્યો. મહેતાસાહેબ ગદ્યલેખન પરત્વે ન તો શૈલીપટુ હતા કે ન શૈલીદાસ. શૈલીના ચમકારા વડે વાચક અંજાય જાય પણ પછી તેના હાથમાં ફીણના પરપોટાજ બચે તેવું તેમનું મુદ્દલ વલણ નહીં. તેઓ સાફસૂથરું, સંઘેડાઉતાર ગદ્ય લખતા જે તેમના વિચારોનું અસરકારક વાહન બને. પોતાના ગદ્ય પાસે આનાથી વિશેષ તેમને અપેક્ષા પણ નહોતી, છતાં ક્યારેક તેમની કલમ ગદ્યના અવનવાં પરિમાણો પણ અનાયાસ ખીલવી શકતી. જેમ કે સૂરતની એમ.ટી.બી. કૉલેજ વિશેનાં સંસ્મરણો વાગોળતી વખતે કે પોતાના વિદ્યાગુરુ સદ્‌ગત શ્રી વિષ્ણુંપ્રસાદ ત્રિવેદીને શ્રદ્ધાંજલિ અર્પતા લખાણોમાં મહેતા સાહેબની કલમ ભાવાનુભૂતિના પ્રદેશમાં પ્રવેશી કવિત્વરંગી બની શકી હતી જે મહેતા સાહેબના 'વજ્રાદપિકઠોરાણિ મૃદુનિ કુસુમાદપિ' જેવા અંતરંગની પરિચાલક પણ બની શકી હતી.

શિક્ષણના ક્ષેત્ર સાથે તેમનો રોજ-બરોજનો ઘરોબો હતો અને તેને વિશેની 'એ ટુ ઝેડ' જાણકારી તેમની આંગળીને ટેરવે રમતી રહેતી હતી. એ જાણકારીને વૈચારિક પુદ્‌ગળનું રૂપ આપવાની કળા તેમને સુસાધ્ય હતી, જેથી તેમના શિક્ષણવિષયક લખાણો વૈચારિક ભાથું બંધાવનારા નીવડતાં. શિક્ષણક્ષેત્રના પરિપ્રેક્ષથી તેઓ જેટલા ચિંતિત તેટલાજ આક્રોશયુક્ત રહેતા. પોતાની

એ બંને અનુભૂતિને વ્યક્ત કરવામાં તેઓ કદી શબ્દચોરી ન કરતા, ગોળ ગોળ લખવાનું તેમને કદી ન ફાવ્યું, એક ઘા અને બે કટકા એ તેમના લખાણોનો લક્ષણવિશેષ રહ્યો. આથી ક્યારેક સંબંધકર્તાઓને એ પ્રહારો વાગતા અને ખૂંચતાયે ખરા, પણ મહેતા સાહેબનો પ્રભાવ એટલો પ્રબળ અને એમનું સાચદિલપણું એટલું સદ્ધર કે તેમની સામે વિવાદ-વિરોધનો વંટોળ જગાવવાની ભાગ્યેજ કોઈ હિંમત કરી શકતું. લોકપ્રિય તો ઘણી કટારો હોય છે-નીવડે છે. વાચકોની ઉત્સુકતા જગાડનારી કટારો પણ કેટલીક હોય છે. તીવ્ર વિચારાન્દોલન અને સાથે જ વિવાદ-વંટોળ જગાડનારી કટાર પણ કોઈક કોઈક હોય છે, પરંતુ જેનો શબ્દશઃ ધાક હોય એવી મારા જોવા-વાંચવામાં તો આ એકજ કટાર આવી અને તે કુંજવિહારી મહેતાની 'શિક્ષણ-સંસ્કારની સમસ્યાઓ'. હું તો મહેતાસાહેબનો વિદ્યાર્થી કદી રહ્યો નથી, પરંતુ અનેક વ્યક્તિઓ પાસસેથી મેં સાંભળ્યું છે કે આચાર્યશ્રી કુંજવિહારી મહેતા કૉલેજના કેમ્પસ પર નીકળે અને સાથે તેમની આંખ ફરે અને હોઠ ભિડાય કે તરત તોફાનીમાં તોફાની વિદ્યાર્થીઓ પણ ધ્રૂજી જાય અને આઘાપાછા થઈ જાય. એવો એમનો કડપ હતો. બરાબર આવું જ તેમની આ કટાર પરત્વે બન્યું હતું. એ કટારનો દક્ષિણ ગુજરાતના શિક્ષણક્ષેત્ર પર એક ચોક્કસ પ્રકારનો કડપ હતો, પણ એ કડપના પાયામાં સાત્વિકતા, સાચદિલપણું અને નિઃસ્પૃહતા હતાં. કટાર દ્વારા કોઈ અંગત લાભ ઉઠાવવાનું કે પોતાનો જયજયકાર ગજાવવાનું તેમણે કદી કલ્પ્યું યે નહોતું, બાકી કટારોના એવા ઉપયોગનાં દૃષ્ટાંતો પણ હવે શોધવા જવું પડે તેમ નથી. સીધેસીધી લોકહિતની જ વાત. જનસાધારણના શ્રેય સાથે પ્રત્યક્ષ અને પ્રગાઢ નિસ્બતઃ આજ મહેતાસાહેબની કટારચર્ચાના ઉદ્દેશો. અને એ ઘણે અંશે ફળીભૂત થયા. કુંજવિહારી મહેતા વિશે એમ કહી શકાય કે તેઓ Deep Concern માણસ હતા. જીવનમાં તેમ સમાજમાં લઘરાપણું, અસ્તવ્યસ્તતા, શૈથિલ્ય ઈત્યાદિને તેઓ કદી સાંખી કે ચલાવી શકતા નહિ. તેમની કટારની પણ એજ ધાર હતીઃ શિક્ષણ, સમાજ, સંસ્કાર, સાહિત્ય- આદિ ક્ષેત્રોમાંથી જડતા નિરુદ્યમ, અનિયમિતતાઓ અતિરેકો, અવિવેક, નગુણાપણું, અશિસ્ત ઈત્યાદીનું ઉન્મૂલન કરવું. એ અર્થમાં એ એક પૂરેપૂરી હેતુલક્ષી, ધ્યેયનિષ્ઠ અખબારી કટાર હતી. તેમાં નિજાનન્દી સ્વૈરવિહારની લકઝરીને કશું સ્થાન નહતું. વાણીવિલાસને મહેતાસાહેબે કદી અભિપ્રેત ન લેખ્યો. હંમેશા મુદ્દાસરનું લખ્યું. અનાવશ્યક લંબાણનો પ્રશ્ન તેમની કટાર માટે કદી ઉદ્ભવ્યો જ નહિ. ક્યારેક વધારે પડતી અકળામણ ત્યાં વ્યક્ત થતી, પરંતુ તેના પર કાતર ચલાવવાનું તો અમે વિચારી જ ન શકીએ. ક્યારેક તેમના લખાણમાં આલોક કરતાં અગ્નિ વધારે અનુભવતો, પરંતુ તેની પાછળની તેમની નિષ્ઠા અને નિઃસ્પૃહતા તો સદૈવ શંકાથી પર રહેતી. સાચકલાઈ એ મહેતાસાહેબના જીવન તેમ લેખનનું પાયાનું તત્વ હતું.

કેટકેટલા વિષયો પર તેમણે લખ્યું! મૂળ નવસારી નિવાસી, પણ પછી સૂરતને જ તેમણે પાતોનું ઘર બનાવ્યું, પરંતુ સૂરતી જીવનનાં શૈથિલ્ય, પ્રમાદ વગેરેના તેઓ મુદ્દલ પ્રશંક ન હતા. સૂરત ભૌતિક વિકાસ સાધે તે સાથે તેની ગુણસંપત્તિ પણ વધે તેવી તેમને સતત ખેવના રહી અને એ ખેવનના બળે તેમણે સૂરત વિશે આક્રોશાત્મક સ્વરે ખાસ્સું લખ્યું. સંસ્થાઓ અને વ્યક્તિવિશેષો, ઘટનાવિશેષો અને પ્રશ્નવિશેષો વિશે તેમણે ઘણીવાર આક્રોશથી, તટસ્થતાથી, ક્યારેક લાગણીના પ્રવાહમાં ઝબોળાઈને વર્ષો સુધી લખ્યું. અખબારી પરિપ્રેક્ષ્ય હોવાને કારણે તેમાં પ્રાસંગિકતા, સમસામયિકતા તો હોય જ, પરંતુ એ મર્યાદાને અતિક્રમીનેય તેમણે વારંવાર દીર્ઘજીવી, સત્વશીલ લેખન કર્યું અને એ જ તેમની કટારચર્ચાની મોટી નિષ્પત્તિ છે, ક્ષણ અને સમયના દીર્ઘ પરિમાણ, ઉભયને તેમણે પોતાના શબ્દ દ્વારા પૂરી નિસ્બતથી ભોગવ્યાં.

• • •

# કે. સી. એક મિત્રની નજરે

● ચંદ્રકાન્ત પંડ્યા

''દક્ષિણ ગુજરાતમાં અને વિશેષ કરીને નવસારીમાં તમને આટલા બધા જાણીતા કોણે કર્યા!'' એવું કોઇ મને પૂછે તો ક્ષણનો પણ ખચકાટ કર્યા વિના હું કહું કે, મહેતા સાહેબે. મહેતા સાહેબ એટલે સૂરતા એમ.ટી.બી. કૉલેજના આચાર્ય કુંજવિહારી મહેતા.

૧૯૪૯માં હું ધરમપુરથી નવસારી આવ્યો ત્યારે કવિ ઉશનસ્ સિવાય હું કોઇને ઓળખું નહિ. રોજ સાંજે ઉશનસ્ અને હું ફરવા જઇએ ત્યારે રસ્તામાં પંડ્યા ખડકીમાં મહેતા સાહેબનું ઘર આવે ત્યાં જઇએ. મહેતા સાહેબ ત્યારે સૂરતથી નવસારી આવજા કરે. જો કોઇ દિવસ મહેતા સાહેબનું આવવાનું મોડું થયું હોય તો એમના બા માળ ઉપરથી બારીમાંથી ડોકિયું કરી દીકરાની પ્રતીક્ષા કરે અને અમને પૂછે ''હજી બચુ કેમ ન આવ્યો!'' મહેતા સાહેબનું નવસારીનું લાડકું નામ બચુ. મહેતા સાહેબ સૂરત ગયા તે પહેલાં નવસારી હાઇસ્કૂલમાં શિક્ષક હતા. નોકરી કરતાં કરતાં તેઓ એમ.એ. થયાં પછી નવસારી હાઇસ્કૂલના આચાર્યને એમણે પગાર વધારા માટે માંગણી કરી. શાળાના આચાર્ય ઇશ્વરલાલ નાયકે કહ્યું કે અમારે તો બી.એ. અને એમ.એ. બન્ને સરખા. એમ.એ. થઇને તમે શું વધારે ભણાવવાના? આ શબ્દો મહેતા સાહેબને હાડોહાડ લાગી ગયા. પરિણામે એમને સૂરત કોલેજમાં પ્રાધ્યાપકની નોકરી મળી. છતાં વૃદ્ધ વિધવા માતાને કારણે એમણે નવસારી છોડયું નહિ. અને જયાં સુધી બા જીવ્યા ત્યાં સુધી સૂરત નવસારી વચ્ચે આવ-જા કરી. એ ગાળામાં અમારા મૈત્રી સંબંધો વધુ ગાંઢ બન્યા. શનિ-રવિ અને રજાઓમાં કે.સી., ઉશનસ્, મોરારજી પટેલ, પ્રો. જયંત જોષી. રામપ્રસાદ ભટ્ટ સૂકાઈ ગયેલા દૂધિયા તળાવમાં બેસતા. મોટે ભાગે શિક્ષણ, કૉલેજ કે સાહિત્યની વાતો અમારી વચ્ચે થતી. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને માટે કે.સીને ભારે આદર. એક ગુરુ તરીકે એમનાં બધાં જ કામો કરવા એ મહેતા સાહેબનો નિત્યક્રમ થઇ ગયો હતો.

૧૯૬૫માં મારું પહેલું પુસ્તક 'જવાળા અને જયોત''નામે પ્રસિદ્ધ થયું. મહેતા સાહેબે એ પુસ્તકની પ્રસંશા સાથે કેટલાંક સૂચનો પણ કર્યા. મુ. વિષ્ણુભાઇને એ પુસ્તક, એની શૈલી બહુ ગમેલી એ વાત મહેતા સાહેબે મને કરી સાથે પુસ્તકનું શીર્ષક બીજી આવૃત્તિમાં બદલવું એવું સૂચન વિષ્ણુભાઇએ કર્યું છે એ સંદેશો મને મોકલ્યો છે એમ જણાવ્યું. પછી બીજી આવૃત્તિમાં ''જવાલા અને જયોત'' પુસ્તક ''બાનો ભીખુ'' નામે પ્રસિદ્ધ થયું તે પહેલા એનું પ્રૂફરીડિંગ મહેતા સાહેબે કરી કેટલાક સુધારા કર્યા હતાં.

૧૯૬૮ના ગાળામાં મહેતા સાહેબ ''ગુજરાત-મિત્ર''ના તંત્રી શ્રી પ્રવીણકાંત રેશમવાળા સાથે મારા ઘેર આવ્યા અને મને ''ગુજરાતમિત્ર''માં ''નવસારીનો પત્ર'' અને દૈનિક સમાચાર મોકલવાની જવાબદારી સોંપી. ''નવસારીનો પત્ર'' એને નવસારી ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં સારી એવી પ્રતિષ્ઠા મળી અને એ રીતે હું નવસારી અને દક્ષિણ ગુજરાતમાં જાણીતો થયો તે મહેતા સાહેબને પ્રતાપે.

પત્રકારત્વ, રેડક્રોસ, લલિતકલા અને બીજી જાહેર પ્રવૃત્તિઓમાં પછી તો હું ગળાડૂબ રહેતો. નવસારીના રાજકીય આગેવાનો શ્રી સુલેમાન ઉનિયા, સી.ડી.પટેલ, મહેશ કોઠારી વગેરેનો અડ્ડો મારું ઘર બન્યું હતું. રાજકારણની સારી-નબળી વાતો મારા ઘરમાં ચાલતી આ બધાથી મહેતા સાહેબ વાકેફ. એ મારા કરતા વયમાં ત્રણેક વર્ષ નાના છતાં એ જ્ઞાનવૃદ્ધ. વિચાર-વ્યવહારની પ્રૌઢી ધરાવતા ઠરેલ અને મિતભાષી વડીલ ની જેમ; ''હવે આ બધી પંચાત છોડો અને કંઇક લખો'' એવી શીખ આપતા અને કયારેક મને ઠપકારતા પણ ખરા. ગામ પંચાતની મારા વિરુદ્ધની ફરિયાદો મારી પત્ની કે મારા સંતાનો કરતાં ત્યારે નવસારી આવે ત્યારે મારો ઉધડો લેતા. આમ મહેતા સાહેબ સાથે અમારો સંબંધ કૌટુંબિક જેવો ઘનિષ્ઠ બનતો ગયો.

મારા મોટા દીકરા સતીશ બી.એ. થયા બાદ મફતલાલ મિલ્સમાં નોકરીએ લાગ્યો હતો. એ નોકરી એને ગમતી નહોતી. સતીશ સ્વતંત્ર મિજાજનો. એણે એમ.એ., એલએલ.બી. થઇને વકીલાત કરવી હતી એટલે મફતલાલની નોકરી એણે છોડી દીધી એ મહેતા સાહેબે જાણ્યું ત્યારે સૂરતમાં કડીવાળા હાઇસ્કૂલમાં

શિક્ષકની નોકરી સાથે એમ.એ. અને એલએલ.બી. કરવાની સગવડ મહેતા સાહેબે કરી આપી.

મુશ્કેલીમાં મદદ કરવાનો મહેતા સાહેબનો સ્વભાવ. મારી નાની દીકરી ભાવનાને છાતીમાં દુખાવાની ફરિયાદ હતી એટલે મહેતા સાહેબે સૂરતના જાણીતા ડૉ. આર. કે. દેસાઇને મળી ભાવનાની નિદાન ચિકિત્સાની વ્યવસ્થા કરી. સારું હતું કે માત્ર જૂની ખાંસી છે એવું નિદાન થતાં અમને નિરાંત થઇ.

મારી મોટી દીકરી સૂરતમાં એમ.એ. નો અભ્યાસ કરતી હતી. એકવાર કૉલેજના વાર્ષિક મેળાવડામાં સુચેતાએ પાર્શ્વગાયિકા તરીકે ગાવાનું હતું. ત્યારે શ્રોતાગણમાં બેઠેલાં આર. કે. દેસાઇએ કે.સી.ને એના મધૂર કંઠના વખાણ કર્યા ત્યારે કે. સી.એ કહ્યું કે એ છોકરી મારા મિત્રની દીકરી છે એવો પરિચય આપ્યો તો ખરો પણ કાર્યક્રમ બાદ બે દિવસ પછી મહેતા સાહેબ મારા ઘરે આવી મને ઠપકો આપતાં કહે તમે તો બાપ છો કે કોણ? સુચેતા આટલું સરસ ગાય છે એને સંગીતની વિશિષ્ટ તાલીમ મળે એ માટે તમે કંઇ ન કર્યું! પછી સૂરતના જાણીતા સંગીતાચાર્ય મુ. મહાદેવ શાસ્ત્રીને ત્યાં શાસ્ત્રીય સંગીતની તાલીમ મળે એવી ગોઠવણી મહેતા સાહેબે કરી આપી. નવસારીમાં સતીશે વકીલાત માટે નવી ઑફિસ શરૂ કરી, મારા નાના દીકરા સુધીરને ત્યાં પુત્રનો જન્મ થયો, એ વાત એમણે બહારથી જાણી. મહેતા સાહેબનો ઠપકો આપતો પત્ર આવ્યો. ''નવસારીમાંથી મારો કાંકરો કાઢી નાખ્યો તો નથી ને!'' નવસારી માટે એમને અપાર મમતા હતી ગમે તે પ્રસંગે બોલાવે તો એ હાજર.

સૂરત ગયા પછી મહેતા સાહેબના વ્યક્તિત્વનો બહુ વિકાસ થયો. શિક્ષણશાસ્ત્રી, સમાજચિંતક, સમાજસેવક, નીડર પત્રકાર, ઉત્તમ વહીવટકર્તા એમ બહુ આયામી એમનું વ્યક્તિત્વ હતું. મને અનેકવાર ઠપકો આપનાર મહેતા સાહેબને શિક્ષક તરીકે નિવૃત્ત થયા બાદ મે નવસારી રેડક્રોસના કોઇ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે નિમંત્રણ આપ્યું હતું. રેડક્રોસની રક્તદાન પ્રવૃત્તિ, બાળ પુસ્તકાલય, યોગાસન વગેરે પ્રવૃત્તિથી પ્રભાવિત થઇ એમણે મારી પ્રશંસા કરતો એક લેખ ''ગુજરાતમિત્ર''માં ''શિક્ષણ અને સંસ્કારની સમસ્યા'' વિભાગમાં લખ્યો. માણસે નિવૃત્ત થયા બાદ કોઇને કોઇ સામાજિક સેવાની પ્રવૃત્તિ કરવી જોઇએ જેથી જિંદગીમાં ખાલીપો ન લાગે એ જોવું હોય તો નવસારીમાં એક નિવૃત્ત શિક્ષકે કેવી કેવી પ્રવૃત્તિઓ ઉપાડી છે તે આજે ભારે માર્ગદર્શન આપનારી છે.''

મહેતા સાહેબે એમના અંગત મિત્રો સિવાય નવસારીના એક વિધવાના મેટ્રિક પાસ દીકરાને નવસારીમાં નોકરી અપાવી. નવસારીના કેંટલાય વિદ્યાર્થીઓને કૉલેજ પ્રવેશ માટે એમણે મદદ કરી. એમની નવસારીની જૂની મજૂરણના દીકરાને નિસ્પૃહ ભાવે મદદ કરી. અનેક ગરીબોને વિના મૂલ્યે સારવાર મળે એવી ભલામણ તેઓ કરતા. આવી અંગત વાતો હું પાનાં ભરીને લખી શકું છું. મહેતા સાહેબ સાચા અર્થમાં માનવતાવાદી હતાં. સારા માણસ હતા.

સરકારે મહેતા સાહેબની શક્તિની કદર કરી નથી. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિપદ માટે સંપૂર્ણ લાયકાત ધરાવતા. એક વાર ધારાસભ્ય સુલેમાન ઉનિયા અને હું ત્યારના ગુજરાતના મુખ્યમંત્રી માધવસિંહે સૉલકીને સૂરત સર્કીટ હાઉસમાં મહેતા સાહેબને કુલપતિ બનાવો એવી ભલામણો કરવા ગયેલા ત્યાં ઝીણાભાઇ દરજી પણ બેઠા હતાં. માધવસિંહ તો એમની રાજકારણની ભાષામાં કહ્યું કે કોઇ યુવાન માણસ બતાવો. ત્યારે ઝીણાભાઇ દરજીએ કહ્યું કે અમારી સરકારની નીતિની નિંદા કરે એવી વ્યક્તિ અમને ન ખપે. અમને તો કોઇ કહ્યાગરો માણસ જોઇએ. રાજકીય પોસ્ટ ઉપર નિમણુંક થાય છતાં જે સાચું હોય સરકારના વિરુદ્ધ હોય તે નીડર પણે લખતા. એ કારણે કોઇ પૉલિટિકલ પોસ્ટથી તેઓ વંચિત રહ્યા. પણ એથી એમણે પોતાના સિદ્ધાંત સાથે કદી બાંધછોડ કરી નથી.

ગુજરાતી અને અંગ્રેજી સાહિત્ય ઉપરનું એમનું પ્રભુત્વ અદ્‌ભુત હતું. ગુજરાતી કે અંગ્રેજી ભાષાનો કોઇ પ્રયોગ ખોટો હોય અને મહેતા સાહેબની નજર પડે કે તરત એમની ''ગુજરાતમિત્ર''ની કોલમમાં ટકોર કરતા. આવા એક ચિંતક, શિક્ષણશાસ્ત્રી વિવેચક મારા મિત્ર હતા એ મારે મન ગૌરવની વાત છે. આજે મહેતા સાહેબ તો નથી પરંતુ એમનાં પત્ની લીલાબહેન, દીકરો કશ્યપ, દીકરી સ્વાતિ અમારા કુટુંબ સાથે એટલો જ પ્રેમ રાખે છે.

• • •

# મૈત્રીની એ ઘેઘૂર ઘટા

● હિમાંશી શેલત

'Friendship is a Sheltering tree...'

મહેતા સાહેબને આ કાવ્યપંક્તિ ખૂબ પ્રિય હતી. એનું રટણ કરવામાં એમને આનંદ આવતો. એમની મૈત્રી પણ એ પંક્તિમાં વર્ણવી છે એવી જ હતી, ઘટાદાર શીળા વૃક્ષ જેવી રક્ષણ આપતી, ટાઢક આપતી, પ્રસન્નકર.

આમ તો મહેતા સાહેબનું વ્યક્તિત્વ એમની નજીક જવા ઈચ્છતી વ્યક્તિ માટે બહુ પ્રોત્સાહક નહિ એવું ગણાય. અંગ્રેજીમાં જેને 'ફરૂબિડિંગ' કહેવાય તે લક્ષણ એમને માટે પ્રયોજી શકાય. વળી એ કંઈ મહેફિલના કે બહોળા મિત્રમંડળના માણસ નહોતા. એમનો સંપર્ક સાધવામાં ઘણાંને ખંચકાટનો ભાવ અનુભવતા જોયા છે. પણ પાછી એ યે વિચિત્રતા, કે છેક નાનાં અને સાવ સામાન્ય માણસો એમની પાસે બેધડક જઈ શકતા. ભીડ પડે ત્યારે ગમે તે માણસ એમને સંભારી શકે, એમને ઘેર પહોંચી શકે, ઑફિસમાં ઊભો રહી શકે, દુઃખની દાસ્તાન કાગળમાં લખી પહોંચાડી શકે, ફોન કરી શકે. અને આ સઘળું એ પૂરી ખાતરી રાખી કરી શકે કે એની વાત સામે પક્ષે બરોબર સમજાશે, એની પીડાનું નિવારણ થશે જ થશે.મહેતા સાહેબની સહૃદયતા અને નિસ્બતે એમની પાસે જાતજાતનાં કામો કરાવ્યાં છે, એ જાણનારાં સહુ જાણે છે. એક વિશાળ અર્થમાં મહેતા સાહેબ માનવ-મિત્ર હતા, છતાં એમના અંતરંગ મિત્રો બહુ ઓછા હતા. અંગત વાતો વહેંચવા માટે, હૃદય ઠાલવવા માટે, વહીવટી જવાબદારીઓની તલવારની ધાર પર ચાલવા જેવી કપરી કામગીરીની તાણને હળવી કરવા માટે એમની પાસે ગણ્યાંગાંઠ્યાં સ્થાન જ હતાં.

કોઈ એક જમાનામાં 'ગુજરાતમિત્ર'ના તંત્રી સદ્‌ગત પ્રવીણકાન્ત રેશમવાળા કે ગુલાબી મિજાજના પારસી સજ્જન માણેકશા ગેઆરા સાથે મહેતા સાહેબને જાતજાતની ચર્ચા કરતા અને હળવા મને હસતા જોયા છે. એમાં કદાચ ગેઆરા સાહેબની લાક્ષણિક પારસી રમૂજનો ફાળો હોવાની સંભાવના નકારી ન શકાય. પરંતુ ડૉ. આર. કે. દેસાઈ અને મહેતા સાહેબની મૈત્રી બધી રીતે-ભાતે વિશિષ્ટ હતી.

સાર્વજનિક ઍજ્યુકેશન સોસાયટીના આ બંને દક્ષ વહીવટકર્તા, બંને અસાધારણ ગ્રહણશક્તિ ધરાવતા પ્રભાવક હોદ્દેદારો, બંનેને પરસ્પર ભારે આદર અને સ્નેહ. આવો હતો એ મૈત્રીનો પાયો. પણ એમાંથી જે સંબંધ પાંગર્યો એ એવો તો ગાઢ અને ઉષ્માપૂર્ણ હતો, કે એનો અંદાજ એમની છેક નિકટની વ્યક્તિઓને જ આવી શકે. આ મૈત્રી એવા બે જીવ વચ્ચેની હતી જે પળેપળનો હિસાબ આપવાની વૃત્તિ રાખે, બેય કામમાં ગળાડૂબ, એટલે મિત્ર જોડે નિરાંતે વાતો કર્યા કરવી, નાટક-સંગીતના જલસા માણવા, વિવિધ સ્થળોએ ફરવા જવાનું ગોઠવવું, એવી એવી બાબતોનો અહીં સમાવેશ નહોતો થતો. ટૂંકમાં મૈત્રીના સર્વપરિચિત ચિત્રમાં આ વિલક્ષણ જોડીને ગોઠવી ન દેવાય.

- પણ અઠવાડિયે બે ત્રણ વાર અવશ્ય મળતા ડૉ. આર કે. દેસાઈ અને મહેતા સાહેબ જ્ઞાનવિજ્ઞાનની રસપ્રદ માહિતીની આપ-લે કરવામાં, સમાજ, કેળવણી અને રાજકારણના મહત્ત્વના બનાવોની ચર્ચા કરવામાં, 'ઓજસ ટ્રસ્ટ' કે 'શિશુ સહાય' જેવી સેવા સંસ્થાઓને કાર્યક્ષમ રાખી એની અનેકવિધ શક્યતાઓને તાગવામાં ભારે ઉત્સાહી રહેતા. અંગત કે પારિવારિક સમસ્યાઓમાં એકમેકને પડખે સતત ખડા રહેતા આ વિચક્ષણ મિત્રોએ ભાગ્યેજ પોતાની મૈત્રીનો દેખાડો કર્યો હશે. ડૉ. આર. કે. ના ઘેરા, ઘટ્ટ અવાજમાં મહેતા સાહેબ માટેનું ભાવભર્યું 'કે.સી.' સંબોધન એવું શોભતું કે બીજી કોઈ પાસેથી આ જ સંબોધન સાંભળવા મળે તો જરા કઠે!

આ બંને મિત્રોની ચર્ચાનું સ્તર ઊંચું, પણ એમાંથી ઉદ્‌ભવતા વિચારો બહુધા સમાજલક્ષી રહેતા. અને મહેતા સાહેબનું એક નોંધપાત્ર લક્ષણ હતું ઉત્તમ વિચારોને નક્કર રૂપ આપવાનું. તુક્કા-તરંગમાં એ રાચે નહિ. સતત મથામણ અને પ્રચંડ પુરુષાર્થનો માર્ગ લઈને એ જનસમુદાયને શ્રેયકારી હોય તેવાં કાર્યોમાં ઝંપલાવવાનું પસંદ કરે. મહેતા સાહેબના મૈત્રીભાવનો

જ આ વિસ્તાર હતો. તેથી જ કશી ગણતરી વિનાનાં, કેવળ સદ્‌ભાવ અને નિસ્બતથી પ્રેરાયેલા એમના સત્કાર્યની સુગંધ પ્રસરતી રહેતી. હિસાબથી પર રહેતો એમનો ઉમદા મૈત્રીભાવ સમાજના મોભીઓ, વગદાર અધિકારીઓ, પ્રતિભાવંત બુદ્ધિજીવીઓથી માંડી અદના અને છેક છેવાડે ઊભેલા સામાન્ય જન સુધી પહોંચતો. લગભગ બધાંને એમ થતું કે એમની વાત એમણે કોઈ આપ્તજનને પહોંચાડી છે. સામી વ્યક્તિમાં આવો ભરોસો પેદા કરી શકવાનું અદ્‌ભુત સામર્થ્ય મહેતા સાહેબમાં હતું.

ઉત્તમ મિત્રનું એક એવું લક્ષણ છે જે મળવું સુલભ નથી. એ છે સ્પષ્ટ વકતૃત્વ. મિત્રાચારીમાં સારું દેખાડવાની નબળાઈને માટો ભાગે સ્વીકારી લેવામાં આવે છે. મહેતા સાહેબ એમને જે સાચુ લાગે તે કહી શકતા, સાફ સાફ કહી શકતા. એવે ટાણે કોઈને છાવરવાનું, અંગત સંબંધ સાચવી લેવાનું એમનું વલણ નહોતું રહેતું. પરસ્પર પ્રશંસાને આધારે કેટલીક મૈત્રી વધુ મજબૂત બને, એવું યે મહેતા સાહેબને ન ફાવે. બિનજરૂરી પ્રશંસા કરવી કે મેળવવી-બંને એમને અરુચિકર લાગતાં. જાહેર જીવનમાં રહેલા અને ઊંચા સ્થાનને શોભવતા મહેતા સાહેબ સ્વભાવે અત્યંત સંકોચશીલ હતા. માથું ખોસીને આગળ જનારા વર્ગથી છેક સામી બાજુએ, એટલે એમને નિત્રો બનાવતા પણ વાર લાગતી. એ ખૂબ સંવેદનશીલ, પણ લાગણીઓનું પ્રદર્શન એમને ફાવે નહિ. એમાં અપવાદરૂપ થોડી ઘટનાઓ : એમ.ટી.બી.માંથી વિદાય લીધી એ દિવસ, અને ડૉ. આર.કે. દેસાઈનું પરદેશમાં થયેલું સાવ અણધાર્યું અવસાન. ડૉ. આર. કે. ને ગુમાવ્યાનો વિષાદ એમની વાતચીતમાં, એમના ખિન્ન હાસ્યમાં, અને કોઈ ચર્ચા દરમિયાન એકદમ આવી પડતા એમના ભારેખમ મૌનમાં ઊપસી આવતો. મોટી ખુરશી પર બેઠેલી બહુ ઓછી વ્યક્તિઓ મૈત્રીનું મૂલ્ય જાળવી શકે છે. મહેતા સાહેબ માટે એ સહજ હતું. એમના પર આધાર રાખીને બેઠેલા મિત્રો માટે એ ઘણું ઘણું હોડમાં મૂકી શકતા. નિર્ભીકતા તો એમના લોહીમાં ભળેલી. સંબંધો જાળવવામાં ક્યાક અંગત નુકશાન થાય એવું ચોખ્ખું દેખાતું હોય, પ્રતિષ્ઠાને ધક્કો પહોંચે એમ જણાતું હોય, તો યે એ મૈત્રીમાં ટકી રહેવાનું ગૌરવ જ સત્કારતા. સંબંધ બાંધવા સહેલા છે, એની માવજત કરી એને ટકાવવા જ અઘરા છે, એમ એ માનતા અને કહેતા. પોતપોતાના ટચૂકડા વર્તુળમાં જ ફરતા અથવા એટલું યે ભારે પડે તો માત્ર કુટુંબની પળોજણમાં જ ડૂબોડૂબ રહેતા, સતત પોતાની જરૂરિયાતની પૂર્તિમાં જ લથબથ એવા વર્ગને મહેતા સાહેબની મૈત્રીની બાથ કેટલી મોટી હતી એ સમજાય તો જ સમજાય.

પૂ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના એ પુત્રવત્ શિષ્ય, અને બંને વચ્ચેનો સ્નેહસંબંધ પિતા-પુત્ર કે ગુરુ-શિષ્ય વચ્ચેની મધુર, સુસંવાદી વિશિષ્ટ મૈત્રીની ઓળખ આપે એવો.ત્રિવેદી સાહેબના એ 'કુંજભાઈ', લાખ કામમાં યે નિશ્ચિત દિવસે એ 'મૈત્રી'માં (ત્રિવેદી સાહેબનું નિવાસસ્થાન), આવે જ આવે, રવિવારની સવારે 'કુંજભાઈ'ની ખાસ પ્રતીક્ષા થાય, ત્રિવેદી સાહેબના પરિવારમાં કોઈની ચિંતાજનક માંદગી હોય, સારવાર અર્થે સૂરત બહાર જવાનું હોય, કે એવી બીજી કોઈ વિષાદપ્રેરક ઘટના હોય, અડધી રાતે ય મહેતા સાહેબને બોલાવી શકાય. અને એ અચૂક હાજર થઈ જાય, બધું સંભાળી લે, એમની હાજરીની હૂંફથી સહુને હાશ થાય. એક સમર્થ મિત્ર તરીકે મહેતા સાહેબની છાપ એટલી તો ઊંડી હતી, કે એમના આગમન માત્રથી વિટંબણામાં સપડાયેલાં હૈયા રાહત અને નિરાંતનો શ્વાસ લેવા માંડે. આવો અતૂટ વિશ્વાસ પ્રાપ્ત કરવાનું બધાંના ભાગ્યમાં લખાયું નથી હોતું.

મહેતા સાહેબ ઠીક ઠીક આગ્રહી, એટલે એમની માન્યતાઓ, એમના ગમા-અણગમા વિશે ભાગ્યેજ બાંધછોડ થાય. આવા મુદ્દે એ વિવાદમાં ઊતરે, આ એમની પ્રકૃતિની આળી બાજુ, એટલે મતભેદને કારણે ઘણાં સાથે મનદુઃખના પ્રસંગો ઊભા થાય. એમ.ટી.બી.ના કૉમનરૂમમાં આવી થોડી ઘટનાઓની સાક્ષી છું. છતાં એમનામાં એક ખૂબી હતી, હૃદયને નરવું રાખવાની. જેમ શરીર-સ્વાસ્થ્ય બાબતે એ બહુ ચીવટવાળા, તેમ મનને તુંદરસ્ત રાખવામાં યે એટલા જ જાગ્રત. કોઈ કટુતાને પંપાળીને રાખે નહિ, ચિત્તને પ્રસન્ન રાખવાની

અને ભરપૂર પ્રસન્નતા સાથે બધાં કાર્યો આટોપવાની કળા તેમણે હાથ કરી લીધી હતી.

એટલે જ કહેવાય કે મહેતા સાહેબ કોના મિત્ર નહોતા? તેજોદ્વેષથી પીડાતો, એમની કાર્યપદ્ધતિથી કોઈ કારણસર વંકાયેલો, એમના સ્પષ્ટ વકતૃત્વથી દુભાયેલો અને એમને મળેલા યશ અને આદરથી તથા એમની પ્રખરતાથી બળેલોઝળેલો એક વર્ગ હતો તો ખરો જ, એ હકીકત નકારી શા સારુ કાઢીએ? એ કાંઈ સર્વપ્રિય નહોતા, એમના જેવા માણસો અજાતશત્રુ તો ન જ હોય. છતાં એમને માટે ઘસાતું બોલતા વર્ગમાંથી પણ ઘણાંએ એમનો લાભ લીધો છે, નિઃસંકોચ લીધો છે. અને વાસ્તવિકતાથી વાકેફ હોવા છતાં મહેતા સાહેબે મનની મોટપ કદી છોડી નથી. કટુતા કે દ્વેષથી દોરાતા એમને ક્યારેય કોઈએ જોય નહિ હોય. એમની નિસ્બત એવી તીવ્ર હતી કે એ એમને જંપવા દેતી જ નહિ.

શાબ્દિક સહાનુભૂતિમાં કદી ન રાચનારા મહેતા સાહેબ વાક્‌વિલાસથી વેગળા જ રહેતા. ગુજરાતી ભાષાના અધ્યાપક હોવા છતાં સાહિત્યકારોના વર્તુળમાં એ ભળી શકતા નહિ, સૂરત અને સૂરતની આસપાસના થોડા સર્જકોના અપવાદ સિવાય. થોથાંપોથાં અને બૌદ્ધિક ચમકારાઓથી રચાયેલું હવાઈ વાતાવરણ એમને માફક નહોતું આવતું. એમની શક્તિઓ વિદ્વત્તાભરી ચર્ચાઓમાં કે સભા-સેમિનારોમાં બંધાઈ ન રહેતાં બીજા અનેક સંગીન કાર્યોમાં ધોધમાર વહ્યા કરતી.

સંબંધનું એક એવું રૂપ પણ છે જેમાં વ્યક્તિ છેટે ઊભી ઊભી 'હું તમારી સાથે જ છું' એવી ગર્જનાઓ દોડાવે, અને એક બીજું રૂપ છે જેમાં વ્યક્તિ નજીક ધસી આવે, ડૂબતાંનો હાથ ઝાલે, ને પોતે ડૂબવું પડે તો ભલે, પકડેલા હાથને છોડવાનો વિચાર ન કરે. મહેતા સાહેબને જીવનભર બીજું આચરણ જ ફાવ્યું. એમને માટે મૈત્રી 'માથા સાટે મોંઘી વસ્તુ' જ રહી. એમણે એમની મિત્રતાનું જીવની જેમ જતન કરી જાણ્યું. એમની એવી મૈત્રીની ઘેઘૂર ઘટામાં જેમણે શ્વાસ લીધા હોય એ જ અનુભવી શકે એ શીળા છાયાને અભાવે વેઠવા પડતા આકરા તાપની બળતરાને.

• • •

## પ્રતિભાવ

જુલાઈનો અંક મળ્યો.

અભિનંદન અગાઉ આપી ચૂક્યો છું.

ગુણવત્તામાં ઉત્તરોઉત્તર ઉમેરો થતો જાય છે. સામગ્રીમાં બેલેન્સ પણ જળવાય છે.

વિશેષ આનંદ ''બાનો ભીખુ''નો છે. વર્ષો પહેલાં રજનીકુમાર થકી મુ. ચંદ્રકાન્તભાઈને નવસારીમાં મળવાનું થયેલું. એમના વત્સલ સ્વભાવને કારણે મારા વડીલ સ્વજનોને મળી રહ્યો હોઉં તેવો ભાવ જાગેલો. ''બાનો ભીખુ'' તેમણે સ્વહસ્તે ભેટ આપેલું. મારા પ્રિય પુસ્તકોમાંનુ એક.

ઉત્તરાર્ધ વાંચતી વખતે એ સ્મરણ નજર સામે રમતું રહે છે.

મુ. જયંતભાઈને ઘણીવાર મળવાનું થયું છે પણ આ અંકથી એમના અંગત પરિચયમાં આવવાનું થયું તે મારું સદ્‌ભાગ્ય.

૮-૯-૯૭ • તારક મહેતા (અમદાવાદ)

# મીણ માટીનો માનવી

● વિજય શાસ્ત્રી

સ્વ. કુંજવિહારી મહેતા અમારા અધ્યાપક, અમારે માટે એક જીવંત દંતકથા સમું પાત્ર. મારો એમની સાથેનો સંબંધ ફક્ત વિદ્યાર્થી-ગુરુ તરીકેનો જ નહિ પણ સહકાર્યકર અને અધ્યાપક-આચાર્ય તરીકેનો પણ ખરો. વિદ્યાર્થી તરીકે ૧૯૬૧ના જૂનમાં હું એમ.ટી.બી. આર્ટસ (ત્યારે સાયન્સ કૉલેજ જુદી પાડવામાં હતી)માં પ્રથમ વર્ષ વિનયનમાં જોડાયો ત્યારે હિંમતલાલ અંજારિયા સંપાદિત 'કાવ્યસૌરભ' પુસ્તક તેઓ શીખવે. વર્ગમાં આવે ત્યારે સ્ફુર્તિભર્યા પગલાં. એમની ચાલ ખૂબ ઝડપી. થોડા પરિચય બાદ એક વાર શનિવારે સાંજે સૂરતના ચૌટાપુલ પાસે જાહેર રસ્તા પર તેઓ પસાર થાય. હું ફૂટપાથ પર મારી મંદ ગતિએ ચાલતો જાઉં. એવામાં એમના હાથની ટપલી મારા ખભે પડી. આંખોથી જ 'કેમ છો?' થયું. એમની ઝડપ સહેજ પણ ઘટી નહીં એટલે મેં ઝડપથી પગ ઉપાડવા માંડયા. પણ એમની ગતિ સાથે તાલ મેળવતાં હું થોડીક જ ક્ષણોમાં ફેં ફેં થઇ ગયો. એટલે મને કહ્યું. 'તારાથી નહીં ચલાય તું શાંતિથી આવ' એમ કહી ઝભ્ભો પાયજામો ફફડાવતા પલકારામાં દૂર નીકળી ગયા. એ દિવસે એમને ટ્રેન પકડવાની હતી. નવસારી તેઓનું કુટુંબ રહેતું ત્યાં જવા નીકળ્યા હતા એટલે ગતિ વધુ હોય એ સમજાય એવું હતું પણ એમની ગતિ સાથે તાલ મેળવવાનું ગજું ભાગ્યેજ કોઇનું હશે એ આ પરથી ફલિત થાય છે. શારીરિક ગતિની જ વાત નથી એમની પ્રેમાળ, ઉદાર અને બીજામાં રસ લેવાની શક્તિ અને ગતિનો જોટો આજે પણ જડે તેમ નથી. મહેતા સાહેબના હુલામણા નામે તેઓ ઓળખાતા અને તેમના સંપર્કમાં આવનાર ભાગ્યે જ તેમનું વેણ ઉથાપી શકતો તેનું કારણ તેમની આ વિશિષ્ટતામાં રહેલું છે. હું એને 'કે.સી. વિશેષ' કહીશ અને એ હતો આજના ભારોભાર સ્વ-કેન્દ્રિતાના કપરા કળિકાળમાં બીજી-સામી-અન્ય વ્યક્તિમાં રસ લેવો તેના યોગક્ષેમની ચિંતા કરવી તે. એ ચિંતા પણ બનાવટી કે ઉપર છલ્લી નહીં. તમારી કોઇ સમસ્યા હોય એ જયાં સુધી પૂરી પાધરી પતે નહીં ત્યાં સુધી આપણા કરતાં વધુ ચિંતા તેમને થતી હોય. ભગવદ્‌ગીતાનો શ્લોક 'કામયે દુખતપ્તાનાં પ્રાણીનામ્ આર્તિનાશનમ્' નો જીવતો જાગતો નમૂનો જોવો હોય તો મહેતા સાહેબમાં જડે. બીજાનું દુઃખ જોઇને આટલું દ્રવી જનાર, ડગમગી જનાર માણસ મેં ભાગ્યે જ બીજો કોઇ જોયો હશે. કૉલેજના બગીચામાં કામ કરતા મજૂરો, માળીઓ, પટાવાળાઓથી માંડીને સાર્વજનિક ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત અનેક પ્રાથમિક, માધ્યમિક શાળાઓના શિક્ષકો, બિનશૈક્ષણિક કર્મચારીઓ, કૉલેજોના આધ્યાપકો, યુનિવર્સિટીના કર્મચારીઓ આ તમામ સાથે તેઓ આ સમ-સંવેદનાના સેતુથી રાસાયણિક હૃદયૈક્ય સ્થાપી શકયા હતા. તેમની સંવેદનપટુતા ઉપર કહ્યું તેમ આજના હળહળતા કળિયુગમાં વિરલ ગણાય. એવાં અનેક દૃષ્ટાંતો સંબંધિત કર્મચારીઓના હૃદયમાં હજુય એટલાં જીવંત હશે જયારે મહેતા સાહેબ અડધી રાત્રે દોડી આવીને બીમાર માણસને હૉસ્પિટલ પહોંચાડવાની ગોઠવણ કરતા હોય, કે મરણનો પ્રસંગ હોય ત્યારે સદ્‌ગતનાં કુટુંબીજનોને આશ્વાસનનો હેતાળ હાથ ફેરવતા હોય. આ બધાં માટે તેમને સામે જઇને કશું કહેવું પડતું નહિ. એમને બહારથી પણ તમારા પર આવી પડેલી આપત્તિની ખબર પડે એટલે વગર બોલાવ્યે આવીને તમારે પડખે ઊભા રહે. આજના અહમ્મન્ય પદાધિકારીઓની જેમ તત્ત્વનાં ટૂપણામાં ઊતરી પડે નહિ કે 'તમે મને તો કહ્યું જ નહોતું' 'તમે મને જાણ કરેલી?' 'તમે લેખિતમાં અરજી આપેલી?' જેઓ અંદરથી ખાલીખમ હોય છે તેમને જાણ કરવી, ફોન કરવો, અરજી આપવી વગેરે બાહ્ય ઉપચારોની આળપંપાળને આશ્રયે જ પોતાની વારંવાર ગબડી પડતી પ્રતિષ્ઠાને ફરી ફરીને બેઠી કરવી પડતી હોય છે. મહેતા સાહેબને કટોકટીની ક્ષણોની ગજબની સૂઝ હતી. સામી વ્યક્તિની મનોદશાનો તાગ તેઓ અદ્‌ભુત સૂઝથી મેળવી

શકતા પરિણામે કોઇ પણ સમસ્યાનું માનવપાસું તેમના આકલનમાં આવી જતું. પરિણામે એ સમસ્યા મોટે ભાગે ઉકેલાઇ જતી.

અધ્યાપક તરીકે તેઓ તેમના ગુરુ સ્વ. વિષ્ણુપ્રસાદના પ્રિય શિષ્યોમાંના એક. બીજા ડૉ. જયંતભાઇ પાઠક. વિષ્ણુભાઇનો પ્રસાદ તેઓ સારી રીતે પામેલા. તેથી તેમની સાહિત્યિક વિચારણા ઘણે અંશે વિષ્ણુપ્રસાદીય વિચારણાનો પડઘો પાડતી રહેતી. વિષ્ણુભાઇની જેમ પ્રશિષ્ટતાના પૂજક ગોવર્ધનારમ, આનંદશંકર, બળવંતરાય, રામનારાયણનાં સાહિત્યો ઊમળકાભેર ભણાવે. તો બીજી તરફ વિષ્ણુભાઇના કેટલાક અણગમાઓને પણ મહેતા સાહેબ પ્રસારે.

દોસ્તોવસ્કીનું 'ધ બ્રધર્સ કારામાઝોવ' ભણાવવાનું આવે ત્યારે તેમાંના ' A.moral ' નિરૂપણોને નીતિ-દૃષ્ટિએ જ મૂલવે. તેમાંના કળાગત તથ્યો વિશે ચતુરાઇપૂર્વક કશું કહેવાનું ટાળે. અધ્યાપક તરીકે ઉચ્ચારો પહોળા, છૂટા, શુદ્ધ અને મોટા. છેવાડેનો વિદ્યાર્થી કશીક સ્વકીય પ્રવૃત્તિમાં ગુંથાયો હોય ને મહેતા સાહેબના ધ્યાનમાં આવે તો બોલતાં બોલતાં એકાએક ઝાટકા સાથે એટકી રહે. વર્ગમાં સન્નાટો છવાઇ જાય. પેલો સ્વ-પ્રવૃત્ત વિદ્યાર્થી થોડીવાર બાદ જાગે, જાણે. પોતાને લીધે આ હરકત થઇ છે એટલે ફફડે. પછી સાહેબ તેને અમારી તત્કાલીન ભાષામાં કહું તો 'જે લેવડાટે, જે લેવડાટે'. આ એમની 'જે લેવડાટવા'ની કાર્યશૈલીનો ભોગ અનેક વાર હું પોતે બન્યો હતો છતાં મારા પ્રત્યેનો એમનો પ્રેમભાવ છેવટ સુધી ઘટયો નહોતો. ભણાવતી વખતે કોઇક મુદ્દા પર આખો પીરિઅડ પૂરો થઇ જાય. કોઇ વાર વિષયાન્તરમાં ઊતરી પડે. સમાજની સ્થિતિ, નોકરી મેળવવાની મુશ્કેલી એ બધી વાતોથી વિદ્યાર્થીઓને ચોંકાવી મૂકે. શરૂમાં કોટ, પેન્ટને ટાઇથી સજજ થઇને વર્ગમાં આવતાં. પછી બંધ બટનનો કોટ પહેરતાં અને છેક છેવટે હળવાં કફની-પાયજામાને પસંદ કરેલાં.

વ્યક્તિત્વ ફૂલગુલાબી અને મોહક. પોતે ચીવટપૂર્વક કામ કરવામાં માને. બીજાઓને પણ ચીવટ તરફ પ્રેરે. એમની સાથેનું કોઇ કામ રેઢિયાળ, લઘરવઘર ચાલે નહીં. સ્મૃતિ અત્યંત સતેજ. વર્ષો પછી મળતા માણસોને નામ સાથે બોલાવે. પણ આ બધા તો બાહ્ય ઉપચારો થયા. મહેતા સાહેબનું મહેતાસાહેબપણું તો ઉપર નોંધ્યું તેમ 'પીડ પરાઇ જાણે' અને 'પર દુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે' એવા વૈષ્ણવજનમાં સંક્રાન્ત થયું હતું. હૃદયની સાચી લાગણીથી અને નિર્વ્યાજ પ્રેમથી એમણે સામાને જીત્યાં હતાં. એમના પ્રખરમા પ્રખર ટીકાકારને પણ એમની આ લાગણીની અમોઘ શક્તિની કદર કરવી પડે તેમ હતું. આવા મીણ મીટીના માનવીના નિકટના પરિચયમાં આવવાની અને કામ કરવાની તક મને મળી એને હું મારું સદ્ભાગ્ય ગણું છું.

• • •

## પ્રતિભાવ

તમે મોકલેલા 'ઈન્દુમૌલિ'ના અંકો મળતા ખુબ આનંદ થાય છે. તમારી સામગ્રી ઊંચી કક્ષાની છે અને એથી જાણવાં સારું મળે છે. છેલ્લા અંકમાં શ્રી જયંત પાઠકની સાહિત્ય સેવાને સારી બિરદાવી છે. આવો લાભ આપવા બદલ તમારા સૌની આભારી છું.

૧૮-૯-૯૭ • ગીતા પરીખ (અમદાવાદ)

# કુંજવિહારી મહેતા (કે.સી.) : સ્નેહભર્યું સંસ્મરણ

● શ્રીપાદ ફળણીકર

પ્રારંભમાં જ કંઈ અંગત વાત કહું તો ૧૯૧૭ થી નિરંતર ૧૯૫૪ સુધી કૈ. સયાજીરાવ ગાયકવાડના શાસનની રાજધાની વડોદરામાં મારા જીવનના પહેલા ૩૮ વર્ષો વીતાવ્યા બાદ, પ્રારબ્ધાનુસાર 'વિદ્યા ચ દ્રવિણં ચ' તથા વ્યવસાયની વ્યવસ્થા કર્યા બાદ, ૧૯૫૪ના જૂન માસમાં નવસારી આવીને, જીવનના સ્થિત્યંતરનો સ્વીકાર કરી સ્થિર થયો ત્યારે સૌ પ્રથમ જે કેટલાક વ્યક્તિવિશેષોના પરિચયમાં આવ્યો તેમાં કુંજવિહારી મહેતા મારી પહેલી જ મુલાકાતમાં મને જાણે વર્ષો જૂના મિત્ર તરીકે લાગ્યા. કવિ કાલિદાસ કહે છે તેમ 'ભાવસ્થિરાણી જનનાન્તરસૌહૃદાનિ' નો અનુભવ થયો. અલબત્ત, નવસારીમાં આવ્યા બાદ મારા શિક્ષણવ્યવસાયના ક્ષેત્રમાં જે કેટલાક જાણીતા'સમાન ધર્મા' નો પરિચય થયો તેમાં સદ્‌ગત ઈન્દ્રવદન શુકલ, નવસારીની શેઠ બનાતવાલા હાઈસ્કૂલના માજી આચાર્ય, એ કે. સી. મહેતા સાથેના મારા પરિચયના માધ્યમ બન્યા. પણ કે. સી. સાથેની મારી મૈત્રીમાં વધારે મદદરૂપ કડી બની એની વાત એ કે સદ્‌ભાગ્યે હું નવસારીમાં કે. સી. નો પડોસી તરીકે રહ્યો. તેઓ સૂરતની એમ. ટી. બી. કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે પ્રખ્યાત હતા અને ત્યારબાદ એજ કૉલેજમાં પ્રિન્સિપલ તથા સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના સેક્રેટરી તરીકે સેવાઓ આપતા એવા દક્ષિણ ગુજરાતમાંના એક પ્રખ્યાત શિક્ષણવિદ્ તરીકે ઓળખાતા હતા. કૉલેજમાં વેકેશન્સ હોય ત્યારે અને સપ્તાહમાંના શનિ-રવિના દિવસે અનુકૂળતા પ્રમાણે નવસારીમાં રહેતા. ત્યારે અમારી મુલાકાતો એટલે 'સાહિત્ય ગોષ્ઠી' જે મારે માટે ખરેખર' રસ્યાઃ, સ્નિગ્ધાઃ, હૃદ્યાઃ' એવી આસ્વાદ્ય વાનગીઓ હતી. કે. સી. ગુજરાતીના વિદ્વાન પ્રાધ્યાપક તો હતા જ, પણ એમની વાતચીતમાં અંગ્રેજી સાહિત્યના, કવિઓ, નાટ્યકારો, નિબંધલેખકો અને ચિંતકોના સંદર્ભો આવતા, એટલું જ નહિ પણ મરાઠી સાહિત્ય વિષે પણ એમની પાસેથી ઘણું મારા માટે જાણવા જેવું મળતું અને તેથી એમની મુલાકાતો મારા માટે વૈચારિક સમૃધ્ધિનો સ્રોત બનતી.

નવસારીમાં આવ્યા બાદ મારૂં પ્રિય ગુજરાતી દૈનિકપત્ર 'ગુજરાતમિત્ર' સવારની ચ્હા સાથે હું આસ્વાદતો થયો. તેમાં શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ વિષે મૂલગામી, સપ્રમાણ અને વિવેકસભર ચર્ચા કરનાર સમાલોચક તે કુંજવિહારી મહેતા જ એ જ્યારે જાણ્યું ત્યારે એમની કૉલમનું આકર્ષણ વધ્યું. ગુજરાતમિત્રના વાચક તરીકે મારી ભૂમિકા હતી. પણ જ્યારે 'ચર્ચાપત્રો'ના વિભાગમાં મારી લેખનીએ ઝંપલાવ્યું ત્યારે ઘણીવાર કે. સી. ના લેખમાનાં કેટલાક વિચારો અને મુદ્દાઓ પર મારો નમ્ર પ્રતિભાવ પ્રકટ કરતો રહ્યો. કે. સી. જ્યારે નવસારી આવે અને અમે મળીએ ત્યારે મારા ચર્ચાપત્રની સ્નેહસભર સૌજન્યપૂર્વક નોંધ લેતા અને પ્રોત્સાહન આપતા.

કુંજવિહારી મહેતાનુ બહુ-આયામી વ્યક્તિત્વ હતું. નિર્ભય પત્રકાર, છાત્રપ્રિય અધ્યાપક, સ્વાધ્યાય સંપન્ન એવા વિવિધ વિષયોના અભ્યાસી એવી મારી છાપ હતી જે ઉત્તરોત્તર વધતી ગઈ. ''ગુજરાતમિત્ર''ના એમના લેખોમાં શિક્ષણ અને સંસ્કાર વિષે એમની કલમ કેટલીય ગંભીર બાબતોને સ્પર્શતી અને સમાજને વિચાર-જાગૃતિ કરાવનાર એવી પ્રભાવી હતી. હાલના વિદ્યાર્થીઓની સાંસ્કારિક અને શૈક્ષણિક એવી ઉતરતી કક્ષા, શાળા અને મહાવિદ્યાલયોમાંની કથળતી સ્થિતિ, સરકારી શિક્ષણખાતાઓની બેદરકારી અને વિવેકહીન સદોષ વહિવટી રીતિઓ ઇત્યાદિ બાબતો પર નીડર પત્રકારની લેખની તેઓ ચલાવતા હતા.

શિક્ષણક્ષેત્ર એ વિશાળ વૈચારિક પ્રદેશ જેવું છે. એ પ્રદેશનો 'ઈતિહાસ તથા ભૂગોળ' જૂની પરંપરાઓ અને આધુનિક મર્યાદાઓની જાણ એક સ્વતંત્ર વિષય જ છે. એ ક્ષેત્રમાં પણ કુશળ પ્રાધ્યાપક અને પ્રભાવી પત્રકાર તરીકે સમાજ સામે મક્કમતાથી પોતાનું સ્થાન ટકાવી રાખવું એ સહેલું ન હતું. પણ કે. સી.નો

વિદ્યાવ્યાસંગ અને ઊંડું ચિંતન એ એમનું કવચરૂપ રક્ષણ બન્યું હતું. આ બાબતમાં કેટલીક વાતો, સંક્ષેપમાં પણ, રજુ કરવી અનિવાર્ય લાગે છે. અને તે દિશામાં થોડું લખવા પ્રેરિત થયો છું.

કુંજવિહારી લિખિત અને પ્રકાશિત કેટલાંક પુસ્તકો વાચનમાં આવ્યા તે પ્રમાણલેખન ગણીને વાતનો પ્રારંભ 'સાહિત્યરંગ' આ પુસ્તકથી કરવાનું યોગ્ય લાગે છે. દા. ત. એ પુસ્તકમાં 'સાહિત્ય' નામના પ્રકરણમાં કે. સી. 'સાહિત્યનું કાર્ય' એ વિષે લખતા અંગ્રેજ લેખક સૉમરસેટ મૉમના શબ્દોનું સ્મરણ કરાવે છે: 'Art awakens in us a wonderfully new and intimate sense of things and our relations with them.' તેમજ સાહિત્ય આપણી વિચારશક્તિને વિશદ કરી જીવનના તીવ્ર ક્ષણોના અનુભવોને ચિરંજીવ બનાવે છે. તેના વિષે પણ સૉમરસેટના પ્રમાણબદ્ધ શબ્દો ટાંકે છે: 'Art, as one of the great values of life, must teach men humility, tolerance, wisdom and magnanimity' અહીં કવિ ભવભૂતીના 'માલતી માધવ' નાટકના શબ્દો યાદ આવ્યા વગર રહેતા નથી. ભવભૂતિ કહે છે: 'યત્પ્રૌઢત્વં, ઉદારતા ચ વચસાં, યદ્ અર્થતો ગૌરવમ્। તચ્ચેત્ અસ્તિ, તદેવ ગમકં પાંડિત્યવૈદગ્ધ યો: ।। આજ વિચારને વિસ્તારતા કે. સી. ટૉલ્ટાયને યાદ કરે છે : '...........it is this religious conception that decides the value of feelings transmitted by Art (literature)'

સાહિત્યરંગ' માં 'પ્રતિભાના લક્ષણો' ની ચર્ચામાં કવિ Coleridge નો અભિપ્રાય લેખકે ટાંક્યો છે: No man was ever a great poet without being at the same time a profound philosopher આ માં 'poet' અને 'philosopher' આ શબ્દો વાંચતાં જ મહાન અંગ્રેજ કવિ Wordsworth કે Shakespeare (નાટ્યકાર પણ) યાદ ન આવે તો જ નવાઈ! કે. સી. આ પ્રકરણમાં Wordsworth ને ભૂલ્યા નથી. વર્ડઝવર્થની જાણીતી કવિતાની વ્યાખ્યાનો તેઓ નિર્દેશ કરે છે: 'All good poetry is the spontaneous overflow of powerful feelings....recollected in tranquility' Wordsworth કહે છે કે પ્રતિભાસંપન્ન માનવીય મન અથવા હૃદય એજ કાવ્યની 'વસ્તુ' કરતા વધારે કલાત્મક રીતે પ્રભાવી કરે છે: 'Poems are produced only by a man who is possessed of an unusual sensibility and had also thought long and deeply'

ગુજરાતી ભાષાના વિદ્વાન પ્રાધ્યાપક એવા કે. સી. આ પ્રકરણમાં, સાહિત્યમાંથી પ્રાપ્ત થતું વિચારધન તેમજ જીવનલક્ષી ગંભીર વિવેકની ચર્ચામાં, ગુજરાતના 'સાહિત્યગિરિમાલા' ના ઉત્તંગ શિખરો સમાન વિરાજતા એવા નરસિંહરાવ દીવેટીયા, આનંદશંકર ધ્રુવ, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી જેવા મહાનુભાવો તથા ઉમાશંકર, સુન્દરમ, જેવા ગુજરાતને લલામભૂત થયેલ કવિઓની 'રચનાઓનું' સૌંદર્ય પણ વાચકો સમક્ષ રજૂ કરે છે. તત્વજ્ઞાન અને ચિંતન વિષે લખતા તેઓ પ્લેટો-એરિસ્ટૉટલને ભૂલતા નથી અને પ્રાચીન-અર્વાચીન લેખકોનો પણ પરામર્શ લઈને આગળ ચાલે છે. ટૂંકમાં કે. સી. ની સાહિત્યકૃતિને અભિવાદન કરતા અનુવાદ છોડીને કોઈકવાર વધારે અનુકૂળ લાગતા એવા મૂળ અંગ્રેજી શબ્દોમાંજ લખું તો ' K . C. was a versatile writer whose potent pen roamed across vast spaces'!

સામાન્યરીતે સાહિત્યનો અભ્યાસી, તેમાં પણ કાવ્યસરિતાના તીરે વિહાર કરનાર અને તત્વજ્ઞાનની ચિંતન-ગુફાઓમાં ડોકિયું કરનાર વ્યક્તિ કોઈપણ 'રિસર્ચ' અથવા 'સંશોધન' શબ્દથી જાણીતું એવું ક્ષેત્ર પસંદ કરે એ બહુ સહજ લાગતું નથી. કે. સી. એ આ બાબતમાં પણ સુખદ અનુભવ મને આપ્યો છે. સંશોધનમાં મારા મતે લાગણીઓ બાજુ પર મૂકીને માત્ર પ્રમાણભૂત કઠોર વાસ્તવ પર (Harsh realities) ભાર મુકવાની તૈયારી રાખવી પડે છે. તેથી કદાચ સંશોધન કંઈક રણપ્રદેશ જેવો લાગતો હોય; પણ 'to some scholars even the research

deserts are more lovely than poetic - gardens '...........

પણ મારે લખવાનું છે તે કુંજવિહારી મહેતાએ સંશોધન-કલેશોને વરીને પણ માત્ર પોતાના 'વિદ્યાર્થીવિશ્વ'ના કલ્યાણના અર્થે પસંદ કરેલ એક પ્રાચીન કવિ પદ્મનાભ લિખિત 'પ્રબંધ' રૂપ પુસ્તક 'કાન્હડદે' નું પ્રકાશન. આ પુસ્તકની ટૂંકી પ્રસ્તાવનામાં જ તેમણે લખ્યું છે: 'બી. એ. ના ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે આ પુસ્તક નિયત કરેલું. તે વખતે આ પુસ્તકની સસ્તી અને વિદ્યાર્થી ઉપભોગ્ય નકલો ઉપલબ્ધ ન હોવાથી માત્ર આ પ્રબંધના બે-જ ખંડોનું સંપાદન કર્યું છે....' આ પ્રસ્તાવનામાં કે. સી.એ જૂની કાવ્યશૈલીમાં લખેલ મૂળ ગ્રંથનો, સરળ-સુબોધ ગુજરાતી અનુવાદ, જૂની ભાષાનું વ્યાકરણ, વ્યુત્પત્તિ, ઐતિહાસિક સંદર્ભો અને લક્ષ્યવેધી હકીકતોનો સમાવેશ કરી માત્ર વિદ્યાર્થી જ નહીં પણ સામાન્ય વાચકને પણ ઉપકૃત કર્યા છે. મારે મન 'કાન્હડદે' નું પ્રકાશન એ કે. સી.નું વિરલ પ્રકાશન છે.

કે. સી.ના અંતરંગમાં વધારે પ્રવેશ કરાવનાર એવી એક વિશિષ્ટ વાતનો નિર્દેશ કરી આ 'સંસ્મરણ' રૂપ લેખનું સમાપન કરવું ઉચિત લાગે છે. અને એ લખવાથી જ આ વિશેષ અંકમાં યોગ્ય 'તપર્ણ' વિધિ કરવાનો સંતોષ પ્રાપ્ત થશે એવી શ્રધ્ધા છે.

કુંજવિહારીના હૃદયમાં, જેમનું પ્રાચીન મહર્ષિને જ અપાય એવું એનું ઉંચું સ્થાન હતું. તે ગુજરાતના સાહિત્ય નભોમંડળના એક પ્રકાશમાન જ્યોતિરૂપ 'વિદ્વાન વિષ્ણુપ્રસાદ ત્રિવેદી' ! ગુરુવર્ય વિષ્ણુપ્રસાદની ષષ્ટિપૂર્તિના શુભ સમયે એમને 'અભિનંદન' ગ્રંથ અર્પણ થયો. તેમાં વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની પ્રતિભાના વિવિધ પાસાનો પરિચય કરાવતા એવા લેખોમાં કુંજવિહારીએ પણ એક ટૂંકો પણ ભાવસભર હૃદયસ્પર્શી લેખ લખ્યો છે જેનું શીર્ષક જ 'plainly worded but highly thought' એવું છે: 'અમારા ગુરુ' આ બે જ શબ્દો ! તેની શરૂઆત જ પ્રભાવી છે.

વ્યક્તિના જીવનમાં સદ્‌ગુરુની પ્રાપ્તિ સદ્‌ભાગ્ય વિના થતી નથી. વિષ્ણુપ્રસાદ જેવા ગુરુ જીવનમાં મળે એ જીવનની એક ધન્યતા છે. એમની વિદ્વત્તા, વિષયની તલસ્પર્શિતા, રહસ્ય સમજાવવાની સૂઝ, પ્રાસાદિક રજુઆત,એ..... અધ્યાપક અને ગુરુ તરીકેની એમની વિશિષ્ટતા છે. ગુજરાતી સાહિત્યના સમર્થ વિદ્વાન પ્રા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના હાથ નીચે અધ્યાપક તરીકે કામ કરવાનું સુભાગ્ય મને પ્રાપ્ત થયું.

કે. સી.ને નજીકથી ઓળખનારા મારા મિત્રે કે. સી.ને એમના મહાન ગુરુવર્ય માટે કેટલો ઊંડો આદરભાવ હતો એ વિષે થોડી વાતો કરી જેનું આ લેખમાં સ્મરણ કરવું જ ઘટે. પ્રાચીન ભારતીય ઉપનિષદમાં (તૈત્રિરીયમાં) 'આચાર્ય દેવો ભવ' એવો ગુરુશિષ્યના સંબંધને ગૌરવતા શબ્દો છે. ભગવદ્‌ગીતાના ૧૩માં અધ્યાયમાં (અમાનિત્વં અદંભિત્વં,.....થી શરૂ થતાં) કેટલાક શ્લોકોમાં સાચું જ્ઞાન કયા ગુણોમાં રહેલ છે અથવા ખરો જ્ઞાની કોને કહેવાય એ અંગે શ્રી કૃષ્ણે અર્જુનને બોધ કર્યો છે. તે 'જ્ઞાની' પુરૂષના ગુણોની યાદીમાં એક સામાસિક શબ્દ છે. 'આચાર્યોપાસનમ્': એટલે કે 'આચાર્યની-ગુરુની સેવા.'

સંત જ્ઞાનેશ્વર મહારાજના મોટાભાઈ નિવૃત્તિનાથ એ જ્ઞાનેશ્વર માટે ગુરુસ્થાને હતા. જ્ઞાનેશ્વરીના ૧૩મા અધ્યાયમાં ઉપર જણાવેલ 'આચાર્યોપાસનમ્' શબ્દ પર તેમણે જ્યારે પદ્યમય 'ઓવી' શૈલીમાં 'ગુરુસેવા' કેવી હોય તેનો વિસ્તારપૂર્વક, બાહ્ય અને આંતરિક સેવાનો આશય સમજાવતા વર્ણનાત્મક વાતો કરી છે તે ખરેખર આજની આધુનિક સમાજ પધ્ધતિને જૂનવાણી, અંધશ્રદ્ધાભરી લાગે તો નવાઈ નહીં. પણ એ બધું છોડીને જ્ઞાનેશ્વરે શું કહ્યું છે તે જ અત્યંત જરૂર પૂરતું જ લખું છું. સંત જ્ઞાનેશ્વર લખે છે કે એકનિષ્ઠ શિષ્ય અને ભક્ત એમજ માને છે કે ગુરુનું તમામ કામ જે જે ભાગે આવે તે મારે જ કરવું જ જોઈએ. 'તાટ મી કાઢીન, શેજ મી ઝાડીન । ચરણ સંવાહન । મીચિ કરી ।।' ભોજન પત્યા બાદ ગુરુની થાળી મારે જ ઊચકવાની હોય; વિશ્રાંતિ માટે જે બિછાના પર એ વિરાજતા થશે તે મારે જ 'ઝાડવાનું, સાફ કરવાનું હોય; એમના પગ દબાવવાનું પણ મારું જ સેવા કાર્ય' એમાં ભક્તના હિસાબે રાત કે દિવસ કઠણ કે સહેલું, એ વિચારને

સ્થાન જ નહોય. 'રાત્ર દિવસ નેણે। થોડે બહુ ન મ્હણે। કાર્યા ચેનિ દાટ પણે ॥સાજા હો' - ગુરુ સેવામાં અંતર્ગત સમાવિષ્ટ કામોની ભીડ એ ભક્તને તાજગીનો સ્રોત કરે છે. કુંજવિહારીએ વિષ્ણુપ્રસાદની સેવામાં આટલું દિલ રેડ્યું હતું એમજ મારા મિત્રે મને કહેલ વાતનો મર્મ ધ્યાનમાં લીધો છે.

ન્યૂ દિલ્લીમાં USIS અમેરિકન ઑફિસના ચીફ એકઝીક્યૂટીવ્હ Jerry Brenning ની મુલાકાત ગયા રવિવારના 'ટાઈમ્સ' માં વાંચી. Brenning એ લાંબા વખતની પોતાની 'ડિપ્લોમેટિક સર્વિસ'નો ત્યાગ કર્યો છે. હવે પોતાની રીતે સ્વતંત્ર ચિંતક તરીકે બદલાયેલી પરિસ્થિતીમાં 'બીઝીનેસ કન્સલટન્ટ' તરીકે મુંબઇમાં જ કાયમ વસવાટ કરીને રહ્યા છે. ખાસ તો તેઓ Buddhism તરફ ખેંચાયલા છે. મુલાકાત લેનાર ગુણવંતી બાલારામ નામે ભગિની પત્રકારે એમને પૂછયું ત્યારે જે સવાલ જવાબ થયા તેની કંઈક ઝાંખી-

Q : Are you a practising Buddhism Mr. Brenning?

A : I do not belong to any Sangha in physical sense. My Sangh is an imagined one .

Q : Will you please explain it?

A : My Sangha is a Virtual one; made up of books and of teachers to be revered; and that is a wonderful enough way to practise religion and indeed to love life.

વાચક મિત્રો, કે. સી. મહેતા, સંત જ્ઞાનેશ્વર અને જેરી બ્રેનિંગ, આ ત્રણેના એક સાથે દર્શાવેલ પાયાના વિચારમાં, આપ જોશો તો, વ્યક્તિગત આધ્યાત્મિક વલણ, ઊંચા જીવનમુલ્યો વિષે આદર, અને એવા મૂલ્યો ધરાવનાર વ્યક્તિઓ પ્રત્યે બિલકુલ સ્વાભાવિક એવી ભક્તિ સભર લાગણી, આત્મસંવાદિતા અને 'નમ્રતા' - આ 'દૈવિસંપદ્' નું પ્રતિબિંબ છે. એટલું આપના ધ્યાન પર લાવવાનું સાહસ કરીને વિરમું છું!.

• • •

## પ્રતિભાવ

'ઈન્દુમૌલિ'નો બીજો, ત્રીજો, ચોથો અંક મળ્યો. આભાર. એક સંપાદક તરીકે તમારી સૂઝબૂઝ દાદ માગી લે તેવી છે. એક ધારું ઉંચું સ્તર જાળવી રાખવાની તમારી ખેવના ત્રણેય અંકોમાં સ્પષ્ટ દેખાય છે. 'બાનો ભીખુ'નો ઉત્તરાર્ધ એ 'ઈન્દુમૌલિ'નું ઝળકતું પાસુ છે. ચોથા અંકમાં કવિશ્રી જયંત પાઠકની સાહિત્યયાત્રા વિશે વિવિધ સામગ્રી પીરસી એ અંક તમે એ કવિને સમર્પિત કર્યો એ વસ્તુ તમારો સાહિત્ય પ્રત્યેનો ભક્તિભાવ પ્રકટ કરે છે. સુરુચિપૂર્ણ ઉચ્ચકક્ષાનું સાહિત્યિક સામયિક ચલાવવું એ આજના યુગમાં એક પ્રકારની તપશ્ચર્યા છે. તમારી તપશ્ચર્યા ફળદાયી નીવડો એવી હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

૧૨-૯-૯૭ • ડૉ. અમૃત રાણિંગા

# સલામ, મહેતા સાહેબ

● ચન્દ્રકાંત પુરોહિત

૧૯૯૪ની ૩૦મી જાન્યુઆરી - ગાંધી નિર્વાણ દિન રવિવારનો દસ સાડાદસનો એ સમય સૂરત શહેરનો શિક્ષીત નાગરિક ક્યારેય ભૂલી શકશે નહિ. એ કલાકોએ સૂરતના આકાશનો એક તેજપુંજ અચાનક - સાવ અચાનક કાળગર્તામાં સરી ગયો. શહેરના, દક્ષિણ ગુજરાતના, કે સમગ્ર ગુજરાતના સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક પ્રશ્નો હોય તો એ સામે અચૂક ગાજતો અને ગર્જતો અવાજ રવિવારની એ સવારે કાયમ માટે અબોલ થઈ ગયો. હા, અમે શિક્ષણશાસ્ત્રી, શિક્ષણસંચાલક, સાહિત્યકાર, સમાજસેવક અને ગુજરાતમિત્રની દર મંગળવારે પ્રગટ થતી 'શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ' કૉલમના લેખક અને અમારા મિત્ર સદ્‌ગત કુંજવિહારીભાઈ મહેતાની વાત કરી રહ્યા છીએ. એમને આમ ગયાને તો સાડાત્રણ વર્ષ પુરા થઈ ગયા છતાં હજુ આજેય એમના નામની આગળ સદ્‌ગત શબ્દ મૂકવાનું કઠે છે. તેઓ કોઈના કુંજભાઈ, અનેકના 'મહેતા સાહેબ', કોઈકના કુંજવિહારીભાઈ, કોઈના આચાર્ય મહેતા હતા- પણ અમારે મન તો એ અમારા મિત્ર હતા. સંકટ સમયની સાંકળ હતા. શિક્ષણ ક્ષેત્રે કોઈને શાળામાં કે કૉલેજમાં પ્રવેશ અપાવવાનો હોય, કોઈ ગરીબ વિદ્યાર્થીને માફી અપાવવાની હોય, કોઈ સામાજિક સમસ્યા હોય, કોઈ શહેરવ્યાપી સમારોહ કરવો હોય, કોઈ સાંસ્કૃતિક કે સાહિત્યિક આયોજન કરવું હોય એમાં એમના સલાહ-સૂચન-સક્રિયતા અનિવાર્ય જ લેખાય. આ શહેરમાં છેલ્લી બે સાહિત્ય પરિષદોની સફળતામાં સદ્. ચન્દ્રવદન શાહ, સદ્. રણછોડદાસ પોપાવાળા અને સદ્. કુંજવિહારી મહેતાને ન ભૂલી શકાય એવી વહીવટી કુશળતા અને સાહિત્ય પ્રેમમાંથી સર્જાએલી નરવી અને ગરવી દૃષ્ટિ હતી.

એ મિત્ર હતા. પણ અજાતશત્રુ નહોતા. શિક્ષણના હિતની વાત હોય, જનસમાજના હિતની વાત હોય, લોકોના ન્યાય-અન્યાયની વાત હોય ત્યારે એમની દૃષ્ટિએ જે સાચુ લાગે એ હિંમતથી, બેધડક, કોઈની શેહશરમ રાખ્યા વિના બોલી નાંખતા-લખી નાંખતા. મિત્ર હોય અને મિત્રની વાત જાહેરની દૃષ્ટિએ ખોટી હોય તો એની સામે પણ કલમની તલવાર ધારદાર કરતા, પછી એ મિત્ર તબીબ હોય, રાજકારણી હોય, કુલપતિ હોય, ઉદ્યોગપતિ હોય કે પત્રકાર હોય - એની વેધક ટીકા કરતા અચકાતા નહિ એમના અનેક તબીબમિત્રો હોવા છતા (સદ્. ડૉ. આર. કે. દેસાઈ આ પ્રસંગે યાદ આવે છે) કોઈ દર્દીને અન્યાય થયો હોય, કોઈ ગરીબ દર્દી અટવાયો હોય કે લૂંટાયો હોય તો તબીબી વ્યવસાય પર તૂટી પડતા, કોઈની સાડીબારી રાખ્યા વગર.

યુનિ. ના યુવક મહોત્સવના મામલામાં એકવાર અમે સામસામા (ગુજરાતમિત્રની કૉલમોમાંજ) આવી ગયેલા. એ વર્ષે યુવક મહોત્સવ બંધ રહેવો જોઈએ એવો સ્ટેન્ડ હતો, એ દિવસોમા ગુજરાતમિત્રમાં 'શહેરની સરગમ' મારી નિયમિત કૉલમ ચાલતી. એમની 'શિક્ષણ અને સાહિત્યની સમસ્યા' અને મારી શહેરની સરગમ આમ ટકરાતી રહી. પણ એ ટકરાવનો પણ આનંદ હતો. એક સમર્થ શિક્ષણ અને સમર્થ સમાજશાસ્ત્રી સામે અને ખાસ તો એક મિત્ર સામેની એ ટક્કર હતી. ટેલિફોન હસી મજાક અને કૉલમોમાં ચાપકાબાજી. યાદ છે ત્યાં સુધી પછી અંતે તે વર્ષે યુવક મહોત્સવ પડતો નહોતો મૂકાયો. એ નિર્ણયનો આનંદ અમારા બંનેનો તો ખરોજ પણ સાથે અમારા સંવર્ધક તંત્રી સદ્. પ્રવિણકાંત રેશમવાળાનો પણ હતો. કેવા હતા એ દિવસો દિલેરીના!

એ આચાર્ય હતા એના કરતા આપણી સંસ્કૃતિએ ગાએલા ગુરુ વિશેષ હતા. પુસ્તકિયા અભ્યાસ સાથે જીવનનો વ્યવહાર -જીવનનું શિસ્ત- મૈત્રી પ્રેમ સંબંધોના એ આગ્રહી રહેતા. શિસ્તના અને સમયના ચૂસ્ત આગ્રહી મહેતા સાહેબની વિદ્યાર્થીઓમાં જબરી ધાક - અને આમ છતાં તેઓ વિદ્યાર્થીઓમાં અને સ્ટાફમાં

પણ એટલાજ પ્રિય હતા. એમ. ટી. બી. કૉલેજ અને સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી પ્રત્યે એમનો જબરજસ્ત લગાવ.

એક પ્રસંગ યાદ આવે છે - એમ. ટી. બી. કૉલેજના આચાર્ય તરીકે એ નિવૃત્ત થયા હતા એ પ્રસંગે એક ખૂબ નાનકડો - થોડાક આત્મીયજનોનો સ્ટાફમંડળે સમારંભ યોજ્યો હતા - બહુ ટૂંકા ઋણસ્વીકાર બે બોલમાં એમણે પોતાની સંસ્થા પ્રત્યે, પોતાના વિદ્યાર્થીઓ પ્રત્યે, પોતાના સ્ટાફ પ્રત્યે અને પોતાના મિત્રો પ્રત્યે વ્હાલ વ્યક્ત કરતા કહ્યું હતું કે ''અગર જો મૃત્યુ પછી આ પૃથ્વી પર પુનઃ આવવાનું થાય તો અહીં જ, આજ સંસ્થામા, આવા જ વિદ્યાર્થી અને સ્ટાફ વચ્ચે અને આવા જ સ્વજનો વચ્ચે પુનઃ પુનઃ જીવવાનું પસંદ કરું'' એમના શબ્દો આજે અનાયાસ પડઘાય છે અને થાય છે કે મહેતા સાહેબ અહીં કહીં આસપાસમાંજ અંકુરી રહ્યા હશે.

વર્ષો પહેલા નવસારીથી એક સત્વશીલ સુગંધી છોડ સૂરત આવીને રોપાયો અને સેવાનુ વટવૃક્ષ બનીને મહોર્યો - અને નવસારી અને સૂરતની ધરતીના સંબંધને મહેકથી જોડનાર સદ્‌ગત મિત્ર કુંજવિહારીભાઈને અંતરમનથી સલામ.

ઈન્દુમૌલિએ આ શ્રાદ્ધપક્ષમાં આ દ્વારા મિત્રને સ્મરણ કરવાની તક આપી એ માટે એમના તંત્રીમંડળને અભિનંદન.

• • •

## સાભાર સ્વીકાર

- 'સ્પંદિની' - કવિશ્રી રતુભાઈ દેસાઈ (બારમાસી સર્જનનો લઘુકાવ્યોનો ફાલ), મૂલ્ય : રૂ. ૨૦/-
  પ્રકાશક : મૃણાલ દેસાઈ
  પરિમલ પ્રકાશન પ્રતિષ્ઠાન, પાર્વતી, હનુમાન રોડ, વિલેપારલે (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૫૭.
- 'આતિશનો ઉજાસ' (ગઝલ સંગ્રહ) - આતિશ પાલનપુરી
  પ્રકાશક - હેમંત એમ. શાહ
  કુસુમ પ્રકાશન, ૬૧એ, નારાયણ નગર સોસાયટી, જયભીખ્ખુ માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.
- 'સ્પર્શ, તારા શબ્દનો' (ગઝલ સંગ્રહ) મૂલ્ય રૂ. ૪૦/-
  સંપાદકો - આતિશ પાલનપુરી, ચંદુ મહેસાનવી
  મુખ્ય વિક્રેતા - કુસુમ પ્રકાશન, ૨૨૨-સર્વોદય કોમર્શિયલ સેન્ટર, બીજે માળે, સલાપસ રોડ, જી.પી.ઓ પાસે, અમદાવાદ - ૩૮૦ ૦૦૧
- (અ) 'ગુરુદત્ત : એક અશાંત કલાકાર'- ઈશાક મુજાવર અનુવાદકઃ જસવંતી દવે, મૂલ્ય રૂ. ૬૦/-
  (બ) 'ચહેરા.....મહોરાં' - ઈશાક મુજાવર અનુવાદક - જયા મહેતા મૂલ્ય રૂ. ૬૫/-
  પ્રકાશક : ઈમેજ પબ્લિકેશન પ્રા. લિ.
  રજી. ઓફિસ : સહજાનંદ પ્રિમાઈસીસ, આચાર્ય દોંડે માર્ગ, શિવરી, મુંબઈ - ૪૦૦ ૦૧૫.
  - ડી-૩૩, સીલ્વર પાર્ક, એલીશબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬
- 'શબ્દ ભીતર વહે' (હાઈકુ સંગ્રહ) - ચંદુ મહેસાનવી મૂલ્ય રૂ. ૧૫/-
  પ્રકાશક : હેમંત એમ. શાહ
  કુસુમ પ્રકાશન, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.

# સામાન્ય છતાં અસામાન્ય માનવી : કુંજવિહારી મહેતા

● રમેશ ઓઝા

શ્રી સતીશભાઇ પંડ્યાનું સૂચન થયું કે ''ઇન્દુમૌલિ'' સ્વ. આચાર્ય કુંજવિહારી મહેતા વિષે એક ખાસ અંક પ્રગટ કરવા માગે છે અને તે માટે મારે કંઇક લખવું. એમણે સ્વ. મહેતા સાહેબના વ્યક્તિત્વના અનેક પાસાંઓનો નિર્દેશ કરીને એમાંથી કોઇ એકની પસંદગી કરવા પણ કહ્યું, એટલે લખવાનું કામ કઠિન થઇ ગયું. એ વ્યક્તિત્વને એટલા બધાં પાસાં હતાં અને એમાનાં અનેકનો એટલા બધાં વર્ષોનો થોડીવત્તી માત્રામાં પ્રત્યક્ષ પરિચય તેમજ અનુભવ મનના ખૂણે ભંડારાયેલો પડયો છે કે એમાંના કોઇ એક વિષે લખવામાં એવુંજ લાગે જાણે એક રેખાકૃતિ જે દોરવાની હોવા છતાં એ રેખાઓ અધૂરી, ખંડિત રહેવા દીધી છે. વળી એક લેખની મર્યાદામાં એમના વિષે અખિલાઇથી લખવાનું પણ શક્ય નથી. ત્રીજી વાત એ છે કે એ વ્યક્તિત્વના વિવિધ પાસાઓનું એકબીજામાં એવું dovetailing થયેલું હતું કે એકની વાત કરતાં બીજી બાજુએ સ્પર્શવાનું અનિવાર્ય બની જાય. આ પરિસ્થિતિમાં સંપાદક શ્રી સતીશભાઇએ નિર્દેશેલી શિસ્તની રેખા ભેળસેળ થાય કે ભૂંસાઇ જાય તેવું આ લેખને વિષે બનવા સંભવ છે.

તેઓ આજીવન અસાધારણ શિક્ષક રહ્યા અને એમનો પ્રથમ પરિચય શિક્ષકના રૂપમાં જ થયો. શિક્ષક રહ્યે રહ્યે અને શિક્ષક તરીકે જરા પણ ઊણા ઉતર્યા સિવાય એ શિક્ષણસંચાલક બન્યાં. સાર્વજનિક સોસાયટીના માનદ્ મંત્રી તરીકે પૂરા તેંત્રીસ વર્ષ સુધી કામ કરવું એ જેવી તેવી વાત ન હતી. પણ મુ. મહેતા સાહેબે આટલા સુદીર્ઘ સમય સુધી શૈક્ષણિક વહીવટ સંભાળ્યો તે એ વાતનું પ્રમાણ પૂરું પાડે છે કે એ પણ કાંઇ જેવા તેવા વહીવટકાર ન હતા. એમના અકાળ મૃત્યુ નિમિત્તે એમને શોકાંજલિ અર્પવા મળેલ સભામાં જસ્ટિસ ડી.એ. દેસાઇએ યોગ્ય રીતે જ કહેલું કે છેલ્લાં તેંત્રીસ વર્ષનો સોસાયટીનો ઇતિહાસ અનિવાર્યપણે કુંજવિહારી મહેતાની જીવનકથા રૂપ બનવાનો. વહીવટી દક્ષતાનો એ તંતુ જુદી જુદી હેસિયતમાં યુનિવર્સિટી કક્ષાએ પણ લંબાયો. અનેક વિષયો પર ધારાપ્રવાહે બોલનારા અને શ્રોતાવૃન્દનું સંમોહન કરી શકનાર વક્તા હોવા સાથે એમની લેખન પ્રવૃત્તિ પણ એટલીજ અસ્ખલિત રૂપે મૃત્યુ પર્યંત ચાલી. આજે ચાર વર્ષે ભાઇ કશ્યપે તો ગમે તેમ મન કઠણ કર્યું છે. મુ. લીલાબહેનની સમતા અને સહનશીલતાને નમન કરવાનું મન થાય. અને છતાં બહેન સ્વાતિની આંખના આંસુ આજે પણ સુકાતાં નથી એ જોઇ એ કેવા કુટુંબવત્સલ વડિલ હતા તેની કલ્પના થઇ શકે. એ એવા પારકી રાતના જાગતલ હતા કે શાબ્દિક રીતે અરધી રાતે કામ પડે ને મહેતા સાહેબને કહ્યું હોય તો એ વ્યક્તિગત સગવડને અવગણીને બીજાની ભેરે ચડતા. ગરીબ, દુઃખી, જરૂરતમંદ લોકો માટે એમના ઘરનું બારણું હંમેશા મોકળું ઉઘડેલું રહે. કોઇની વીતક સાંભળીને મહેતા સાહેબની આંખના ખૂણામાં પાણીની ચમક ઊભરી આવતી તે જોઇ appearance અને reality ના ભેદની પ્રતીતિ થતી. બહારથી કંઇક કઠોર-કરડાકી પણ લાગે-તેવો દેખાવ કરીને માણસને માપતા આ માણસના હૃદયની ઋજુતાએ આંતરિક રીતે હચમચી ઉઠેલા કે તૂટી પડવાની અણીએ આવેલા અસંખ્ય લોકોને જે સાંત્વના, સહાય અને હૂંફ આપી છે એની વાત કરતાં એક પુસ્તક ભરવું પડે. ગરીબ, દુઃખી માટેની હમદર્દી એમનામાં લગભગ obsession-ની હદે પહોંચે એટલી તીવ્ર હતી.

આ કાંઇ એમણે કેળવેલી કે મેળવેલી વ્યક્તિતા ન હતી. આજ એમનો સ્વ-ભાવ હતો. કુંજવિહારી મહેતાની કોઇ પણ ઓળખાણ મનુષ્ય તરીકેની એમની ઓળખાણ આગળ ગૌણ બની જાય એવી એમની મનુષ્યત્તા હતી. એનો અર્થ એવો નથી કે તેઓ મહામાનવ હતા. હતા તો એ સામાન્ય માણસ. સામાન્ય પરિવારમાં જ જન્મ્યા અને મોટા થયા. વિટંબણાઓ પણ વેઠી અને સ્વપુરુષાર્થે આગળ આવ્યા. પણ એમનામાં જે માનવીય ગુણો પાંગર્યા તેનું કારણ પણ આજ હતું કે સામાન્ય સ્તરના કે ગરીબ માણસને જીવનમાં કેવા કેવા સંઘર્ષોનો સામનો કરવો પડે છે તેનો એમને જાત અનુભવ હતો. સમાજના આવા મનુષ્યો સાથે એમનો લાગણીનો અનુબંધ સહજ રીતે થઈ શકતો. એમણે પોતાનાથી બન્યું તે રીતે કેવા કેવા માણસોને કેવી કેવી વિપદાઓમાં સહાય કરી એનો વૃતાંત ઘણો લાંબો થઇ જાય. એટલું જ કહેવું પૂરતું થઇ પડે કે અનેક લોકો એમની

સાથે જે આત્મીય ભાવ અનુભવી શકતા તેની પાછળ એમની આ સહજ સ્રવતી માનવતા હતી.

ઉપર કહ્યું તેમ તેઓ એક સામાન્ય પ્રકારના માનવી હતા. પણ એ કારણે બીજા લોકોને અંતર નહોતું અનુભવાતું બલ્કે એમની સાથે પોતાપણું અને નિકટતાનો ભાવ જાગતો. મને ઘણીવાર સામાન્ય મનુષ્યની આધ્યાત્મિકતા શામાં રહેલી છે તે વિચારતાં એમ લાગે છે કે કોઇનું અજાણ્યે પણ અહિત ન કરવાની ખેવના રાખવી, અન્યને કોઇ પણ રીતે સહાયરૂપ થવામાં જીવનની સાર્થકતા સમજવી, પોતાના પ્રાપ્ત સાંસારિક-સામાજિક કર્તવ્યોને નિષ્ઠાપૂર્વક બજાવવાં, આવું આવું કરનાર માણસમાં પણ આધ્યાત્મિકતા જ પ્રગટતી હોય છે. સ્વ. કુંજવિહારી મહેતા બાહ્યરૂપે ધાર્મિક હોવાનું જાણ્યું નથી. ઊલટું દાંભિક ધાર્મિકતા તેમ જ એવી ધાર્મિકતાનું પ્રદર્શન કરનારાઓ પ્રત્યે એ હંમેશા આક્રોશ ઠાલવતા. ઇશ્વરનો પ્રગટ રૂપે ઇનકાર પણ નહિ કે એના અસ્તિત્વને પૂરવાર કરવાનો તાર્કિક વ્યાપાર પણ નહિ એવું એમનું વલણ જોવામાં આવતું. ધરમને નામે થતા આડંબર કે ઉધમાતોના એ સખત ટીકાકાર હતાં. સૂરતમાં રેશનાલિસ્ટ પ્રવૃત્તિ શરૂ થઇ તેમાં એમના કેટલાંક વૈચારિક વલણો અને એમના લેખો સંચાલક બળ બની રહ્યા એ જાણીતી વાત છે. અને છતાં એમનામાં પૂરા કસની આધ્યાત્મિકતા હતી એવી મેં પ્રતીતિ કરી છે. એમની આ આધ્યાત્મિકતાને સમજવા આપણે ચીલાચાલુ વ્યાખ્યાઓના ચોકઠામાંથી બહાર નીકળવું પડે એટલું જ.

ફરી દોહરાવું કે તેઓ અસામાન્ય પ્રકારના સામાન્ય માનવી હતા. ઘણીએ મનુષ્ય સહજ નિર્બળતાઓ એમનામાં નહોતી એમ નહિ. એ જલદી ગુસ્સે થઇ જતા. એમના રોષનો તાપ જીરવવો દુષ્કર હતો. એમનામાં ઘર કરી ગયેલા કેટલાક પૂર્વગ્રહો હતા અને તે વાતવાતમાં વ્યક્ત પણ થતા. એમના વ્યક્તિઓ પ્રત્યેના ગમાઅણગમા હતા જ એની ના નહિ કહી શકાય. એઓ ઘણી વાતે જલદી દુભાઇ જતા, છંછેડાઇ જતા, રિસાઇ પણ જતા. કદાચ આ કારણે ઘણા લોકોના મનમાં એમના વિષે કેટલીક ગેરસમજો પણ ઊભી થતી. એ કારણે કયારેક લોકો એમને વિષે આકરાં-અકારાં વચનો પણ કહેતા અને તેની એમને જાણ પણ થતી. પણ એમના સહવાસ થકી એક વાત એ જોવા મળી કે એમના વિષે કઠોર-કડવું અને અઘટિત ટીકાભર્યું વલણ કે વર્તન કરનાર વ્યક્તિ પણ મુશ્કેલીમાં એમની પાસે સલાહ, સહાય કે માર્ગદર્શન માટે આવે ત્યારે એઓ આ અંગત લાગણીઓને તત્ક્ષણ વીસરી જઇ આવનાર એ વ્યક્તિને પણ જે રીતે બને તે રીતે સહાયરૂપ થતા. સેંકડો કિસ્સાઓમાં એમની આ અસાધારણ વ્યક્તિમત્તાના સાક્ષી બનવાનું થયું છે, અને એ જ એમની સામાન્ય માણસની આધ્યાત્મિકતા હતી એવી મને પ્રતીતિ થઇ છે.

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના એ મંત્રી હતા અને એ હેસિયતમાં દરેક વખતે દરેકને ગમે તેવા નિર્ણયો લેવાનું એમને માટે શકય ન હતું. પણ આવા લોકોને પણ તત્કાળ ભલે ગમે તેટલું એમનું વલણ અપ્રિય લાગ્યું હોય, સમય જતાં એ વ્યક્તિ ફરી એમની જ પાસે મદદ માટે આવવામાં સંકોચ કે સંદેહ કયારેક રાખતી નહિ. જો કોઇની સાથે ઉગ્રતા પણ થઇ જાય તો એવી ઉગ્રતાને breaking point સુધી પહોંચવા ન દેવાની એમની કુનેહ અદ્‌ભુત હતી. અને એમ કરવામાં કોઇ વાણિયાઇ વ્યવહારુ શાણપણથી એ પ્રેરાતા હતા એમ નહિ, પણ આવી ક્ષણિક લાગણીની નિરર્થકતા એમને તરત સમજાઇ જતી. છૂટેલું તીર કોઇને ઘાયલ કરી નાખે તે પહેલાં એને પાછું ભાથામાં મૂકી દઇને એ માણસોને જીતી શકતા. વિશેષતા તો એમની એ હતી કે એ ક્ષણિક લાગણીના આવેશની કોઇ અસર ત્યાર પછી એમના વ્યવહારમાં કે અભિગમમાં રહેતી નહિ. અને એની જો કોઇ અસર રહેતી તો તે એટલી જ કે આવી ક્ષણિક માનવીય ક્ષુલ્લક વૃત્તિમાં વહી જવા બદલ આત્મ ઉપાલંભની, પોતાના વ્યવહાર પર પોતે જ નારાજ થવાની.

આજે એ વ્યક્તિ સદેહે નથી. પણ એની સ્મૃતિ ઝંખવાતી નથી. એમને હજારો લોકો પ્રેમપૂર્વક આજે પણ સંભારે છે અને સંભારતા રહેશે. એ જ તો કોઇ વ્યક્તિના જીવનની સાર્થકતા અને તેના મૃત્યુની મંગળમયતાનો માપદંડ છે.

કદાચ ઉમાશંકર જોષીએ એટલે જ કહ્યું છે કે
મોટાઓની અલ્પતા જોઇ થાક્યો
નાનાની મોટાઇ જોઇ જીવું છું.

• • •

# કે. સી. મહેતા : મુરબ્બી શુભેચ્છક મિત્ર

● ડૉ. બી. એ. પરીખ (માજી ઉપકુલપતિ, દ.ગુ. યુનિવર્સિટી)

૧૯૫૫ જૂનમાં સૂરત આવ્યો. તે દિવસથી માંડીને તેમના અવસાનના દિવસ જાન્યુઆરી ૯૪ સુધી સ્વ. કે.સી. મહેતા સાથે મારે અંગત, હુંફાળા, પરસ્પર સદ્‌ભાવના સંબંધો રહ્યાં. આમતો આ ૩૯ વર્ષો દરમિયાન કે.સી. મહેતા સાથે ૧૯૯૧માં કુલપતિ થયો ત્યાં સુધી તો લગભગ દરરોજ રૂબરૂ કે ફોન ઉપર મળવાનું બને. તેઓ ૧૯૮૩ સુધી એમ.ટી.બી. આર્ટસમાં આચાર્ય અને સહકાર્યકર. હું ઉપાચાર્ય. આચાર્ય તરીકે નિવૃત્ત થયા પછી તે સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના સેક્રેટરી અને ચુનીલાલ ગાંધી વિદ્યાભવનના અધ્યક્ષ તરીકે રોજ સોસાયટી ઓફિસમાં તો આવે જ, એટલે પણ મળવાનું, ખબરઅંતર પૂછવાનું અને શુભેચ્છાઓની આપલે કરવાનું બને.

કે.સી. મહેતામાં માણસો પારખવાની અજબ સૂઝ. કામ કરનાર, કામઢી, સનિષ્ઠ માણસોના બધાં જ ગુણો કંઇ તેમને ગમે નહિ છતાં તેને પ્રોત્સાહન આપે, આગળ કરે. વ્યક્તિની શક્તિઓ પારખી તેને કામ સોંપે. ઢોંગી આડંબરી વ્યક્તિઓને અળગા રાખે. તેમના વ્યક્તિઓ પ્રત્યેના ગમા-અણગમા પણ ભારે. અણગમતી વ્યક્તિઓને કદાચ કામ ન ચીંધે પરંતુ તેમને ઉતારી પાડવા કે નુકસાન કરવાની વૃત્તિ જરાય નહિ. ઉલટું એવી વ્યક્તિઓને જયારે મદદની જરૂર પડી હોય ત્યારે સામે ચાલીને સહાય કરી છે.

વહીવટમાં નિષ્ઠાવાન, મૂલ્યનિષ્ઠ, શિસ્તપ્રિય છતાં નિયમોના જડ ચોકઠાને વળગી રહેવાનું નહિ. માનવીય અભિગમ. માણસની સાચી મુશ્કેલી હોય તો તેમાં મદદરૂપ થવું. આમ કરવામાં પણ હું કરું છું તેઓ ભાર જરા પણ નહિ. આ સ્વભાવને કારણે તેમની સાથે સંકળાએલા ન હોય એવા અપરિચિત માણસો પણ સલાહ, સહાય માટે આવે, અને તે તેમને મદદરૂપ પણ બને. કૉલેજના આચાર્ય અને સોસાયટીના મંત્રી તરીકે વિદ્યાર્થીઓ, વાલીઓ, અધ્યાપકો, નાગરિકો એમ અનેક વ્યક્તિઓના નિકટના સંપર્કમાં આવવાનું બને. ગરીબો પીડીતો પ્રત્યે સહાનુભૂતિ ઘણી. અને તેથીજ ગરીબોને વૈદકીય સહાય કરતા શિશુસહાય ટ્રસ્ટ સાથે તેઓ છેલ્લાં વર્ષોમાં સક્રિય રીતે સંકળાએલા હતા.

મારી તેમજ મારા કુટુંબના સભ્યોની કોઇ પણ સિદ્ધિ-પ્રગતિ થાય તેમાં હરખ વ્યક્ત કરવામાં તે સૌથી પહેલા હોય. ૧૯૬૦માં સાર્વજનિક સોસાયટીમાં અધ્યાપકોમાંથી આજીવન સ્વયં સેવક તરીકે કેટલાકની પસંદગી કરવાની હતી. તેમાં મારા નામની તેમણે ભલામણ કરી. ૧૯૬૧માં હૉસ્ટેલનો વોર્ડન બન્યો, ૧૯૭૦માં ઉપાચાર્ય બન્યો, તે દરેક પ્રસંગે તેમણે મને આગળ કર્યો. તેમની કાર્યપ્રદ્ધતિ વહીવટકર્તા માટે અનુકરણીય છે. જે વ્યક્તિઓને કામ સોંપે તેને પૂરી જવાબદારી પણ સોંપે. આ રીતે એમ.ટી.બી. કૉલેજમાં વિદ્યાર્થી કાઉન્સિલ, રમતમગત, સમયપત્રક, હૉસ્ટેલ વહીવટ, વિદ્યાકીય કાર્યક્રમો, પરીક્ષા સંચાલન એમ દરેક બાબતોમાં મને કામ કરવાની, નિર્ણયો લેવાની અને અમલ કરાવવાની મોકળાશ, કોઇ વ્યક્તિને મારા નિર્ણય સામે રજુઆત કે વાંધો હોય તો પણ તે તેમને કહે કે "આ બાબતમાં નિર્ણય પરીખ સાહેબનો છે, તમે તેમને મળો." એકજ પ્રસંગ નોધું છું "એમ.ટી.બી. આર્ટસ કૉલેજના એક હૉસ્ટેલની વિદ્યાર્થીનીને શિસ્તના કારણોસર બીજા વર્ષે મેં પ્રવેશ ન આપ્યો. તે વિદ્યાર્થીનીના વાલી આચાર્ય કે.સી. મહેતાને મળ્યા. કે.સી. મહેતાએ તેમને કહ્યું "પરીખ સાહેબનો નિર્ણય વ્યાજબી જ હોય, હું તેમાં દખલ નહિ કરું". તે વાલી તે સમયના સોસાયટીના ચેરમેન ડૉ. આર.કે. દેસાઇને મળ્યા. ડૉ. આર.કે દેસાઇએ સંદેશો કે.સી. મહેતાને પાઠવ્યો. કે.સી. મહેતાએ મને કહ્યું કે "આ વિદ્યાર્થીનીના પ્રવેશ બાબતે ડૉ. આર.કે. દેસાઇનો સંદેશો છે." સોસાયટીના ચેરમેનશ્રીની વિનંતીની અવગણના કરવાનું મારા માટે અવિવેક પણ લાગે. છતાં મેં જણાવ્યું કે "હું તો ઉપાચાર્ય છું, હૉસ્ટેલ રેકટર છું, આચાર્ય વતી કામગીરી કરું છું. અંતિમ નિર્ણય તો આચાર્ય લઇ શકે

છે. આ વિદ્યાર્થિનીને પ્રવેશ આપવાના મતનો હું નથી. છતાં તમે આચાર્ય કે ચેરમેન ડૉ. આર.કે. દેસાઇ મારા મતની ઉપરવટ જઇ વિદ્યાર્થિનીને પ્રવેશ આપવા ભલામણ કરી શકો છો! મારો આ સંદેશો ડૉ. આર.કે. દેસાઇને પ્રિ. કે.સી. મહેતાએ પહોચાડ્યો. પરંતુ બંનેમાંથી કોઇએ મારા નિર્ણયની અવગણના કરી વિદ્યાર્થીનીને પ્રવેશ આપવાનો આદેશ ન આપ્યો, માત્ર એટલું જ કહેવડાવ્યું કે ''છોકરી છે, આ વર્ષે ઠોકર ખાધી છે, સહાનુભૂતિપૂર્વક વિચારી યોગ્ય લાગે તો પ્રવેશ આપશો.

એમ.ટી.બી. આર્ટસ કૉલેજનું વિદ્યાકીય વાતાવરણ ઘણું મોકળાશવાળું અને પ્રોત્સાહક. એની પરંપરાઓ અને પ્રણાલીઓ પણ સિધ્ધાંતનિષ્ઠ, મૂલ્યલક્ષી અને વિદ્યાકીય. આ પરંપરાને કે.સી. મહેતાએ વિકસાવી અને વિસ્તારી. અને એથીજ એમ.ટી.બી. આર્ટસ કૉલેજના ઘણા અધ્યાપકોએ વિદ્યાકીય ક્ષેત્રે નામના મેળવી છે. ૧૯૮૫થી હું સક્રિય રીતે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વહીવટમાં જોડાયો. સિંડિકેટ તેમજ અનેક અધિકાર મંડળોનો સભ્ય બન્યો. વિનયન વિદ્યાશાખાનો અધ્યક્ષ બન્યો. આ દરેક બાબતમાં તેમની શુભેચ્છા અને પ્રોત્સાહન. ૧૯૯૧ ઓગષ્ટમાં કુલપતિ થયો ત્યારે અભિનંદન આપવા હરખ પ્રગટ કરવા સૌ પ્રથમ આવનારાઓમાંના તે એક. યુનિવર્સિટીના વહીવટમાં સમસ્યાઓ અને સંઘર્ષોનો સામનો કરવામાં પણ તેમની સલાહ અને હૂંફ. મારા કૌટુંબિક સભ્યોની પ્રગતિ અને વિકાસમાં પણ તેઓનું અંગત વડીલ, શુભેચ્છક તરીકે હંમેશા પ્રોત્સાહન.

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના તે ૧૯૬૦થી મૃત્યુપર્યંત સેક્રેટરી. અને તેઓ તેમની સોસાયટી સાથેની એકરસતાને પરિણામે 'સોસાયટી એટલે કે.સી. મહેતા' એવો પર્યાય બની રહ્યાં. સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી આજે જે પ્રશ્નોમાં અટવાય છે, જાહેર જીવનમાં વિવાદના સ્તરે ઊતરી ગઇ છે, આંતરિક વહીવટના પ્રશ્નોથી ભરપૂર છે, તે કે.સી. મહેતા હયાત હોત તો આવી પરિસ્થિતિ ન આવત. એમ સૌ હિતચિંતકો માને છે.

ગુજરાતીના અધ્યાપક તરીકે કે.સી.મહેતા વિદ્વાન અને કુશળ વક્તા અને પ્રભાવશાળી. કોઇ પણ વકતવ્યમાં જુદા જુદા ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી વિદ્વાનોના અવતરણો, કાવ્યપંક્તિઓ તેઓ સુંદર રીતે વણી લેતા જે તેમને કંઠસ્થ હોય. પરંતુ સોસાયટીના મંત્રી તરીકે વહીવટમાં ખૂંપી જવાને પરિણામે તેમનું વિદ્યાકીય પાસું ઝાઝું વિકસાવી શક્યા નહિ, વિકસી શક્યું નહિ. પરંતુ વિધાકીય ક્ષેત્રે રહેલી તેમની શક્તિનો બીજા રૂપમાં, શૈક્ષણિક સંસ્થાના અને જાહેર વહીવટ ક્ષેત્રે એક ઘટાટોપ તરીકે વિકસી, વિદ્યાકીય ક્ષેત્રે એ ઊણપનો વસવસો ભૂલાઇ જવા પામ્યો છે. ૧૪ જુલાઇ એમનો જન્મદિવસ. એમના મૃત્યુ પછી પણ એમના કુટુંબીજનોને એમના જન્મદિવસે યાદ અપાવી કે.સી. મહેતાનું સ્મરણ કરી અંજલિ આપું છું.

• • •

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સૂરત, ટી.વાય. બી. કોમના ગુજરાતીના અભ્યાસક્રમ માટે ૧૯૯૭થી ત્રણ વર્ષ માટે જેની પસંદગી થઈ છે તે ચંદ્રકાન્ત પંડ્યાની કલમે લખાયેલી ''બાનો ભીખુ'' પુસ્તકની સાતમી આવૃત્તિ પ્રગટ થઈ ચૂકી છે

પ્રકાશક : ભરતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
મુંબઈ - ૪૦૦ ૦૦૨, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.

કિંમત : રૂા. ૬૫/-

# અમારા પપ્પાજી

● કશ્યપ મહેતા

મારું બાળપણ નવસારીમાં વીત્યું અને પપ્પાજી સુરતમાં એટલે શૈશવના અમૂલ્ય દિવસો દરમ્યાન અમારા જીવન ઘડતરમાં મારાં દાદીમા કપિલાબેન અને માતા લીલાવતીનો રોજબરોજનો પ્રત્યક્ષ ફાળો હોવા છતાં પૂ. પપ્પાજીનો પરોક્ષ ફાળો જરાય ઓછો નહોતો. દાદીમાની ધર્મપરાયણતાએ અમને ભગવાન પ્રત્યેની શ્રદ્ધા આપી તો પૂ.પપ્પાજીએ ધર્મને વાસ્તાવિક દૃષ્ટિકોણથી, અંધશ્રદ્ધામાં સરી પડવા કરતાં સમજપૂર્વક વિશ્લેષણ કરવાની સમજ આપી. પ્રારબ્ધ નહીં પણ પુરુષાર્થ જ મહાન છે એવું શીખવ્યું.

દર શનિવારની રાત્રે પપ્પાજી આવી જતા અને રવિવાર આખો દિવસ રોકાતા પરન્તુ એ દરમ્યાન મુલાકાતીઓનો પ્રવાહ અમારા સમયમાં કાપ મૂકતો. રવિવારની સાંજે સ્વ. ઈન્દ્રવદન શુકલ, સ્વ. મોરારજીભાઇ પટેલ અને મુ.શ્રી ચંદ્રકાંતભાઇ પંડ્યા જોડે ચાલવા-ફરવા જવું એ વર્ષો સુધીનો ક્રમ રહ્યો.

સામાન્ય આર્થિક પરિસ્થિતિમાંથી શરૂઆત કરનાર પપ્પાજી કંજૂસ નહોતા પણ કરકસર જરૂર કરતાં. નવસારી આવવા માટે અમારા નાનપરાના ઘરથી સ્ટેશન સુધીનું અંતર પગે ચાલીને જ કાપી નાખતાં. તે જ પ્રમાણે નવસારી સ્ટેશનથી ગોલવાડ ગેટનું અંતર પણ પગે ચાલીને જ કાપી નાંખતા. કોઇ વાર ટ્રેઇન મોડી થઇ હોય તો બસમાં આવતાં પરન્તુ તે જમાનામાં સ્ટેશનથી ફુવારાના પાંચ પૈસા હતાં અને ગોલવાડ ગેટના દસ પૈસા હતાં. એટલે પાંચ પૈસા બચાવવા ફુવારા પર ઉતરી પડતા.

નવસારીમાં પહેલા ટાટા સ્કૂલ અને પછી મદ્રેસામાં ભણેલા મુ. ઉમિયાશંકર મહેતા એમના ગુરુ, એમની સાથે નિકટનો સંબંધ. મોટેભાગે રવિવારે સમય કાઢી એમને મળવા જતાં. રસ્તામાં હરકીશનદાસ વી. ટેલરની દરજીની દુકાન આવે. છેલ્લે સુધી હરકીશનભાઇ જ એમના કપડાં સીવતાં. તે પછી સૂટ હોય કે કફની પાયજામો. હરકીશનભાઇ સાથે એમની મૈત્રી થોડી નવાઇ ભરેલી લાગતી. ઉત્તરોતર એમને સામાજિક માન-મોભો મળ્યાં કૉલેજનાં આચાર્ય બન્યાં છતાં એમનો હરકીશનદાસભાઇ પ્રત્યેનો અનુરાગ એવો ને એવો જ રહ્યો. ઉમળકાથી એમને આવકારતાં, એમની દુકાને કલાકેક બેસતાં.

સૂરતમાં ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અને ડૉ. આર. કે. દેસાઇ સાથે એમે અંગત આત્મીયતા. ત્રિવેદી સાહેબને પિતા સમાન ગણતા અને સગો દીકરો કરે એવી કાળજી રાખતાં. ત્રિવેદી સાહેબ પણ કુંજભાઇ કહીને નાનામાં નાની વાત માટે એમની સલાહ લેતાં. બન્ને વચ્ચેના ગુરુ શિષ્યનો સંબંધ એટલો અંગત બની ગયેલો કે આવું પરમ સદ્ભાગ્ય ભાગ્યેજ કોઇને નસીબ થાય. ડૉ. આર. કે. દેસાઇ સાહેબ એક વિરલ વિભૂતી હતાં. એમનું તબીબી જ્ઞાન અમાપ હતું અને અંગ્રેજી સાહિત્યમાં પણ ઊંડું જ્ઞાન. પૂ.પપ્પાજીની તબીબી વિજ્ઞાન પ્રત્યેનો જીજ્ઞાસુ અભિગમ એમને ડોકટર સાહેબની વધુ નજીક લઇ ગયો. બન્ને વચ્ચે બંધુઓ જેવી આત્મીયતા. છતાં સોસાયટીના મુદ્દે કોઇક વાર મતભેદ જરૂર થતો છતાં આર. કે. અને કે. સી. વચ્ચે મનભેદ ક્યારેક નહોતો થયો. ડૉક્ટર સાહેબ અને ત્રિવેદી સાહેબના અવસાનથી પૂ.પપ્પાજીને ઊંડો આઘાત લાગેલો.

કડક શિસ્તના આગ્રહી અને કૉલેજમાં ભારે કડપ છતાં એક પિતા તરીકે અત્યંત પ્રેમાળ. ઋજુતા અને સંવેદનશીલતા એ એમના વ્યક્તિત્વનું ઉમદા પાસું અમે અનુભવ્યું છે. અમારા અભ્યાસ અંગે સતત સજાગ રહી અમને વખતો વખત માર્ગદર્શન પૂરું પાડ્યું છે. વિપરિત સંજોગોમાં સ્વસ્થતા જાળવીને સતત પ્રયત્નશીલ રહેવાનું શીખવ્યું છે. અવારનવાર કાલિદાસથી માંડીને રવીન્દ્રનાથ સુધીની પંક્તિઓ ટાંકતા. કયારેક એમની સાથે કોઇક મુદ્દે મતભેદ થતો અને અમે દલીલ કરતાં તો પછી છેલ્લે બોલતાં. ''અમારા હજાર વર્ષ અંધારે ગયા તમે આવા ડાહ્યાં ક્યાંથી થયાં?''

એમનો જુસ્સે અને અન્યાય સામે લડવાની પ્રબળ વૃત્તિ, ખોટું કદી કરવું નહીં અને ખોટું કદી ચલાવવું નહીં એવી ઉમદા ફિલસૂફી, કયારેક પોતાની જાતને જોખમમાં મૂકતાં અચકાતાં નહીં. એક વાર નવસારીમાં અમારા ઘર નજીક રસ્તા પર બે અજાણ્યા યુવાનો વચ્ચે મારામારી થતી હતી. આજુબાજુ ટોળે વળેલા સોએક માણસો ફક્ત દૂરથી તમાશો જોઇ રહ્યાં હતાં. કોલાહક સાંભળી પપ્પાજીએ બારીએથી જોયું અને પળનો પણ વિચાર કર્યા વગર ઝડપભેર દાદર ઊતરી ટોળાની વચ્ચે જઇ પેલા બે યુવાનોને છૂટા પાડયાં.

એવો જ બીજો પ્રસંગે યાદ આવે છે. એ વખતે એમ.ટી.બી. કૉલેજના આચાર્ય અને સાર્વ.એજયુ. સોસાયટીના મંત્રી. સોસાયટીએ કેમ્પસમાં બીજો દરવાજો મૂકી વાહનોને પ્રવેશ ત્યાં અટકાવવાનું નક્કી કર્યું. જેથી કૉલેજમાં ખલેલ ન પહોંચે. આ સામે વિદ્યાર્થીઓએ હડતાલ પાડી. બન્ને કૉલેજના વિદ્યાર્થીઓનો રોષ ભારે હતો. અને એ જોઇને ત્યારના ડી.એસ.પી.એ (હું ભૂલતો ન હોઉં તો શ્રી સૈયદસાહેબ અને શ્રી ગુણવંતભાઇ હતાં) પોલીસની સહાયની ઓફર કરી જે એમણે નકારી. એમણે કહ્યું આ મારા વિદ્યાર્થીઓ છે પોલીસ કૉલેજમાં કેમ્પસમાં નહીં જ જોઇએ. એકલ હાથે વિદ્યાર્થીઓની સામે નમતું જોખ્યા વગર એમને નાથ્યાં.

એવી જ રીતે નવનિર્માણના આંદોલન વખતે કટોકટીના સમયગાળા દરમ્યાન કયારેક પોલીસને કેમ્પસમાં પ્રવેશવા દીધી ન હોતી. શ્રી કદીર પીરજાદાની કટોકટી વખતે થયેલી અટકાયત સામે પણ એમણે સતત પ્રયત્ન કરી એમને મુક્ત કરાવેલા.

પૂ.પપ્પાજીના અવસાન પછી ત્રીજે દિવસે એક અજાણ્યા વયોવૃદ્ધ મુસલમાન ચાચા અમારે ઘરે આવે છે. એમના ફોટા આગળ ફૂલો મૂકી ચોધાર આંસુએ રડે છે.પોતાની ઓળખાણ આપતાં એ કહે છે કે "નવસારી બજારમાં મારી સરબતની લારી છે. ગમે તેમ કરીને ગુજરાન ચલાવું છું. ત્યાં અચાનક ઘરમાં બિમારી આવી અને પૈસા મળે નહિ, મૂંઝવણમાં હતો ત્યાં કોઇકે કહ્યું કે મહેતાસાહેબ પાસે જા કામ થઇ જશે. નહીં ઓળખાણ નહીં પીછાણ. ગભરાતાં ગભરાતાં સાહેબ પાસે આવ્યો. મારી વીતક કથા કહી અને સાહેબે બધી ગોઠવણ કરી દીધી. પછી તો સાહેબ એક વાર જાતે મારી ખોલી પર આવ્યા!" આટલા બધા વ્યસ્ત હોવા છતાં આવો સમય ક્યાંથી કાઢતાં હશે એની અમને પણ ખૂબ નવાઇ લાગતી.

નર્મદ અને ગાંધી એમના આદર્શ. નહેરુ અને ડૉ.રાધાકૃષ્ણનની વિદ્વતા પ્રત્યેનો અહોભાવ વિશેષ હતો. નર્મદની નીડરતા અને અંધશ્રદ્ધા સામેની જેહાદને એમણે અવાર નવાર યાદ કરીને એમની કોલમો દ્વારા નર્મદને દક્ષિણ ગુજરાતની પ્રજાના માનસપટ પર જીવંત રાખ્યો હતો. નર્મદ જેવી વિભૂતીને જીવંત રાખવા માટે કુંજવિહારી જેવા પ્રહરીની જરૂરત કદાચ કોઇને ન જણાય પરન્તુ આ વખતે ૨૪મી ઓગષ્ટે નર્મદની ૧૬૫મી જન્મજયંતિ પ્રસંગે સૂરતના એકે ય વર્તમાન પત્રે આ પ્રસંગે નોંધ લીધી નથી એ હકીકત છે. બીજા દિવસે નર્મદના માનમાં યોજાયેલ કાર્યક્રમનો અહેવાલ જરૂર આવ્યો હતો.

ઘરમાં પણ સમય પાલનના એટલા બધા આગ્રહી કે અમને ઘણીવાર નવાઇ લાગતી કે વર્ષના ૩૬૫ દિવસ અને વર્ષો વર્ષ આજીવન માણસ નિયમબદ્ધ, સમયપાલન કરે અને એકાદવાર પણ ન કંટાળે એ કેટલું વિસ્મય ભરેલું લાગે. આટલા વર્ષોમાં કયારેય એમને માંદગીને કારણે સૂતેલા જોયા નથી. ખાવામાં એકદમ નિયંત્રિત અને સમય મુજબ જ જમવાનું. અમને બધાને ઘરમાં ફલુ થાય. મેલેરિયા થાય પણ એમને કદી કશું થયું નથી. નાદુરસ્ત તબિયતને કારણે એમણે રજા પાડી હોય એવું કદીય બન્યું નથી. સવારે નિયમિત નાહીને મોઢેથી શ્લોક ઉચ્ચારતાં પૂજા કરવા જાય. આસ્તિક હોવા છતાં હંમેશા પ્રારબ્ધ કરતાં પુરુષાર્થમાં જ માનતા. ગમે તેવા કપરા આઘાતને પણ પચાવી જતાં અને કયારેય એવા કોઇ કારણે એમની કાર્યક્ષમતા પર વિપરીત અસર નહોતી પડી. મારાં દાદીનું અચાનક અવસાન કે મારા કાકાનું અવસાન જેવા આઘાતના પ્રસંગે તેમની કાર્યક્ષમતા પર અસર થવા પામી નહોતી. આ બન્ને

વખતે પણ ''ગુજરાતમિત્ર''ની મંગળવારની કૉલમ ખોટકાઇ નહોતી. સતત ૨૬-૨૭ વર્ષો સુધી એમની આ કૉલમ ક્યારેક ન છપાઇ હોય એવું બન્યું નથી.

એમનો જીવ તો મૂળ સાહિત્યનો અને જો સોસાયટી અને કૉલેજના સંચાલનમાં ગળાડૂબ ન રહ્યાં હોય તો સાહિત્યના રસનું પ્રાકટ્ય જરૂર થયું હોત. બહોળું વાંચન અને ચીલાચાલું કરતાં એક વિશિષ્ટ દષ્ટિકોણથી કોઇ પણ બાબતને મૂલવવાની એમની સૂઝ અદ્દભૂત હતી. વ્યક્તિવિશેષને શબ્દમાં ઉતારવાની કળા પણ અદ્દભૂત હતી.

કોમી રમખાણાં દરમ્યાન જ્યારે સમગ્ર શહેર કર્ફ્યૂમાં ઘેરાયલું હતું અને હિંદુઓ અને મુસલમાનો પોતપોતાના વિસ્તારમાં નાકાબંધી કરી મારો-કાપોના વમળમાં ગળાડૂબ હતાં ત્યારે અમારા મોટર મિકેનિક સફીને ઘરે મુસલમાન બહુમતીવાળા વિસ્તારમાં જાતે એકલા જઇને ખબર કાઢી આવ્યા અને એના ગેરેજને તોફાની ટોળાએ સળગાવી મૂક્યું તે બદલ આશ્વાસન પણ આપ્યું હતું. પાછળથી સફીને બેંકમાંથી લોન પણ અપાવી હતી.

મોરબીની મચ્છુ ડેમ હોનારત વખતે જાતે ત્યાં ગયાં અને લગભગ એક અઠવાડિયા સુધી ત્યાં રહ્યાં, ન એમને થાક લાગતો કે ન રોગચાળાનો ભય.

બાળકો પ્રત્યે એમને વિશેષ લાગણી હતી. અમારી સાધારણ માંદગી પણ એમને ચિંતીત કરી મૂકતી. ઘરે મળવા આવેલ મુલાકાતી સાથે બાળક હોય તો અચૂક એની સાથે ગમ્મત કરી લેતાં. સમાજના નીચલા વર્ગ માટેના એમના પક્ષપાતમાંથી ''શિશુ સહાય ટ્રસ્ટ''નો જન્મ થયો. ઝૂંપડપટ્ટીમાં વસતા બાળકોને આરોગ્ય, શિક્ષણ અને સ્વાસ્થ્યના સ્તરને ઊંચું લાવવામાં એમણે અથાક પરિશ્રમ કર્યો. છેલ્લા વર્ષોમાં સોસાયટી ઉપરાંત આ ટ્રસ્ટની પ્રવૃત્તિમાં જ પરોવાયલાં રહેતાં.

આવા પ્રતિભાવંત વાત્સલ્યમૂર્તિ પિતા મળવા એ મોટું સદ્દભાગ્ય છે અને એમની ઓથ અચાનક છીનવાઇ જવી એ મોટું કમભાગ્ય છે.

આ લખતી વખતે એમ.ટી.બી. કૉલેજમાં ૧૯૮૩માં આચાર્યપદેથી નિવૃત્ત થયાં ત્યારે, એમના વિદાય પ્રવચનની અંતિમ પંક્તિઓ કાનમાં ગૂંજે છે.

તો ચાલો ત્યારે મિત્રો,<br>
બોલ્યું ચાલ્યું માફ<br>
મળાયું ન મળાયું. સૌને મારા રામ રામ.

• • •

''ઇન્દુમૌલિ'' માસિક ફેબ્રુઆરી ૧૯૯૮માં પ્રકાશનનું એક વર્ષ પૂરું કરશે આ પ્રસંગે એક વિશેષાંક પ્રગટ કરવાનો અમારો ઇરાદો છે. લેખક, કવિ, વિવેચકોને તેમની અપ્રગટ, મૌલિક, ઉત્તમ કૃતિઓ (સાહિત્યસર્જન) ૩૧-૧-૯૮ પહેલાં મોકલી આપવા વિનંતી.

# ગત સમય કેરા સ્મરણમાં

**● સ્વાતિ મહેતા**

મારા પપ્પાજી વિશે લખવાને માટે આજે આ કલમ ઉપાડી છે, ત્યારે પપ્પાજી આજે અમારી સાથે નથી એ ખ્યાલ માત્રથી મન ઉદાસ થઇ જાય છે. એક ચિરાડો મન ઉપર લીલો થાય છે.

આ લખું છુ ત્યારે ઘણીબધી સ્મૃતિઓ સ્મૃતિપટ પર ઉપસે છે. આ સ્મરણયાત્રા મને દૂર-સુદૂરના મારા બાળપણના દિવસોની, એ ઘર-નવસારીમાં, મોટી પંડ્યા ખડકીમાં, જયાં અમે રહેતા હતા ત્યાં લઇ જાય છે. નવ ઓરડાનાં એ વિશાળ ઘરના માળ ઉપર અમે, હું-મારો ભાઇ કશ્યપ, મારી મમ્મી તથા મોટી બા (મારા દાદીમા) રહેતાં હતાં. પપ્પાજી દર શનિવારે સુરતથી આવતા. શુક્રવારની સાંઝથી એક હવા ઘરમાં બંધાવા માંડતી. તે શનિવારની સાંજ પડવાની! શનિવારે જરાતરા અંધારું થાય એટલે હું ઘરની પાછલી અગાશીમાં ટીંગાઇ-ટીંગાઇને ગોલવાડ ગેટની દિશામાં જોય કરતી ને, પપ્પાજીની રાહ જોતી. વલસાડ લોકલમાં પપ્પાજી આવતા. સમયનું ભાન તો મારા બાળમનને હતું નહીં. એમ કરતાં કરતાં સાચેજ ગાડી આવવાનો સમય થાય ને ઘરનાં બધા જ વારાફરતી બારીએ ડોકિયાં કર્યા કરે, ને જેવા ગોલવાડ ગેટના વળાંક પર પપ્પાજી આવતા દેખાય તેવા અમે બે ભાઇ-બહેન આખા ઘરમાં દોડાદોડ કરી મૂકીએ. અમારાં બેમાંથી એકાદ જણ દાદરની સાથે દીવલની ઓથે પપ્પાજીને ડરાવવા છૂપાઇ જતું-તો એક જણ આંખ મીંચીને હીંચકા ઉપર સૂઇ જવાનો ઢોંગ કરતું. પપ્પાજી જેવા ઉપર ચઢે તેવા 'હાઉ' કરીને ડરાવવાની પ્રયત્ન કરતું, ને બીજાને સૂતેલા જુએ એટલે તરત જ ''પપ્પાજી શું થયું?'' કેમ સૂતા છે? એમ કરીને ચિંતાતુર થઇ કપાળ ઉપર હાથ મૂકે એટલે અમારી બનાવટ પકડાઇ જાય, ને પપ્પાજી ગજવામાંથી પાર્લેની ગોળ કાણાંવાળી પીપરમીંટ 'લાલ જોઇએ કે લીલી?'' એમ પૂછીને આપતા. સોમથી શુક્રમાં પાંચ દિવસમાં એક પોસ્ટકાર્ડ ને એક ચિઠ્ઠીથી અમારી સાથે પપ્પાજી સંપર્ક જાળવી રાખતાં. અમારા સૌની ખબર અંતર માટે ખૂબ આતુર રહેતાં.

નવસારીની ટાટા ગર્લ્સ હાઇસ્કૂલમાં નવમાં ધોરણ સુધી મેં અભ્યાસ કર્યો. મારો ભાઇ કશ્યપ ત્યાંની બનાતવાલા હાઇસ્કૂલમાં ભણતો. અમે બંને જણાં ત્યાંની લાયન્સ કલબ તરફથી યોજાતી વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લેતાં. અમે પપ્પાજી પાસે અમારું લખાણ લખાવતા. પપ્પાજી અમને બન્ને જણને જુદા જુદા કવરમાં લખાણ લખીને નવસારીના એક ભાઇશ્રી બચુભાઇ વાજા સાથે મોકલતા.

દિવસો આમ વત્સલપિતા અને માતાની તથા જેમની એમને સૌને ખૂબ હૂંક હતી, એવા મોટીબાની છત્રછાયામાં પસાર થતા હતા, ને એક દિવસ અણધાર્યા સાવ-અચાનક અમે અમારી 'મોટી બા'ને ગુમાવી દીધા- ૧૯૬૮ના સમયગાળામી આ વાત છે. ને નવસારીનું ઘર બંધ કરીને અમે પપ્પાજી સાથે સુરત આવ્યા. પપ્પાજીના જીવનમાંથી આમ અચાનક બાનું ચાલ્યા જવું ભારે આધાતજનક હતું, ત્યાર પછી ઘણી વખત પપ્પાજીને હીંચકા ઉપર બેઠા બેઠા (એમનું ભણવા વાંચવાનું કામ હીંચકે જ ચાલતું) આ કાવ્યપંક્તિ બોલતા સાંભળ્યા છે.

'વીંધીને વનપંખિણી શીશુકને પાછી વળે નીડ પે
ને ધેનૂ ય વળંત વ્હાલ કરવા વાડે વસ્યા વત્સને
કિન્તુ તું ગઇ ત્યાંથી ના જ જનની અદ્યપિ પાછી ફરી
કે જાતાં જ ગયું જ જવાઇ પણ ના આ વાટ પાછી મળી'

એજ રીતે ઘણીવખત નાનાલાલની 'પિતૃતર્પણ'ની કાવ્યપંક્તિઃ

'બાર વર્ષો થયા તાત! મૃત્યુના પડદા નમ્યે
હજીયે ચક્ષુમાં ત્હોયે પ્રવેશો પૂર્વના રમે'

આમ કરતાં કરતાં લગભગ આખું કાવ્ય મોઢે બોલી જાય. (ઘણા બધાં ગુજરાતી-અંગ્રેજી કાવ્યો એમને કંઠસ્થ હતાં)ને એમ ભૂતકાળના સ્મરણોની ગઠડી ખૂલી જાય, અને પપ્પાજી પોતાના બાળપણના દિવસોની વાત અમને કરતા! માત્ર ૨૧વર્ષની વયે પિતાજીની છત્રછાયા ગૂમાવી પોતે ઘરની જવાબદારી કેવી રીતે ઉપાડી, નવસારીની મફતલાલ મીલમાં-નવસારી હાઇસ્કૂલમાં નોકરી કરી તે, તથા ચૌદ વર્ષની ઉમરે કૉલેજમાં દાખલ થઇ પ્રમાણમાં પોતાના કરતા મોટા સ્વાધ્યાયીઓ સાથે કામ પાડતા શીખીને એક અજબ પ્રકારનું આત્મબળ એમણે કેવી રીતે કેળવ્યું તે વાત દોહરાવતા. કોઇપણ

પરિસ્થિતિ સામે ટકી રહેવાનું આત્મબળ, ખૂમારીથી માથું ઉચું રાખવાનું ને ન્યાય માટે લડી લેવાના પાઠ એમણે અમને બંને ભાઇ-બહેનોને શીખવ્યા. જૂઠું કદી બોલવું નહી ને પ્રત્યેક વ્યવહારમાં પ્રમાણિકતા રાખવી, કોઇને છેતરવા નહીં ને પોતે છેતરાવું નહીં એવું એ સ્પષ્ટપણે માનતા. કોઇ હિસાબમાં જો હું છેતરાઇને આવું તો મને કહેતા ''આપણને કોઇ બાધા કેવી રીતે બનાવી જાય? છાશમાં માખણ જાય અને આપણે ફૂવડ કહેવાઇએ એવું ન થવું જોઇએ.'' પપ્પાજી પોતે બિલકુલ નિર્ભિક દીલથી ખૂબ જ ઉદાર હતાં. સામાને માફ કરી દેવાની ક્ષમતા એમનામાં હતી. જીવનના પદાર્થ પાઠ એમની પાસે અમે શીખ્યાં.

નિશાળનું શિક્ષણ પુરું કરીને, હું એમ.ટી.બી. આર્ટસ કૉલેજમાં દાખલ થઇ, ત્યારે બધા મને 'કે.સી. મહેતાની' દીકરી તરીકે ઓળખે. સાથે ભણનારા જાતજાતના સવાલ પૂછે. જેવા કે ''તારા પપ્પાજી તારી સાથે વાત કરે કે! તમે પિકચર જોવા જાઓ કે? પછી તને તો વાંચવું જ નહીં પડતું હોય, તને તો પેપર મળી જ જતા હશે!'' આવા આવા ચિત્ર-વિચિત્ર સવાલોની ફરિયાદ હું ઘરે આવીને કરું, ત્યારે પપ્પાજી કહેતા ''આપણા મા-બાપ પસંદ કરવાનું આપણા હાથમાં નથી હોતું, જા તારાથી તારા મા-બાપ પસંદ થતા હોય તો કરી લે! આમ રડમસ થઇને ઘરે શું આવે છે? હસતાં હસતાં જવાબ આપીએ, હાજર જવાબીપણું તો એવું રાખીએ કે સામો માણસ ફરી સવાલ ન કરે! પત્થરને પણ લાત મારીને રસ્તો કરવાની હિંમત કેળવો. મેં ફૂલ ઉગાડયા છે કાંટા નહીં'' આવું એ કહેતાં.

ઘરમાં અનેક જૂદા જૂદા સ્તરના માણસોની અવરજવર રહેતી. કોઇકવાર કોઇની સાથે ઓળખાણ કરાવતા કે ''આ મારી દીકરી... ત્યારે આવા વત્સલ પિતા મેળવવા બદલ ખૂબ ગર્વ થતો ને એમના ચહેરા ઉપર પણ અમારે માટેનો ગર્વનો ભાવ વંચાતો. જો મને કોઇ વરદાન માંગવાનું કહે તો હું આવતા જન્મે પણ આજ મમ્મી અને આજ પપ્પાજી માંગુ!

આજે અમે જે કંઇ છીએ તે અમારા પપ્પાજીને લીધે જ તો છીએ! તો સામે પક્ષે અમારા સ્કૂલના શિક્ષણમાં પાયાના વર્ષોમાં સંસ્કારના સિંચનમાં મારી મમ્મીનો ફાળો પણ બહુ મોટો છે. નાનામાં નાની બાબતમાં ધ્યાન આપવાનું. કોઇપણ બાબતને ઝીણવટ-પૂર્વક જોવાનો સ્વભાવ મારાં મમ્મી અને પપ્પાજી બન્નેનો. આથી જો કોઇ ઉતાવળે પપ્પાજીના શબ્દોમાં કહું તો 'લબેદીયા' (વેઠ) રીતે કરું તો પપ્પાજીનો ઠપકો સાંભળવો પડતો. ઠપકા કે નારાજગી માટે એમનાં આંખના ડોળા જ કાફી હતાં. ગુસ્સો વ્યક્ત કરવા શબ્દોનો ઉપયોગ ભાગ્યેજ કરતા. જોકે એમને ગુસ્સે કે નારાજ કરવાનો પ્રસંગ જ ઊભો ન થાય એવો અમારો પ્રયત્ન રહેતો. શિસ્તના કડક આગ્રહી પપ્પાજી કયારેય શિસ્તપાલન માટે જડ ન હોતા. કુટુંબના બધાં બાળકો ભેગા થાય ત્યારે બાળકોની સાથે બાળકો જેવા બની ઘરમાં સંતાકૂકડી તથા ક્રિકેટ રમતાં (મારા ભત્રીજા હર્ષ સાથે આ બે રમત રમવાનો નિત્યક્રમ હતો એમનો).

આજે જયારે પપ્પાજી નથી ત્યારે એમના ન હોવાનો અહેસાસ મનને સતત પીડે છે. કપરી પળોમાં 'હું બેઠો છું ને!' એમ કહેવાવાળું કોઇ નથી. પોતે ખૂબજ નિયમિત દરરોજ સવારે આઠ વાગ્યે રેડિયો પર સમાચાર આવે તેની સાથે એમની દાઢી કરવાનું કામ શરૂ થાય. એમની સાથે અમારે પણ નિયમિત રહેવું જોઇએ એવું એ માનતા પણ એમનો દુરાગ્રહ ન હોતો. બાંધછોડ કરવી એમના કૌટુંબિક જીવનમાં, એમના સ્વભાવનું બહુ મોટું જમા પાસુ હતું જે બહુ ઓછા માણસોમાં હોય છે. ઘણીવાર પપ્પાજી આ સંદર્ભમાં કહેતા

'કમ ખાના ઔર ગમ ખાના, સક્કર નમક મત ખાના'

અમારા ભાઇ-બહેનોમાંથી જો કોઇ બહાર જાય તો 'કયાં જઇએ છીએ! પાછા કયારે આવીશું તે વ્યવસ્થિત કહીને જ જવાનું (પપ્પાજી પોતે પણ બહાર જાય તો બધી વિગત બરાબર કહીને જ જાય) જતી વખતે 'વેળાસર આવી રહેજો' એમ કહીને ઓટલા ઉપર અચૂક આવે. ધારેલા સમય કરતા જો અમને આવતા મોડું થાય તો પપ્પાજી ઓટલા ઉપર ઊભા રહીને રાહ જોયા કરે. ને તે દિવસે. ૩૦મી જાન્યુઆરી ૧૯૯૪ની સવારે મને પણ દસ વાગ્યે કહ્યું' સમયસર આવી રહેજે મોડું ન કરતી મારી પાછળ પાછળ ઓટલા ઉપર પણ આવ્યા ને તે દિવસે હું તો સમયસર આવી ગઇ હતી પણ મારી રાહ જોવા ઓટલા ઉપર પપ્પાજી નહોતાં ઊભા!!!

• • •

● ચંદ્રકાન્ત પંડ્યા

## પ્રકરણ - બીજું

# નવસારીમાં

નવસારી ડી. ડી. ગર્લ્સ હાઈસ્કૂલમાં ત્યારે ઇન્દિરા આર્તે નામનાં આચાર્યા લંડન ટી.ડી. હતાં. મહારાષ્ટ્રિયન હતાં એટલે ગુજરાતી બોલતાં નહિ. ગુજરાતી સમજતાં ખરાં પણ વાતચીત અંગ્રેજીમાં કરતાં. શાળામાં અંગ્રેજોની ઢબે તેઓ વ્યવહાર કરતા. એમની ઑફિસમાં એમની પરવાનગી વિના કોઇથી જવાતું નહિ. મને પ્રાથમિક વિભાગમાં ગુજરાતી અને વિજ્ઞાનના વિષયો આપ્યા. વિજ્ઞાન મારો વિષય નહિ છતાં આચાર્યાને ફરિયાદ કરવાની હિંમત નહોતી. અત્યાર સુધીની નોકરીમાં મને ઉપલાં ધોરણોમાં ગુજરાતી અને ઇતિહાસના પીરિઅડો મળતા. હું માત્ર મેટ્રિક ટી.ડી. હતો એટલે ઉપલાં ધોરણોમાં મને પીરિઅડો ન અપાય. માત્ર આઠમાં ધોરણમાં મને ગુજરાતી આપ્યું હતું.

આઠમાં ધોરણમાં હું એક દિવસ ગુજરાતી કવિતાનો વિષય લેતો હતો. ''ધમાલ ન કરો'' રામનારાયણ પાઠકનું સૉનેટ હતું. ત્યારે આચાર્યા મારા વર્ગમાં નિરીક્ષણ માટે આવ્યાં. કાવ્ય પૂરું થયું એટલે આચાર્યા આર્તેએ મને કાવ્ય ગાવાનું કહ્યું. મે એમને કહ્યું કે આ પૃથ્વી છંદ છે એ ગાઇ શકાય નહિ. એમણે રૂઆબથી કહ્યું કે પૃથ્વી છંદ મરાઠીમાં ગાઇ શકાય છે. મે દલિલ કરી કે એની મને ખબર નથી. ગુજરાતીમાં પૃથ્વી છંદ ગવાતો નથી તે હું જાણું છું. એ પોતાની ઑફિસમાં ગયાં અને મેટ્રિકમાં ગુજરાતી અને સંસ્કૃત વિષય શીખવતા શિક્ષક જે. જે. શુક્લને એમણે બોલાવી પૃથ્વી છંદ વિશે પૂછયું. જે. જે. શુક્લ સંસ્કૃત સાથે એમ. એ., એમ. એડ. હતા. પરંતુ સ્વભાવના ઉમદા, ઉદાર અને વિનમ્ર હતા. એમણે કહ્યું કે પૃથ્વી છંદ ગવાય નહિ એ પંડ્યા સાહેબની વાત સાચી છે. અને ઉમેર્યું કે એ તો સાહિત્યકાર છે. મારે કોઈ સંદર્ભની જરૂર પડે તો એમનું માર્ગદર્શન લઉ છું '' તો પછી પંડ્યાને મેટ્રિકમાં ગુજરાતી આપવું જોઈએ'' એમ આર્તેએ કહ્યું એટલે શુક્લ સાહેબે કહ્યું કે, તો તો બહુ સારુ. અત્યાર સુધી પંડ્યા સાહેબે જ્યાં જ્યાં નોકરી કરી ત્યાં ત્યાં એમને મેટ્રિક અને ઉપલાં ધોરણોમાં ગુજરાતી વિષય આપવામાં આવ્યો હતા. પછી આચાર્યાએ મને બોલાવીને કહ્યું કે આવતી કાલથી તમારે મેટ્રિકમાં ગુજરાતી લેવાનું છે. પૃથ્વી છંદ ગવાતો નથી એની મેં ખાતરી કરી છે. મિ. શુક્લે તમારે અંગે મને બધી માહિતી આપી છે. તે દિવસથી અક્કડ આચાર્યા તરીકે જાણીતાં આર્તેનો મારી સાથેનો સંબંધ મૈત્રી ભર્યો બન્યો. સામાન્ય રીતે શિક્ષકો અન્ય શિક્ષકોની પ્રસંશા કરવામાં કૃપણ હોય છે. ઘણીવાર તો ઘસાતું પણ બોલતા હોય છે. એમાં જે. જે. શુક્લ જેવા વિનમ્ર અને ઉદાર શિક્ષકો બહુ ઓછા હોય છે. એમને કારણે પછી તો ડી. ડી. ગર્લ્સ હાઈસ્કૂલમાં હું વિદ્યાર્થી, શિક્ષકો અને આચાર્યાનો માનીતો શિક્ષક બન્યો. મને ટ્યૂશનો પણ સારા મળવા લાગ્યાં. પણ મારા માટે કશું સરળ હોતું નથી. પ્રત્યેક બાબતમાં મારે સંઘર્ષ કરવો પડે છે. સરકારી હાઈસ્કૂલો ખાનગી મેનેજમેન્ટને સોંપવાનો સરકારે નિર્ણય કર્યો એટલે નવસારી કેળવણી મંડળે ડી. ડી. ગર્લ્સ હાઈસ્કૂલનો હવાલો લીધો તે સાથે કોઈ સરકારી શિક્ષકોને ન લેવાનો નિર્ણય કર્યો. નવસારી કેળવણી મંડળના મંત્રી સ્વ.શ્રી ઈશ્વરલાલ નાયક હતા તે સાથે સાથે નવસારી હાઈસ્કૂલના આચાર્ય પણ હતા. તેઓ સરકારી શિક્ષકોને ''ખોડિયા ઢોર'' કહેતા. એક બે શિક્ષકોના અપવાદ સિવાય ડી. ડી. ગર્લ્સ હાઈસ્કૂલના જૂના શિક્ષકોને માથે છૂટા થવાની કે પછી બદલીની તલવાર લટકવા માંડી.

નવસારીમાં હું માંડ ઠરી ઠામ થયો હતો. બે દીકરા અને બે દીકરીઓને તથા નાનાભાઈ વિનોદને ભણાવવાની જવાબદારી મારી હતી. નવસારીમાં રહું તો ઘર આંગણે કૉલેજ હોવાથી સંતાનોને પણ ભણાવી શકાય એ હેતુથી નવસારી કેળવણી મંડળને ડી. ડી. ગર્લ્સ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે મને ચાલુ રાખવા વિનંતી કરી. પણ આચાર્ય ઈશ્વરલાલ નાયકે મને લેવાની ના

પાડી. છેવટે મારા એક સગા મારફત નવસારી કેળવણી મંડળના સ્થાપક ટ્રસ્ટી અને જાણીતા કોંગ્રેસી આગેવાન અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ સ્વ. શ્રી ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈનો સંપર્ક સાધ્યો અને તેમની ભલામણથી હું ડી. ડી. ગર્લ્સ હાઈસ્કૂલ, નવસારીમાં ચાલુ રહ્યો.

આમ ૧૯૫૧મા મારો ભાગ્યોદય થયો. તેનો ગ્રાફ ઊંચો અને ઊંચો ચઢતો ગયો. નવસારીની પ્રજાએ મને ખૂબ ખૂબ પ્રેમ અને પ્રતિષ્ઠા આપ્યાં. જાહેર કાર્યો માટે ઉદાર હાથે દાન આપ્યાં. એની વાતો કરતાં આત્મપ્રસંશા થવાનો ભય છે એ જાણવા છતાં બાના આશીર્વાદથી રખડેલ ભીખુને સાહિત્યકાર, પત્રકાર અને સમાજ સેવક તરીકેની ગુજરાતમાં પ્રતિષ્ઠા મળી એનો ઉલ્લેખ આત્મપ્રસંશાનો દોષ વહોરીને પણ કરું છું.

નવસારી હાઈસ્કૂલમાં નવા આચાર્ય તરીકે શ્રી ગુલાબભાઈ દેસાઈ આવ્યા. તેમણે મને શિક્ષક ઉપરાંત શાળાની ઈતર પ્રવૃત્તિનો તથા લાયબ્રેરીનો વધારાનો હવાલો સોંપ્યો. ધરમપુરમાં મળેલી સંગીતની તાલીમને કારણે શાળામાં ગરબા અને નાટ્ય પ્રવૃત્તિ શરૂ કરી, તેનો વિકાસ થતાં લલિત કલા ટ્રસ્ટની સ્થાપના કરી. જેને કારણે ગુજરાત રાજ્ય સંગીત નૃત્ય-નાટ્ય અકાદમીની કારોબારીમાં મારી પસંદગી થઈ. એ પદ ઊપર બારેક વર્ષ હતો તે દરમિયાન ગુજરાત ઉપરાંત ભારતના ઘણાં કલાકારોનો પરિચય થયો. નવસારીમાં ગુજરાત રાજ્ય કક્ષાના ગરબા, નાટક અને નૃત્યના કાર્યક્રમો ઉપરાંત ભારતના ખ્યાતનામ સંગીત-નૃત્ય કલાકારોના કાર્યક્રમોથી સાંસ્કૃતિક ક્ષેત્રે ગુજરાતમાં નવસારી પ્રતિષ્ઠિત થયું.

લાયબ્રેરીની જવાબદારી મને સોંપવામાં આવી હતી તે કારણે ગુજરાતી, હિંદી, સંસ્કૃત અને અંગ્રેજીના ઘણાં પુસ્તકો વાંચવાની તક મળી. જે પાછળથી મને સાહિત્ય લેખનમાં ઉપયોગી બની.

નવસારીમાં ઉશનસે સાહિત્ય મંડળની સ્થાપના કરી તેનો હું મંત્રી બન્યો. પછી નવસારીમાં મુશાયરા અને કાવ્ય વાંચનના જાહેર કાર્યક્રમો યોજાવા લાગ્યા. આ અરસામાં જાણીતા વિવેચક વિજયરામ ક. વૈદ્યનું ''માનશી'' નામનું માસિક આર્થિક મુશ્કેલીમાં હતું. તેને સહાય કરવા નવસારીમાં જાણીતા સંગીત દિગ્દર્શક હેમંતકુમારના ગીતોનો કાર્યક્રમ યોજ્યો હતો. એમાં એક રમૂજી કિસ્સો બન્યો. નવસારી ત્યારે સૂરત જિલ્લાનો તાલુકો હતો. જાહેર કાર્યક્રમો માટે મનોરંજન કરમુક્તિ માટે અમે સૂરત કલેકટરને અંગ્રેજીમાં અરજી કરી. તેમાં ફાળો એકત્રિત કરવાનું કારણ લખવાનું હતું એટલે ફોર્મમાં મેં લખ્યું ''To collect Fund for Vijayrai's Mansi''પછી કલેકટર કચેરીએ ખુલાસો માંગ્યો હતો કે, 'વિજયરાયના મંછી ક્યારે વિધવા બન્યાં હતાં?' સરકારી તુમારશાહીના આ નમૂનાને પછી ગુજરાત સિવાય ઘણાં માસિકોમાં પ્રસિદ્ધિ મળી.

હેમંતકુમારનાં ગીતનો કાર્યક્રમ સુંદર ગયો. જ્યારે હેમંતકુમારે જાણ્યું કે સાહિત્ય માટે પૈસા ભેગા કરવા આ કાર્યક્રમ રાખ્યો છે ત્યારે એમણે નક્કી કરેલા રૂપિયા ૨૫૦ પુરસ્કારના ન લીધા અને માત્ર મુંબઈ-નવસારી આવવા જવાનું પ્રથમ વર્ગનું ભાડું જ લીધું.

ડી. ડી. ગર્લ્સ હાઈસ્કૂલમાં એક સારા શિક્ષક તરીકે મારી ગણના થવા માંડી. શાળામાં નવું સત્ર શરૂ થાય તે પહેલાં મારા ટ્યૂશન માટે ધસારો રહેતો. માત્ર હોશિયાર વિદ્યાર્થીનીઓને પસંદ કરીને લેતો. નવસારીની મફતલાલ મિલ્સના મેનેજરની દીકરીને ટ્યૂશન આપવા સવારે છ વાગ્યે સાયકલ ઉપર મેનેજરના બંગલે પહોંચી જતો. ૭ થી ૮ એક બીજું ટ્યૂશન પણ કરતો. પછી સવારે ૮-૩૦ થી ૯-૩૦ મારા ઘેર આવતી આઠેક છોકરીઓને હું ટ્યૂશન આપતો. રાત્રે ૮ થી ૯ સુધી એક બીજી છોકરીને ઘેર ભણાવવા જતો. આવાં કેટલાંક ટ્યૂશનો મારી અનિચ્છા છતાં દબાણને વશ થઈ કરવાં પડતાં. ટ્યૂશન કરતાં મફતલાલ મિલ્સના મેનેજર ડાહ્યાભાઈ પટેલ સાથે મૈત્રીનો સંબંધ બંધાયો. એમની કાર મારે ત્યાં અવારનવાર આવતી. ડાહ્યાભાઈ પટેલના પત્ની મફતલાલ મિલ્સમાં કોઇ સારી સાડી નીકળી હોય તો મારાં પત્નીને વેચાતી આપતાં.મારી આર્થિક સ્થિતિ થોડી સુધરતાં ઘરનાં વાસણ-લૂગડાં કરનારી એક કામવાળી પણ રાખી. રવિવારે મિત્રોની મિજલસો જામતી. આને કારણે મારા પ્રત્યે કેટલાકને ઈર્ષા થતાં મારા વિરૂધ્ધ નવસારી સંચાલક મંડળને તથા જિલ્લા શિક્ષણાધિકારીને નનામી અરજી કરી ,તેમાં: ' હું ટ્યૂશન

બહુ કરું છું. મારા ઘરે ચોવીસ કલાકની કાંમવાળી છે. મારા પત્ની રોજ નવી નવી સાડી પહેરીને સવારના ઠાઠથી રહે છે' આ ઉપરાંત મારા ચારિત્ર ઉપર કેટલાક વાહિયાત આક્ષેપો કર્યા હતા. મારું સદ્‌નસીબ કે જિલ્લા શિક્ષણાધિકારી મારા ઓળખીતા હતા. તેમણે મને ખુલાસો કરવા રૂબરૂ બોલાવ્યો ત્યારે મેં કહ્યું કે મને માસિક ૬૫ રૂપિયા પગાર મળે તેમાં ઘરનું ભાડુ, ચાર સંતાનો અને એક ભાઈને ભણાવવાની જવાબદારી મારે માથે છે. ટ્યૂશનને કારણે હું શાળામાં કામચોરી કે ગેરરીતિ કરતો નથી. આ તો કેટલીક લાચારીવશ મારે ટ્યૂશનો કરવા પડે છે. શિક્ષણાધિકારીએ મારી વાત સહાનુભૂતિપૂર્વક સાંભળી અને કોઇ પગલાં ન લેવાનું નક્કી કર્યું. પરંતુ ડી. ડી. ગર્લ્સમાં મારું વર્ચસ્વ વધી ગયું હતું. નવસારી કેળવણી મંડળ મારી જગ્યાએ પોતાનો વિશ્વાસુ માણસ મૂકવા માંગતું હતું એટલે મને રાજીનામું આપી છૂટા થવાનું જણાવ્યું. મે રાજીનામું આપવાની સ્પષ્ટ ના પાડી ત્યારે મને શાળામાંથી છૂટો કરવાની યોજના મંડળ વિચારવા માંડ્યું. તે એટલા માટે કે નનામા પત્રમાં મારા ચારિત્ર્ય અંગે આક્ષેપો હતા.

તે વખતે શાળાના નવા આચાર્ય શ્રીપાદ ફળણીકર હતા. જે મારા મિત્ર હતા. વ્યવસ્થાપક મંડળે મારા ચારિત્ર અંગે એમનો અભિપ્રાય માંગ્યો ત્યારે "Excellant" એવું પ્રમાણપત્ર આપવા છતાં કેળવણી મંડળે કેટલાક લોકોની વાતો ઉપર વધુ વિશ્વાસ રાખ્યો અને રાજીનામું આપવાનું દબાણ મારા ઉપર થયું. આટલી મોટી કૌટુંબિક જવાબદારી લઇને બેઠેલો હું બીજે નવી નોકરી શોધવા જાઉં ક્યાં? નવસારીમાં માંડ સ્થિર થયો ત્યાં નવી ઉપાધી આવતાં હું ભાંગી પડ્યો. મારા મિત્ર કવિ ઉશનસ્ નવસારી કેળવણી મંડળના પ્રમુખને મારા અંગે ભલામણ કરવા ગયા તો તેમની વાત પણ સાંભળી નહિ. છેવટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અને કેળવણી મંડળના ટ્રસ્ટી ઠાકોરભાઈ મ. દેસાઈને મારા અંગે ખબર પડી એટલે એમણે નવસારી કેળવણી મંડળને: "હું પંડ્યાને સારી રીતે ઓળખું છું, એમનું રાજીનામું માંગશો નહિ અને શાળામાં ચાલુ રાખશો." એમ જણાવ્યું ત્યારે કેળવણી મંડળે મારા રાજીનામાનો વિચાર તો બદલ્યો પણ નવસારી કેળવણી મંડળ હસ્તક ચાલતી છોકરાઓ માટેની હાઈસ્કૂલમાં મારી બદલી કરી. એથી મારી પ્રતિષ્ઠાને ધક્કો પહોંચ્યો. નવસારીમાં હું ચર્ચાનો વિષય બન્યો છતાં કેટલીક લાચારીને કારણે હું આ અપમાન ગળી ગયો.

નવસારી હાઈસ્કૂલમાં કેટલાક શિક્ષકોને પણ હું લફરાબાજ છું એવો ખ્યાલ. તેઓ ક્યારેક મને મહેણાં-ટોણાં પણ મારતા. ડી. ડી. ગર્લ્સ હાઈસ્કૂલમાં મોટા ભાગની શિક્ષિકા બહેનો હતી અને કન્યાશાળા હતી. એમની સાથે જે છૂટથી મારો વ્યવહાર હતો તે આ આક્ષેપો માટે કારણભૂત હતો. નિવૃત્ત થયા પછી આજે પણ એ શિક્ષિકાબહેનો અને કેટલીક તેજસ્વી વિદ્યાર્થિનિઓ મારી સાથે એટલો જ સંબંધ રાખે છે. અને મને મળવા આવે છે. એમાં નિર્મળાબહેન દેરાસરી અને પીલુ કાસદ (હવે પીલુ બૂચ), હેમા ચિત્રે સાથે આજે અમે એક પરિવારના સભ્યો હોઈએ તેવા સંબંધો ચાલુ રહ્યા છે. એ જ રીતે ડી. ડી. ગર્લ્સની વિદ્યાર્થિનીઓ આજે સાંઠની ઉંમરે પહોંચ્યા છતાં પદ્મા દેસાઈ, પ્રવીણા મહેતા, મૃદુલા દેસાઈ, પ્રેમીલા દેસાઈ, નલિની મહેતા , રોશન ડુમસીયા, દક્ષા દેસાઈ, ફરિદા સીવજી વગેરેના સંબંધો એટલા જ ગાઢ રહ્યા છે. માંદે-સાજે પ્રસંગે મારે ત્યાં સૌ દોડી આવે છે.

નવસારી હાઈસ્કૂલમાં ઈશ્વરલાલ નાયક હેડમાસ્તર હતા. તેમનું અવસાન થતાં ડી. ડી. ગર્લ્સના હેડમાસ્તર નવસારી હાઈસ્કૂલમાં હેડમાસ્તર તરીકે આવ્યા હતા. નવા સત્રની શરૂઆત હતી. ટાઈમ ટેબલની ગોઠવણીમાં મને ઉપલા ધોરણોમાં ગુજરાતી, હિંદી અને સંસ્કૃત વિષયો સોંપવામાં આવ્યા ત્યારે મારા કરતાં સિનિયર મેટ્રિક એસ. ટી.સી. શિક્ષક ધીરુભાઈ નાયકે આચાર્ય સમક્ષ આશ્ચર્ય વ્યક્ત કર્યું કે પંડ્યાને ઉપલા ધોરણોમાં વિષયો કેવી રીતે અપાયા. આચાર્ય ગુલાબભાઈએ કહ્યું કે પંડ્યાને ઉપલાં ધોરણોમાં શીખવતા મેં જોયા છે. એક ગ્રેજ્યુએટ કક્ષાના શિક્ષક જેટલી જ એમની લાયકાત છે. આ વાત સ્ટાફરૂમમાં આવી પછી મારા પ્રત્યેનું માન વધ્યું.

(ક્રમશઃ)

• • •

● યૉસૅફ મૅકવાન

## પ્રકરણ - ૪

છડા જેવી અજવાળી રાતોય ચિત્તના એક ખૂણામાં સંગ્રહાયેલી પડી છે. એવી રાતોમાં અંતકડીઓનો આનંદેય લીધો છે... તો 'લાલિયાધોકા' જેવી વાર્તાઓ સાથે પરીઓની વાતોય માણી છે... વળી રમતોનો નિર્દોષ આનંદ પણ લૂંટ્યો છે.

એવી એક પૂનમની રાત... બરાબર યાદ છે...

આવી ચાંદની રાત હોય ત્યારે અમારી ટાબરિયાંની ટોળકી... જમી પરવારીને આઠેક વાગતામાં તો આગળના મોટા મહોલ્લાના મેદાનમાં આવી જતી. ધીરે ધીરે બધાં એકઠાં થઇને મજાક-મસ્તી-ચાલે. મહોલ્લા વચ્ચે મેદાનમાં બત્તીના થાંભલા નીચે ભેગાં થવાનું જબરું ખેંચાણ રહેતું. થાંભલાની ડાબી તરફ લંબાતી ઘરોની હાર... એમાં થાંભલાની બરાબર સકીનાબીબીનુ ઘર. એમનો દીકરો ગફુર... આંગણામાં ખાટલા ઢાળે... ત્યાં મહોલ્લાની અન્ય સ્ત્રીઓનો ઝમેલો જામે. મારી મા, ગંગાકાકી, એબીબહેન, એલિસચાચી, કાશીબેન, શાંતાકાકી, રમીલાબેન... વગેરે ભેળાં થઇ... વાતોની છીંકણી સૂંઘતાં... સૂંઘાડતાં... ને ત્યાં નળ પાસેના લીમડા તળે ઢાળેલા ખાટલા પર... ને એકાદ બાંકડા પર... એફુકાકા,રામજીમામા, વાલજીકાકા, નૂરુચાચા, દશરથ... સાબાનઅલી, રમઝાનઅલી, અજીતકાકા... મારા બાપુ... વગેરે બીડી-સિગારેટની લિજ્જત સાથે પત્તાં ટીચતાં... મને એમાં બહુ ગતાગમ પડતી નહિ એટલે કયારેય જતો નહિ.

અમારા છોકરાઓની ટોળી એના રંગમાં હોય... ત્યાં વિનોદિની આવે ને રંગત જામે. ચુલબુલી એવાં લ્હેંકા કાઢે... કે અમને ગમ્મત પડે. કયારેક વડિલની ભાષામાં ઘોઘરા અવાજે અમને શીખામણ દઇ હસાવતીયે ખરી! એ કહે એ રમત અમારે રમવી પડે... મજા આવતી. એ કહે,

''ચાલો, ગોળગોળ રાણી રમીએ...!''

''હી... ઓ... ઓ... ઓ...!'' કરતાં અમે ટુકડી પાડી દઇએ. એક ટુકડી હાથની સાથે હાથ મિલાવી વર્તુળ બનાવી દે.... ને બીજી ટુકડી તેની બહાર ગોઠવાઇ જાય. વર્તુળકાર ટુકડી વચ્ચે વિનોદિની રોફબંધ ઘૂમે... ને બોલે... હસાવે.

''ઇતા ઇતા પાણી...!''

વર્તુળકારે ગોઠવાયેલી ટુકડી મોટેથી બોલે...

''ગોળ ગોળ રાણી...!''

વિનોદિની વચ્ચે ઘૂમતી તરત બોલે,

''યે દરવાજા તોડુંગા...''

ટૂકડી બોલે, ''છરા લેકે મારુંગા!''

આમ બે-ચાર વાર સામસામે બોલાય પછી અચાનક વિનોદિની ઝાટકા સાથે હાથની સાંકળ તોડી ભાગે ને 'હો... ઓ...' કરતા બધા દોડે.

બધા આઉટ થાય કે તરત રમત ફરી શરૂ કરાય. ખૂબ રંગત આવે. પછી થાકીએ એટલે રમત અટકે....

કયારેક હુતૂતૂતૂ કે ખો ખોની રમત પણ ચાલે....

આવી એક રાતે સાબાનઅલીએ અમને એક નવી રમત બતાવેલી... સમજાવેલી. અમને આવું નવું જાણવામાં... રમવામાં... શીખવામાં ખૂબ ગમ્મત પડતી.

સાબાનઅલીએ કહેલું, ''જુઓ... તમારામાંથી એક જણ અહીં ઊભા રહી જવાબ આપશે... ને ટોળામાંથી એક જણ બોલશે... ''લોઢું... લક્કડ... ભીંત કે પથ્થર?'' હવે જવાબ દેનાર જે નામ બોલે એ ચીજને દોડીને ગમે ત્યાંથી પકડવાની એટલે કે એને અડકવાનું... બરાબર? એમાં જે છેલ્લું રહી જાય... કે અડી ન શકે એણે જવાબ દેનારની ઇચ્છા પ્રમાણે કરવાનું... બરાબર?''

''હો... ઓ...!'' અમે ઉલ્લાસમાં પુકારી ઉઠતાં. એ પછી પહેલી એ રમત સાબાનઅલીએ જ રમાડેલી. એમણે કહેલું... 'શરૂ કરો.'

અમે સાથે સાથે બોલેલા... 'લોઢું... લક્કડ ભીંત કે પથ્થર!''

-એમણે જોયું કે આ તો બધા બોલે છે તો ગરબડ થાય છે... એટલે કહેલું,

''ચલો કોઇ એક બોલો... પોપટ, તું બોલ!''

પોપટે શરૂ કર્યું... ''લોઢું લક્કડ ભીંત કે પથ્થર!''
સાબાનઅલીએ કહેલું, ''હા... ફરી.''
પોપટ ફરી બોલ્યો તો જવાબમાં સાબાનઅલીએ કહેલું- ''લોઢું!''

-અને એક ધમાચકડી મચી ગઇ. લોખંડની જે ચીજ જયાં હોય ત્યાં ઘસી ગયાં બધાં. પોપટ દોડયો તે સાયકલને અડયો... વિનાયક અને હું દોડયા તે.... સામેના બંધ ઘરની ઉપરની સાંકળને અડયા... કેટલાક ફાંફા મારતા હતાં... સુમન અને બાબુ બાટલી દોડયાં તે આંગણામાં પડેલી ડોલ પકડી લીધી... વિનોદિની હાંફળી.. ફાંફળી... અમારી તરફ દોડી આવી... સાંકળ પકડી... મારા હાથ પર એનો હાથ ભીંસાઇ રહ્યો. એ થોડું શરમાયેલી એનાં ઝુલ્ફાં મારા ચહેરાને અડી ગયેલાં. થોડી ઝણઝણાટી થઇ ગયેલી. મને કંઇક ગમ્યું... ને મનમાં કંઇ ખૂંચ્યુંય ખરું! જોયું તો એરિક થોડું દોડીને ઊભો રહી ગયેલો.

સાબાનઅલી બોલ્યા'તા, ''એરિક તું આઉટ... તું તો દોડયો જ નહિ!''

એરિકે ગજવામાંથી હાથ કાઢતાં સાયકલની ચાવી ઝૂલાવતાં કહેલું, '' આ રહ્યું લોખંડ! હું તો પ્હેલેથી જ અડકીને ઊભો હતો!''

એ ખડખડ હસી પડેલો... અમે તેના તરફ બોલતાં બોલતાં ધસી ગયેલાં.

''એ... આ ના ચાલે... આતો અંચાઇ.. અંચાઇ... એરિકડા... અંચઇડા...!''

સાબાનઅલીએ કહેલું, ''ના ભાઇ આ ન ચાલે... પાસે આવું ન રખાય. આમ તો રમત ન જામે. રમાય જ નહિ. એરિક, તારે દાવ દેવો જ પડશે...''

એરિકે વાળની છાપરી બરાબર કરતાં કહેલું, ''અચ્છા... બોલો શી સજા છે!''

મારું કુતૂહલ વધેલું... હું ય સજા વિચારતો હતો... ત્યાં સુમને કહેલું,

''કૂતરાની જેમ ચાર પગે ચાલ... અને ''વાંઉ વાંઉ કર!''

બધા હસી પડેલા... પણ વિનોદિની બોલી ઉઠેલી.

''ઊહું... આ થાંભલે ચઢી બતાવ... છેક ઉપર... સુધી... ને પછી અમને સલામ કર. ચલ જા તો...!''

પાછાં બધાં હસ્યાં. એરિક થોડો શિયાવિયા થયો. એટલે સાબાનઅલીએ કહેલું, ''ચાલ હું કહું એમ કરીશ? આ પ્હેલી જ રમત તું હાર્યો એટલે તારે કાલે આ બધાને પીપરમીટ ખવડાવી દેવાની બસ.''

બાબુ બાટલીએ કહેલું, ''એરિકડા... આપણને બે આપવાની...''

'' લે ડિંગો! ''

સાબાનઅલીએ કહેલું, ''બધાંને બબ્બે આપજે હોં!''

''હો... ઓ...'' પાછા અમે ગેલમાં આવી ગયેલાં.

''સારું અંકલ! તમે કહેશો એમ જ... બસ પછી?''

પછી સાબાનઅલી મોટેરાઓ પાસે જઇ પહોંચેલા અને અમે એ નવી રમતે રમવા ચઢેલાં. ખરી ગમ્મત થયેલી તે રાત્રે. પણ છેલ્લે ખેલ બગડી ગયેલો. આ રમત આમ અમે રમતાં'તાં ત્યાં ઝટપટ દોડવા જતાં સુમન અને એરિક એવાં અથડાયેલાં કે ''બાપરે!'' કરતીક સુમન માથું પકડી બેસી ગયેલી ને ચીઢમાં બોલેલી... ''સાલા... એરિકડા... મારું માથું તોડી નાંખ્યું... ગધેડા!''

એરિક પણ લમણું પકડી બોલેલો, ''લે... મારુંય તૂંબડું તૂટયું... તું રાભાની જેમ દોડી તે...!''

સુમન બોલેલી, ''લે તું બેવાર અથડાયો ને હું પડતાં પડતાં બચેલી... તોય તને ન્હોતું કહ્યું... પણ આ તો...'' પછી ચીઢમાં એકદમ બોલી હતી, ''લુચ્ચા!''

''તું લુચ્ચી છે.. રમતમાં તો આવું થાય...!''

''મને ખબર છે તું મારી બાજુ દોડી આવે છે ને અથડાય છે...!''

''લે... દોડવામાં તો જેને જયાં દોડવું હોય ત્યાં દોડે!''

સુમને મોં સાફ કરતાં કહેલું, ''ના... હોં... તું હાથે કરીને એમ કરે છે. મને ખબર છે!''

''શું ખબર છે! કહેને!'' એરિક ધૂંધવાયો હતો.

મામલો બિચકશે એમ લાગતાં વિનોદિની, ઝીણી, બુધિ... સુમનને ખેંચીને દૂર લઇ ગયાં... મોટેરાં પણ આવેલા ને અમને વારેલાં. કમળાકાકીએ તો કહેલું, ''રમત છે તો રમતની રીતે રમો. મન દુઃખ થાય એવું શું કામ કરો છો?'' મણિબેને તો એરિકને ધમકાવેલો,

''અલ્યા હાથે કરીને અથડાવાની જરૂર ખરી? તું છે જ એળવીતરો...!''

આ સાંભળી એના બાપુ પરભુદાસે મણિબેનને કહેલું, ''તમે ક્યાં જોયો... એને અળવીતરો થતો હેં? એરિકડા... તું ઘેર હેંડ... કંઇ નથી રમવું...'' કમળાકાકીએ પરભુદાસકાકાને કહેલું, ''હવે હોય એ તો... છોકરાવ છે તે રમેય ખરાને ઝઘડેય ખરા... તમેય શું મનમાં લો છો?''

- અને પરભુદાસકાકા ઘરમાં જતાં રહેલાં.

પછી એરિકને અમેય ડાંટેલો... બસ ત્યારથી એ અતડો થઇ ગયેલો... રમવા આવે તો આવે નહિતો દિવસેય એકલો એકલો ઘૂમ્યા કરે... કૉલોની બહારના છોકરાઓ સાથે જતો રહે.

એનામાં થોડી વિચિત્રતા આવી ગયેલી... ચૂપચાપ કોઈની સાયકલની હવા કાઢી નાંખે... તો... નળપર પાણી ભરેલી કોઇની ડોલ પડી હોય તો છાનોમાનો ઢોળી દે.. કપડાં સૂકાતાં હોય તો ત્યાં રમતાં ધૂળ ઉડાડે... કયારેક નદીમાં ન્હાવા જાય ને છોકરીઓ જો કપડાં-વાસણ ધોતી હોય તો ધુબાકા મારતો પાણીમાં પડે... કિનારે છબછબ કરતો હાથથી પાણી ઉડાડે કે.. પગ પછાડીને તરે... છોકરીઓ જો કાંઠે નહાતી હોય તો... ડૂબકી મારી તેમના ટાંટિયા ખેંચી... છોડી દઇ દૂર ચાલ્યો જાય ને... હસે!

ધીરે ધીરે એ અમારી ટોળીમાં સૌનો અળખામણો બની ગયેલો. એક દિવસ વિનોદિનીની વિજ્ઞાનની નોટ લઇ ગયેલો... ને પછી પાછી આપી ત્યારે... પાને પાનાં જુદા... થોડાં પાનાંય ફાડી નાખેલાં... એના બાપુને ફરિયાદ કરીએ તો ઝૂડી નાંખે... એટલે ફરિયાદ પણ અમે કરતાં નહિ... એટલે એને કદાચ વધુ ફાવતું આવી ગયેલું.

ગમે તે હો... પણ પછી આ રીતે રમવાનું... મળવાનું અમારું ઘટી ગયેલું... પછી તો આવી ચાંદની રાત આવે તોય કોઇ ભેગુ ન્હોતું થતું... ધીરે ધીરે... એનું ખેંચાણ મટી ગયેલું.

પણ હું ને વિનાયક નદીકાંઠે ત્યારે બેસી... મૂકેશના કે રફીના ફિલ્મી ગીતો ગાઇ લિજ્જત માણતા... એ હજીએ યાદ છે...

**(ક્રમશઃ)**

• • •

## પ્રતિભાવ

ઈન્દુકાન્ત પબ્લિશર્સ પ્રા. લિ. દ્વારા તમારા તંત્રીપણા હેઠળ પ્રસિદ્ધ થતા 'ઈન્દુમૌલિ'ના ચાર અંક મને મળ્યા છે. આભાર. આ અંક વાંચતા કેટલાક ભૂતકાળના પ્રસંગો યાદ આવે છે. ગુજરાતમાં ભૂતકાળમાં ગુજરાતીમાં સાહિત્યનું સામાયિક પ્રસિદ્ધ કરવા ઘણા પ્રયત્નો થયા હતા. અને તેમાં કેટલાક માસિકોએ પ્રસિદ્ધિ પણ મેળવી હતી પરંતુ તેને ટકાવવાં મુશ્કેલ બનતાં તે બંધ પણ પડ્યા હતા અને ગુજરાત એ ખોટ અનુભવતી હતી. તમો એ આજે સાહસ કરી પરિશ્રમ લઈ જે જહેમત ઉઠાવી છે તેને હું આવકારું છું. સાથે સાથે અભિનંદન પણ પાઠવું છું. તમોએ 'ઈન્દુમૌલિ'માં જે સાહિત્ય પીરસ્યું છે એ કદાચ હાલનાં સંજોગોમાં કોઈ પુરુ પાડવાનું સાહસ ના કરી શકે. તમારો આ પ્રયાસ સફળતાને વરે એ પ્રાર્થના

આપે ચોથો અંક અમારા ગુરુ અને કવિ વિવેચક સાહિત્યકાર શ્રી જયંતભાઈ પાઠકને સમર્પિત કર્યો છે તે બદલ અમો તેમના વિદ્યાર્થીઓ ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

શ્રી રમણભાઈ પાઠકે તેમના લેખમાં જે વિચાર હાલોલના જુનાપુરાને જ. પા. ફળિયું અને દેસાઈવગાને ર.વ.ચોક નામ આપેવા કરેલ સૂચનને મે હાલોલના અગ્રગણ્ય કાર્યકરો સમક્ષ રજૂ કર્યા છે. પરિણામ સારું આવશે એવી આશા છે.

૧૩-૯-૯૭

**• મધુવન શાહ ( હાલોલ)**

# સ્મૃતિઓમાં છલકાતું મારું ગામ...

■ પુરુરાજ જોષી

ઉનાળુ રજાનો છેડો આવી રહ્યો હોય, કાળઝાળ ગરમીના દિવસો પછી આકાશમાં વાદળો ગોંરભાઇ રહ્યાં હોય, દૂર કયાંકથી મોરની ગહેક સંભળાતી હોય એવા સમયે અલકાપુરીની વિદાય લઇ રામગિરિ તરફ ચાલી નીકળવું બહુ કપરું હોય છે. પણ એજ નિયતિ છે મારી. છેલ્લાં વીસ વર્ષથી દરેક વેકેશનને અંતે આ જ દિવસોમાં, આંખોમાં ગોરંભાયેલું આકાશ અને અંતરમાં વતનથી વિખૂટા પડવાની વ્યથાને ગોપવી ચાલી નીકળવું પડતું હોય છે મારે.

શરૂઆતના દિવસોમાં 'આવજે બેટા! શરીર સાચવજે.' કહેતી મા ભાગોળ લગી વળાવવા આવતી. વચ્ચેના ગાળામાં અંતરંગ મિત્રો બસસ્ટેન્ડ સુધી સાથે આવતા. હવે તો બસ એમ જ નીકળી પડવાનું હોય છે. બસ ઉપડે છે. જનની જેમ વહાલી જન્મભૂમિને પણ છેક નહેરની પેલે પારના કોકરાણના હનુમાનજી સુધી વળાવવા આવતી અનુભવું છું. પછી બસ વળાંક લે એટલે હું આંખ બંધ કરી દઉ છું અને મારી બીડાયેલી પાંપણો પાછળ નડીયાદ, મારું વતન વિવિધ રૂપે ખીલતું, ખૂલતું મ્હોરતું રહે છે.

મારું ઘર, મારું ફળિયું... માટીની ભીંતો અને ઉપર દેશી નળિયાં છાયેલા જે ઘરમાં મેં પહેલ વહેલી આંખ ઊઘાડેલી એ તો સમયાંતરે અનેક પરિવર્તનો પહેરીને અપરિચિત શું બની ગયું છે. સોસાયટીમાં રહેવા ગયા પછી વર્ષોથી એની સાથેનો સંબંધ પણ જર્જરિત થઇ ગયો છે. પણ ફળિયાની ધૂળમાં ઉપસતી રહેતી પગલીઓની ભાત, બપોરી વેળાએ ઘરમાં પડતાં ચાંદરણાં, ચોમાસાના દિવસોમાં આંગણામાં પડતાં મોતી-સેર શાં નેવાં, સાંજે ચૂલા પર રોટલા ટીપતી માના હાથમાં રણકી ઊઠતી બંગડીઓ અને અગ્નિપ્રકાશમાં એના ગોળમટોળ ગૌર મુખ પર છવાતી જતી રતાશ..., રાત્રે ખુલ્લા આકાશ નીચે પથરાયેલા ખાટલામાં પડ્યા પડ્યા બાપુજીએ કરાવેલી ગ્રહો-નક્ષત્રોની ઓળખ બાળપણ અને કિશોરવયની સઘળી આનંદાનુભૂતિઓ મનની છીપમાં હજી અકબંધ સચવાઇ રહી છે. ગામ આખામાં ફરી વળેલાં સિમેન્ટ-કોંક્રિટ અને ટાઇલ્સના પૂર એ છીપને કશું કરી શકે તેમ નથી. અઠ્ઠાવનની ઉંમરે આજે પણ કયારેક નીંદરના મહેરામણ તળિયે પડેલી, એ છીપ અચાનક ખૂલી જતાં મારામાંથી નીકળીને એક નાનકડો પુરુ પોતાની પગલીઓ ઢૂંઢતો એ સ્મૃતિશેષ ઘર-ફળિયામાં ઘૂમી આવતો હોય છે.

નવ ભાગોળ, નવ દરવાજા ને દસમું લઘુભાઇનું છીડું. એ સમયે કેટલું સીમિત હતું આ નગર! પૂર્વમાં કાળકામાતાનું મંદિર, પશ્ચિમે રેલ્વે સ્ટેશન, ઉત્તરે સીટી જીમખાના ને ન્યૂ શોરોક મિલ અને દક્ષિણમાં સંતરામ મંદિર, વિઠ્ઠલ કન્યા વિદ્યાલય ને મોટા મહાદેવ. શૈશવ કૈશૌર્યની આંખે જોયેલું નગર નાનકડું હોવા છતાં કેટલું વિશાળ અને વિસ્મય ભર્યું લાગતું!

ટ્રેઇનમાં બેસતાં મને હંમેશા કશીક બીક વળગી પડતી હોય છે. એ બીકનાં મૂળ કદાચ બાળપણની એક ઘટનામાં પડેલા છે. બા-બાપુજી સાથે પાવાગઢ જતાં વિશ્વામિત્રીથી ગાડી બદલતાં વડીલોથી વિખૂટો પડી ગયેલો. ગભરાઇને રડી પડેલો. એ સમયથી ગાડી સાથે જોડાઇ ગયેલી અસલામતીની લાગણી આજે પણ છૂટી નથી. પણ એ દિવસોમાં મિત્રો સાથે રખડતાં રખડતાં સ્ટેશન જઇ પહોંચવાનું અને ત્યાંની અનોખી દુનિયાનું દર્શન કરવાનું ગમતું.

સ્ટેશન એટલે ખરબચડા પથ્થરોની દીવાલોવાળું એક નાનકડું મકાન અને ઢાળવાળા છાપરાવાળું નાનકડું પ્લેટફોર્મ. આમ જોઇએ તો કશું જોવાપણું નહોતું એમાં પણ ઘંટ વાગે અને દૂરથી ચીસો પાડતી ગાડી આવે; થોડા અજાણ્યા ઉતારુઓ ઉતરે, ચઢે ને ગાડી ફરી સ્ટાર્ટ થાય, ભક્છુક ભક્છુક કરતી ધુમાડો કાઢતી પસાર થઇ જાય ત્યાં સુધી અમે બહાર ઊભા ઊભા ઊંચી ડોકે અને વિસ્મય ભરી આંખે જોઇ રહેતા. પછી વેરાન થઇ ગયેલા પ્લેટફોર્મ પર આંટો મારતા. ધાર્મિક ફિલ્મનાં પોસ્ટરો જોતાં. ખાસ તો ટી-સ્ટોલ પાસે ટીન-પ્રિન્ટીંગ કરેલી એક મોટી જાહેર ખબર - જેમાં ચ્હા બનાવવાની સાચી રીતનું સચિત્ર વર્ણન થયેલું-વાંચવાની મજા પડતી. જોકે

એ દિવસોમાં અમે ક્યારેય કોઇ હૉટેલ કે ટી-સ્ટોલની ચ્હા પીધી નથી. અમારા મનમાં એવું દૃઢાવી દેવાયેલું કે 'આપણાથી બહારનું કશું ખવાય-પીવાય નહીં'. આજે તો સ્ટેશનના તેમ અમારા દિદાર સમૂળગા બદલાઇ ગયા છે. આલીશાન હોટેલમાં લંચ કે ડીનર લેવું આજે ગૌરવની વાત ગણાય છે. તેમ છતાં મન માનતું નથી હોતું.

સ્ટેશન પર પહેલવેહલું વજનમાપક યંત્ર આવ્યું એ ઘટના અમારે મન ભારે રહસ્ય-રોમાંચભરી હતી. મશીનમાં સિક્કો સરકાવતાંની સાથે ખટાક્ કરતી એક ટિકિટ આવે જેમાં આપણું વજન તો છપાયું જ હોય, સાથે આપણા ભવિષ્ય વિષે એક બે રસપ્રદ વાકયો પણ હોય! આજે તો જીવનની રફતાર એટલી તેજ બની ગઇ છે કે ધસમસતા પ્રવાહ સાથે વહેતા લોકોને પોતાનું વજન કે ભવિષ્ય-કશું પણ જાણવા રોકાવાની ફૂરસદ નથી.

એ વખતે ગામમાં ઘોડાગાડીઓ ચાલતી. એમાં બેસવાનું અમને પરવડે નહીં પણ ક્યારેક બેસવાનું મળતું તો મનમાં દિવસો સુધી એનો કેફ રહેતો. સ્વપ્નમાં પંચકલ્યાણી અશ્વના ડાબલા પડઘાતા. સમયના ધસમસતા પ્રવાહમાં ઘોડાગાડીઓને તણાઇ ગયે વર્ષો થઇ ગયાં, છે. ને પેટ્રોલ-ડીઝલથી ચાલતાં વાહનોથી માર્ગો ઊભરાઇ ઊઠ્યા છે. કશી જરૂર કે ઉતાવળ ન હોય તો પણ-અરે, ઘરથી નીકળી ગલીને નાકે પડીકી ખાવા જવા માટે ય લોકોને વાહન દોડાવ્યા વિના ચાલતું નથી. નવી પેઢી જાણે પગે ચાલવાનું જ ભૂલી ગઇ લાગે છે.

નવીસવી મળેલી આઝાદીનો આનંદ માણતી અમારી મિત્રમંડળી એ દિવસોમાં કેટલું બધું રખડતી!... માર્ગો એ વખતે ખૂબ મોટા અને ખુલ્લા લાગતાં. ભીડ જોવા માટે તો મહાપૂર્ણિમાના મેળાની, દશેરાના જુલુસની કે પછી ભાઇ-બીજના ભૈરવમેળાની રાહ જોવી પડતી. એ દિવસમાં નવરાત્રિ ઉજવાતી પણ એમાં આટલા ઘોંઘાટ, દેખાડો કે ઘેલછા નહોતાં. પોળો ને શેરીઓમાં બહેનોનાં નાનાંનાનાં જૂથ શાંતિથી પરંપરાગત ગરબા ગાતાં. એમાં મનસુખરામ મોતીરામ રાણાએ સૌ પ્રથમ 'માઇલાલ મંડળ' સ્થાપી જુવાન છોકરાઓને પોતે રચેલા રાસ-ગરબા ગવડાવવાનું શરૂ કરેલું. એક સરખી વેશભૂષા-બ્લેક પેન્ટ કે હાફપેન્ટ ને ઉપર ઇનસર્ટ કરેલાં વ્હાઇટ શર્ટ. કપાળમાં કંકુની અર્ચા. અને ગળામાં અંબાજીની છબીવાળા દોરા ધારણ કરેલા યુવકો જે ભક્તિભાવ, અને શિસ્ત-સભાનતા સાથે ગરબા ગાય કે એ સાંભળવા, જોવા માટે ભારે ભીડ જામતી.

દશેરાનું પર્વ તો પહેલાં યે ઉજવાતું હશે પણ ભાગલા પછી સીંધી પ્રજા અહીં આવી વસી તે પછી દશેરાની સવારીમાં ઓર રંગ-ઉમંગ ઉમેરાતાં ગયેલાં. કાળકા માતાના મંદિર આગળના વિશાળ મેદાનમાં, ચારપાંચ દિવસ અગાઉથી ઊંચો-બિહામણો દશાનન બનાવવાનું શરૂ થાય. પછી દશેરાને દિવસે રામ અને રાવણની સેનાના બહુ લાંબા 'જુલુસ' નીકળે. શરૂઆતમાં સુશોભિત ઊંટ-ઘોડા-હાથી હોય. એની પર નિશાન-ડંકા સાથે રજવાડી વેશભૂષાવાળા માણસો બેઠા હોય. એ પછી રાસ મંડળીઓ, ભજન મંડળીઓ, યુવક મંડળો ને અખાડાઓ પણ પોતપોતાનાં કલા-કરતબનું પ્રદર્શન કરતાં આવતાં રહે. એ પછી કાળાં વસ્ત્રો અને ચીતરેલા, બિહામણા ચહેરાવાળા રાક્ષસો, સોડા-લેમનની બોટલ દ્વારા મદ્યપાનનો અભિનય કરતા, ડોલતા, હોંકારા-પડકારા કરતા આવે. એમાંના કેટલાકે ગોગલ્સ પણ પહેર્યાં હોય! એની પાછળ શ્રીરામની વાનરસેના આવે. એમાં સૌથી મોટા આકર્ષણનું કેન્દ્ર હોય ગદા ઘૂમાવતા, રાક્ષસોને ડારતા, બલિષ્ઠ, સુગઠિત શરીરવાળા હનુમાનજી. છેલ્લે શ્વેત અશ્વોવાળી બગીમાં બેઠેલા ધનુષધારી રામ-લક્ષ્મણની નયનાભિરામ જોડી આવે. ઝરીકણોથી એમના ચહેરા ઝગમગી રહ્યાં હોય. લોકો પુષ્પોથી એમનું અભિવાદન કરે, વંદન કરે. બગીમાં રામ-લક્ષ્મણની સાથે ધવલ કેશી વશિષ્ટ મુનિ પણ બેઠા હોય. અને સલુણ દરવાજા પાસેના પોપટિયા કૂવાને થાળે બેઠા બેઠા આખું સરઘસ જોઇને છેલ્લે રામસેનામાં જોડાઇ જઇએ.

કાળકા માતાના ચોગાનમાં આવી સરઘસ મેદની બની જાય. એટલી ભીડમાં પણ પોપટલાલ યાજ્ઞિક જેવા વિદ્વાનો અસદ્ પર સદ્‌ના વિજય-પર્વ તરીકે દશેરાનું

મહત્વ સમજાવતું ભાષણ કરે અને મેદની એમને શાંતિથી સાંભળે પણ ખરી! પછી શ્રીરામના સળગતા તીરથી રાવણ ભડભડ સળગવા માંડે, એની ભીતર ભેરલું દારૂખાનું ફૂટવા માંડે તેમ તેમ મેદની વેરણ છેરણ થતી રહે. અંતે કાળકામાતા અને ચોકમાંના શમીવૃક્ષનાં દર્શન કરી ઉત્સવઘેલું ગામ ધીમે ધીમે ઘરોમાં પાછું ફરે. આજે સલુણ દરવાજો કે પોપટિયો કૂવો રહ્યાં નથી અને કાળક્રમે કાળકામાતા અને વિજયાદશમીની ઝાકઝમાળ પણ ઝાંખી પડતી ગઇ છે.

શહેરના વિકાસની સાથે વૃક્ષો કપાઇ ગયાં, જળાશયો પૂરાઇ ગયાં, દરવાજાઓ અને પરબડીઓ ઉખેડાઇ ગયાં. કૉલેજના દિવસોમાં હૃદયભંગ થયેલો એક મિત્ર 'અય મુહબ્બતે ઝિન્દાબાદ' ગાતો ગાતો જેમાં કૂદી પડેલો એ, ગ્લોબ સિનેમાથી છાંગેશ્વર મહાદેવ લગી બારેમાસ ભર્યાભાદર્યા રહેતા ઊંડિવાળ તળાવની શોભાને, કિનારે આડેધડ ઊગી નીકળેલી ઇમારતોની હારમાળાએ હણી લીધી છે. રતન તળાવ, મલાવ તળાવ, મૂળેશ્વર તળાવ. પિલવાઇ તળાવ જેવા કેટલાંયે રમણીય વૃક્ષરાજિથી શોભતાં તળાવો આજે નામશેષ થઇ ગયાં છે. શહેરના ઉદ્યોનોની પણ આ જ સ્થિતિ થવા માંડી છે. એક વારના સુપ્રસિદ્ધ વિકટોરિયા ગાર્ડનમાં આજે નગરપાલિકા અને બીજી ઓફિસો ઊભી છે. તો એક નાનકડો ગાર્ડન અસહ્ય ભીડ, ઘોંઘાટ અને ધમાલ વચ્ચે ભીંસાઇ ગયો છે. આ બધામાં હમણા હમણા અસ્તિત્વમાં આવેલા ફુવારાઓ એક મોટું આશ્વાસન બની રહ્યાં છે. ચૌરાહાઓ વચ્ચે ઊભા ઊભા એ ટ્રાફિક-નિર્દેશ તો કરે જ છે પણ રોજ સાંજે દીવાલો છોડીને બહાર નીકળી પડતા શહેરની આંખોમાં જલધારાઓની શીતળતાની સાથે તેજનાં રમણીય મેઘધનુષ પણ આંજી આપે છે.

એકસો પાંસઠ વર્ષ પુરાણું શ્રી સંતરામ મહારાજ સમાધિ મંદિર નડીઆદના જ નહીં, સમગ્ર ચરોતરના જનજીવનની અતૂટ આસ્થાનું પ્રતીક બની ગયું છે. બાળપણથી જ મારા ચિત્તમાં પણ જાણે અજાણે એનો પ્રભાવ ઝીલાયો છે. બાપુજી નિયમિત દર્શન કરવા જતાં. આપણે વાર-તહેવારે. એકવાર કોઇક ઉત્સવ પ્રસંગે મંદિરના ચોકમાં નવસો નવ્વાણું નદીઓનાં એકત્રિત કરાયેલાં જળમાં બાપુજીએ મને નવરાવેલો!

પરમ તેજમાં વિલીન થતો દીવો એક નવો દીવો પેટાવતો જાય એવી વિશિષ્ટ ગુરુ-શિષ્ય પરંપરાથી આલોકિત આ મંદિરની સત્-જ્યોત વિપુલ ભક્ત સમુદાયના જીવનને પણ અજવાળતી રહે છે. આધ્યાત્મિક કલ્યાણની સાથો સાથ અહીંથી, અંગત દુઃખ-દર્દ અને અભાવોથી પીડિત તેમજ કુદરતી આપત્તિઓથી સંતાપ પામેલા લોકસમુદાયના કલ્યાણ માટે અવિરત ચાલતી પ્રવૃત્તિઓનો વ્યાપ જોઇને લાગે કે આટલી નિરપેક્ષ રીતે ને આટલી અસરકારક રીતે આવી પ્રવૃત્તિ ભાગ્યે જ બીજી કોઇ ધાર્મિક સંસ્થા ચલાવતી હશે.

એ દિવસોમાં અમે મહાપૂર્ણિમાની ઉત્સુકતાથી રાહ જોતાં. મહાપૂર્ણિમા એ શ્રી સંતરામ મહારાજનો સમાધિ દિન. એ દિવસે ભારે મોટો મેળો ભરાય. એ મેળામાં મહાલવાની તૈયારી રૂપે નવાં કપડાં સીવડાવવામાં આવે. ગામડેથી આવતા દર્શનાર્થી મહેમાનોથી ફળિયાં ઉભરાતાં. ગામડાંઓમાંથી અવિરત આવતી રહેતી, ગાતી નરઘાં-કાંસી વગાડતી, વચ્ચે વચ્ચે ઉન્માદપૂર્વક કિલકારીઓ કરી હાથમાંના ધારિયાં કે લાકડીઓ ઊંચા કરતી ભજન મંડળીઓથી માર્ગો ઉભરાતા. રસ્તા પર પડતાં ઘરોની કુલીન સ્ત્રીઓ મહુડાની તીવ્ર ગંધથી વાજ આવી બારી-બારણાં ભીડી દેતી. પૂર્ણિમાની રાત્રે મંદિરના વિશાળ ચોગાનમાં, આવી સેંકડો મંડળીઓના સહસ્ત્ર કંઠે, પરોઢ લગી જે ભજનસરિતાઓ વહેતી તે એકમેક સાથે ગૂંથાતી, અથડાતી-અફળાતી આખરે નિરર્થક, નિરાકાર એવા એક નાદનો સમુદ્ર બની જતી, એમાં રોડ પરની દુકાનો, જાદુગરો, પાનબીડીવાળાઓ, સરકસવાળાઓ વગેરેના માઇકમાંથી એકસામટા ફેંકાતા અને અર્થહીન બની જતા અવાજો પણ તરતા રહેતા. યુગો વીતી ગયા છે આવી ભજન મંડળીઓના સમુદ્રકાંઠે ઊભા રહ્યે. આજે તો અહીં ભજન મંડળીઓની સ્પર્ધાઓ યોજાય છે. એમને તાલીમ આપવા શિબિરો પણ યોજાય છે. મંદિરનું પણ આમૂલ નવનિર્માણ થઇ રહ્યું છે. મંદિર

પાછળની બાવળી અને ખુલ્લી જગા આજે રહી નથી. ત્યાં વિશાળ 'સત્સંગ ભવન' અને 'ભરત ભવન' બન્યાં છે. એની સામેની વિશાળ યજ્ઞભૂમિ પર 'અન્નપૂર્ણા ભવન' બંધાઇ ગયું છે. સંતરામ વિદ્યાલયની સામે બે મોટાં વટવૃક્ષોની વચ્ચે હીંચકા હતાં. રમેશ પહેલવાન નામના મિત્રની સાથે એ હીંચકે હીંચકવાનો ભયમિશ્રિત આનંદ આ ક્ષણે પણ રોમાંચ જગવી જાય છે. પોતાના અતુલિત બળથી એ મિત્ર એવા હીંચકા ચગાવતો કે હીંચકો જતોક ને બંને વૃક્ષની ઊંચેરી ડાળીઓને સ્પર્શતો. હમણાં પડયા કે પડીશું એવી ભીતિથી રોમરોમ તંગ થઇ ઊઠતું... અત્યારે ત્યાં વૃક્ષ કે હીંચકા નથી. એક મોટી હોસ્પિટલ થઇ ગઇ છે. સંતરામ મંદિરનું મૂળ દૃશ્ય તો મારા મનમાં ઝીલાયેલા કેટલાક જૂના ફોટોગ્રાફસમાં જ સચવાશે.

મેં હિમાલયના અનેક રમણીય શિખરોના ફોટોગ્રાફસ લીધા છે. પણ કિશોરવયમાં એકવાર સંતરામ ટાવર પાસે અમને ઊભા રાખીને પુરાણી સાહેબે લીધેલા ફોટોગ્રાફમાં અમારી છબીની સાથે આવડો મોટો, ઊંચો સંતરામ ટાવર એમાં કેવી રીતે સમાઇ ગયો એનું આશ્ચર્ય દિવસો સુધી શમ્યું ન હતું. સૌ પહેલું થાળીવાજું પણ પુરાણી સાહેબને ત્યાં જ જોયેલું-સાંભળેલું. તેઓ 'ડિપોટી સાહેબ' હતા અને તેમનો દીકરો મારો ખાસ મિત્ર હતો. એમના વ્યક્તિત્વનો અમારા પર ખૂબ પ્રભાવ પડેલો. કાવ્ય લખવાનો અને પુસ્તકો છપાવવાનો છંદ કદાચ એમને કારણે જ વળગ્યો હશે. પણ વિજ્ઞાનની રહસ્યલીલાઓને પામવામાં હું હંમેશા પાછો પડયો. આજે પણ પૃથ્વીના અન્ય ગોળાર્ધ પર ખેલાતી મેચને મારા ઘરના ટીવી પર જોતાં હું ભારે આશ્ચર્ય અનુભવું છું. આ કેવી રીતે શક્ય બને? એકવાર ઇસરોમાં તૈયાર થઇ રહેલા ભારતીય ઉપગ્રહને જોવાની તક મળેલી, પિન્કીને ખૂબ રસ લઇને એના ડિયર અંકલને ઉપગ્રહની રચના અને તેના કાર્ય વિશે એકડે એકથી સમજાવવા પ્રયત્ન કરેલો પણ અંકલના મનમાં સમજણને બદલે સતત વિસ્મય જ વિલસતું રહેલું! એવું જ વિસ્મય મોગલકોટ શાળા નંબર એકની સામે જ આવેલું 'ગુજરાત ટાઇમ્સ'નું નાનકડું પ્રિન્ટીંગ પ્રેસ જોઇને થયેલું. કંપોઝીટરો બીબાં ગોઠવ્યે જતાં હોય અને માણેકલાલ કાકા ટ્રેડલ મશીન પર છપાતા પાનને ધ્યાનથી જોતા હોય. એમના ટેબલ સામેની ખુરશીમાં રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ અમને થતું કે આવા કોઇ છાપાના પાને કયારેક આપણું નામ પણ છપાય તો કેવી મજા પડે! સર્જક બનવાની ક્ષમતાનું ભાન સૌ પ્રથમ હાઇસ્કૂલના દિવસોમાં ગુજરાતીના સાહેબ શ્રી શિવુભાઇએ કરાવેલું. આજે પણ જયારે જયારે એમને મળવાનું થાય છે ત્યારે ત્યારે સમકાલીન સાહિત્યની ચર્ચાઓ તો થાય જ પણ થોડી ક્ષણો જૂના દિવસોમાં, શિવુભાઇ અમને ખુબ રસપૂર્વક 'સમો ને વખત' શીખવતા એ દિવસોમાં ડૂબકી મારી આવવાનું અમને બંનેને ગમે છે.

નાટકનો પ્રથમ સ્વાદ રાજેન્દ્ર મહેતા નામના બીજા એક સાહેબે ચખાડેલો. એમના લખેલાં, ડિરેકટ કરેલાં નાટકોમાં મારે અભિનય ઉપરાંત ગાવાનું યે આવતું! ગાવાનું તો વારસામાં મળેલું. હું જન્મ્યો એ સમયે ઘરમાં તબલાં ને પખવાજ હતાં જ. એ પછી નાનકડું હાર્મોનિયમ પણ આવેલું. બાપુજી સારું ગાતા-બજાવતા. કથાકીર્તન કરતા. કૉલેજકાળમાં ગાવાની પ્રવૃત્તિને કારણે જ મધુ કંસારા જેવા સંગીતજ્ઞ મિત્ર મળ્યા. એમના પિતાજી એમના જમાનાના બહુ મોટા સંગીતકાર. દુકાનમાં બેઠા બેઠા તાંબા-પિત્તળનાં બેડાં પર ટીપકીઓ પાડતા જોયેલા નાગરદાસ કાકાને એક રાત્રે તાનપુરા સાથે જમાવીને ખયાલ ગાતા સાંભળ્યા ત્યારે થયું કે સંગીત અવર્ણનીય આનંદનો એક અનંત સમુદ્ર છે અને આપણે તો હજી નાદાન બાળકની જેમ કિનારા પરનાં છીપલાંને જ સર્વસ્વ માની બેઠા છીએ. શાસ્ત્રીય સંગીત સાંભળતાં-આસ્વાદતાં શીખ્યો તે આ કંસારા પરિવારના સંપર્ક પ્રતાપે. 'સનેમા' જોવાના રસિયા દાદા કયારેક મને પણ સાથે લઇ જાય. એ જમાનામાં 'આયેગા આનેવાલા... આયેગા!' ગીતથી શરૂ થયેલું લતા મંગેશકરના અદ્દ્ભુત કંઠ માટેનું આકર્ષણ આજે ય એટલું જ દૃઢ છે. એકવાર મુંબઇમાં યોજાયેલા 'શ્રુતિ દરબાર'ના કાર્યક્રમ નિમિત્તે એમની સાથે મળવાનું થયું એ આનંદ-ઘટના તો હજી ગઇ કાલે જ ઘટી હોય એટલી તાજી છે.

રાત ઘેરાતી જાય છે અને બસ બંને બાજુએથી ઝૂકી આવેલાં વૃક્ષો વચ્ચેથી સર્પાકારે જતી અંધારી સડક પર ખખડતી ખોડંગાતી ડમણીની જેમ દોડતી રહે છે. વચ્ચે હાઇ-વે પરના કોઇ ધાબા પર થોભીને ડ્રાઇવર-કંડકટરે ટિફીન ભરી લીધાં છે. મોડી રાત્રે સાવલી પહોંચીને જમશે. પછી બીડી પીતાં પીતાં બસની સીટ પર જ લંબાવી દેશે. હું વચ્ચે સહેજ જાગી જઇને વળી પાછો મારા ગામના સાંકડા માર્ગો પર લટારતો રહું છું.

ક્યારેક કાકરખાડની બારીમાંથી નીકળીને સામેના અ.સૌ. ડાહીલક્ષ્મી પુસ્તકાલયમાં તો ક્યારેક નાગરવાડામાંના ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીની સ્મૃતિઓથી ભરેલા ઘરમાં ઘૂમી આવું છું. શરૂઆતના દિવસોમાં રામફળિયાનું એક નાનકડું પુસ્તકાલય અને પછી ડાહીલક્ષ્મીનું વિશાળ પુસ્તકાલય મળ્યાં ન હોત તો મનના કેટલા બધાં ખંડો અંધકારમાં ડૂબેલા રહ્યાં હોત...! આજે વેકેશનમાં એકાદ બે વાર પણ ડાહીલક્ષ્મીમાં અમસ્તો આંટો મારી આવવાનું મન થતું હોય છે. લોકોને વાચનાભિમુખ કરવા પુસ્તકાલય અવનવાં પ્રલોભનો સાથે કાર્યક્રમો યોજતું રહેવા છતાં એમાનાં કેટલા યે બંધ કબાટોમાં અધિકારી વાચકોના સ્પર્શ માટે ઝૂરતાં પડેલા મૂલ્યવાન ગ્રંથો જોઇને મનોમન ભવભૂતિને યાદ કરી લઉં છું: નિરવધિ કાલો, વિપુલા ચ પૃથ્વી...

સંતરામ મંદિર પાછળ આવેલું વિઠ્ઠલ કન્યા વિદ્યાલય આમ તો કેવળ બહેનો માટેની સંસ્થા પણ એ કાળે એમાં વારંવાર યોજાતાં જાહેરવ્યાખ્યાનોનો લાભ લેવા અમે અચૂક પહોંચી જતાં. જવાહરલાલ નેહરુ, સરદાર પટેલ, મોરારજી દેસાઇ, આચાર્ય કૃપલાણી જેવા રાજપુરુષો, રવિશંકર મહારાજ, જયપ્રકાશ, બબલભાઇ જેવા લોકસેવકો અને કાકા સાહેબ, ઉમાશંકર, સુંદરમ્ જેવાં સાહિત્યસ્વામીઓને નજીકથી જોવા સાંભળવાના રોમહર્ષ સાથે રમણીય વૃક્ષ-ઘટાઓથી ઘેરાયેલી અને કેવળ શ્વેતવસ્ત્રાવૃતા બહેનોથી છલકાતી સંસ્થામાં જઇ આવવાનો આનંદ પણ ઉમેરાતો. ક્યારેક કશા જ ઉદ્દેશ વિના સીમના અજાણ્યા માર્ગો પર રખડવા પણ નીકળી પડતાં. સાંભળેલી વાતોના રટણથી અદ્‌ભૂત રસને ઘૂંટવાની પણ લિજ્જત આવતી. ભરબપોરે પિલવાઇ તળાવમાં ધુબાકા મારતી ચુડેલની વાત તો અમદાવાદી દરવાજા બહાર એક લાઇનમાં ઊભેલી, ઘટાદાર સાત આંબલીઓની વાત... દાદા કહેતા કે ખંભાતના કોઇ જાદુમંતરના જાણકાર ખત્રીએ ઉડાડેલી. આ સાત આંબલીઓને જતી જોઇને નડીઆદના કોઇ જાણકારે મંત્ર ભણીને એને આકાશમાંથી અહીં ઊતારી દીધેલી! આવો કોઇ જાદુગર મળે તો અતીતાકાશમાં ઊડતી મારી કેટલી યે સોનેરી ક્ષણોને પુનઃ અવતારી શકાય કે કેમ એમ વિચારું છું ત્યાં તો કન્ડકટર કહે છે, ‘ઉતરવું નથી સાહેબ?’

• • •

# ગુજરાતી રંગભૂમિ જીવે છે

■ દિનકર ભોજક

**પ્રકરણ - ૨**

નાટક ક્યારેક મરણોન્મુખ લાગે છે. પણ ક્યારેય તે મરતું નથી. મારામાં નદી છે અને નથી એમ કહીએ ત્યારે બંનેમાં સત્ય જણાય એવું જ નાટક અને રંગભૂમિ વિશે છે. કેટલીકવાર 'ઘરકી મૂર્ગી દાલ બરોબર' જેવો ગુજરાતી રંગભૂમિનો ઘાટ થયો છે. આપણે બીજાઓને વખાણી આપણો મોભો વધારીએ છીએ. નવસારીમાં 'ઉદય આર્ટ' નામની સંસ્થા છે. જસપાલ દેસાઇ અને ઝફર કાદરી નામના બે તરવરિયા જુવાન નટ-દિગ્દર્શકોએ જ્યોતિ વૈદ્યનું 'વિષચક્ર' નામનું નાટક (૧૯૯૪) અસરકારક રીતે ભજવ્યું હતું. સત્તાનું વિષચક્ર ફરતું રહે છે એ વાતને કેન્દ્રમાં રાખી લેખકે સાંપ્રત સત્તાભ્રષ્ટ રાજકારણ, લોકશાહી અને પ્રેમને ખૂબીથી નાટકમાં વણી લીધાં છે. નાટકના મુખ્યપાત્ર કોનારકના પાત્રમાં ઝફર કાદરીએ સત્તાભ્રષ્ટ રાજકારણની પતનની પળોનું સાક્ષીત્વ ઊભું કર્યું હતું વાચિક અને આંગિક અભિનયથી. ક્ષુદ્રકના પાત્રમાં ભાઇ જશપાલ દેસાઇ સંવાદ અને સંવેદનને સંર્જનાત્મક સૂઝ દ્વારા જીવંત કરી ગયા હતા. તક્ષીકા અને દિવ્યાના પાત્રોમાં બે યુવાન બહેનો જેમનાં નામ યાદ નથી આવતાં તે અભિનયનો સારો કસબ દર્શાવી ગયેલાં. નાટકના એક ખૂણાને અંધારામાં ડૂબાડી દઇ, માત્ર સ્પોટ લાઇટનો ઉપયોગ કરી દશ્યની રજૂઆતનો સરસ કસબ આ નાટકના દિગ્દર્શકોએ દર્શાવેલો. નવસારીની વાત આવી છે ત્યારે વિષયાંતર કરીને પણ એક વાત નોંધ્યા વગર રહી શકતો નથી.

નવસારીના સુખ્યાત સાહિત્યકાર ચંદ્રાકાંત પંડ્યાને ઘેર જાણીતા નટ જયશંકર 'સુંદરી' ઉતરેલા. ચંદ્રકાંત પંડ્યાની સાથે એમણે મહારાષ્ટ્રના સુખ્યાત નાટ્યકાર ગડકરીના નવસારીના જન્મસ્થળના મકાનના આંગણામાં આંખ મીંચી બે હાથ જોડી નતમસ્તકે 'સુંદરી' થોડીક વાર ઊભા રહેલા. પછી ઉમરા ઉપર મસ્તક ટેકવી ફરીથી 'સુંદરી'એ ગડકરીના ઘરને ગદ્‌ગદ્‌ થઇને પ્રણામ કરી અંજલિ આપી ધન્યતા અનુભવેલી. આ સમાચાર પછી નવસારી નગરપાલિકાએ ગડકરી રહેતા હતા એ માર્ગનું નામ ગડકરી માર્ગ આપ્યું અને ગડકરી ચોક બનાવ્યો. રામગણેશ ગડકરી, જયશંકર સુંદરી, અને ચંદ્રકાંત પંડ્યાનો ત્રિવેણી સંગમ આજે પણ નવસારીના રસ્તાની ધૂળ નીચે ક્યાંકને ક્યાંક અકબંધ છે.

નાટક યોગ છે. કશાકમાં ઝબોળાવાની અને ભીના થવાની ઘટના છે. નાટક રમણભૂમિ Acting area માં ચાલે છે. આંગિક અભિનયથી અને વાચિક આવિષ્કારોથી. સામાન્ય પ્રજાનો ખ્યાલ એવો રહ્યો છે કે ગુજરાતની પ્રજા વહેપારી હોવાથી સંગીત-નૃત્ય-નાટય વગેરે કલાઓમાં તેને બહુ ઓછો રસ છે. આ ખ્યાલ કેટલેક અંશે ભ્રામક છે.

કવિ નર્મદના ગુજરાતી રંગભૂમિ ઉપર સફળતાથી ભજવાયેલા (૧૮૭૦ થી ૧૮૯૬) નાટકો પ્રગટ થયાં છે. ગુજરાતી સાહિત્ય પરિષદ સૂરતમાં ભરાણી ત્યારે કવિ નર્મદનું 'તુળજા વિવાહ' નાટક સૂરતના જાણીતા નાટયકાર અને દિગ્દર્શક જ્યોતિ વૈદ્યે એનું રૂપાંતર અને દિગ્દર્શન કરી ભજવ્યું હતું. નાટકને નવો દૃષ્ટિકોણ મળ્યો. રંગરૂપ બદલાયાં પણ કથાનક એનુ એ જ રહ્યું. એ જમાનાની રાંડીરાંડ અને પછી સારા શબ્દોમાં ગંગાસ્વરૂપ બનેલી વિધવાની આંતરિક પીડા પ્રતિષ્ઠિત લેખક ગુણવંત શાહના સુપુત્રીએ તુળજાના પાત્રમાં નર્મદની દ્રવતી કલમ જેવી જ દ્રવતી સંવેદના સાથે ભજવેલી. ગુણવંત શાહ અને બીજી પ્રતિષ્ઠિત સાહિત્યકારોની આંખો ભીંજાયેલી એવું બરોબર યાદ છે. દક્ષિણ ગુજરાત જેની લાલ ચકી પાઘડી અને સમાજ સુધારણાની જેહાદથી ગૌરવ અનુભવે છે એ નર્મદને સૂરતીઓએ આ નાટક ભજવી યોગ્ય રીતે યાદ કરેલો. નર્મદ વિશેના ચંદ્રવદન મહેતાના નાટકને સુખ્યાત નટ-દિગ્દર્શક જશવંત ઠાકરે બે-અઢી કલાકની મથામણ કરી રજૂ કરેલો એ વાતનું પણ ગૌરવ કરવું જોઇએ.

તાજેતરમાં ફરી એકવાર અમને નર્મદનો સત્સંગ થયો (૧૯૯૬). નર્મદના આત્મકથાનક 'મારી હકીકત'ને નાટ્યરૂપ આપ્યું અમેરિકામાં વસતા દિગ્દર્શક હરીશ ત્રિવેદીએ. નર્મદની વેશભૂષા, અંગરખું, ધોતી અને લાલ ચકરી પાઘડી પહેરી જ્યારે ચંદ્ર શાહે રંગમંચ પર પ્રવેશ કર્યો ત્યારે ખરેખર પ્રેક્ષાલયમાં સન્નાટો અને રોમાંચ વ્યાપેલાં. આખા નાટકમાં એક જ પાત્ર હતું અને તે પણ નર્મદનું. આ પ્રકારનું સાહસ કરવું અઘરું કામ છે. ગુજરાતીઓ નાટ્યક્ષેત્રે અભિવ્યક્તિમાં પણ સાહસ કરી શકે છે. નર્મદની કવિતાનો પાઠ, પ્રવચનના દૃશ્ય સમયની ઠસ્સાદાર જોસ્સાબંધ ચાલ (Foot work), કલમના ખોળે માથું મૂકી પ્રતિજ્ઞા લેવાનું દૃશ્ય વગેરે સારી અસર મૂકતાં ગયાં. 'દાંડિયા'ની નકલ વેચતો નર્મદ પ્રેક્ષાલયમાંથી સીધો રંગમંચ પર આવ્યો ત્યારે દર્શકોમાં ઉત્તેજના વ્યાપેલી. નર્મદના કપરા કાળમાં 'દૂધ અને પૌંઆ' ખાવાનો કરુણ અને મર્મ વિદારક પ્રસંગ અને 'જય જય ગરવી ગુજરાત'ન આવ્યાં એનો રંજ રહેલો. કશો વાંધો નહીં. જે કામ વ્યવસાયી રંગભૂમિ અને બીજાં અનેક મંડળો ન કરી શક્યાં તે કામ થોડા મર્મી અલગારી ગુજરાતી નટો કરી શક્યાં. 'ઊંચી તુ જ સુંદર જાત, જય જય ગરવી ગુજરાત'. તાપીના પ્રવાહમાં હજુ નર્મદ વહે છે.

આ નાટકો રજૂ કરનાર કોઇ વ્યવસાયી નટો નહોતાં. પ્રાગતિક દૃષ્ટિ, સંમૂચિત પાર્શ્વધ્વનિ વચ્ચે ગુજરાતી તખતાની ભૂગોળ સ્થળ સમયને જે રીતે ચરિતાર્થ કરતાં હતાં એ જોતાં જરા પણ અતિશયોક્તિ વગર કહી શકાશે કે ગુજરાતી રંગભૂમિનું હીર હજુ હણાયું નથી. આવા તો ઘણા જુવાનો છે અને પ્રતિ વર્ષ કશુંક નવું કરી બતાવે છે. રંજ એ વાતનો છે કે ગમે તે કારણે અભિનયનું સાતત્ય ચાલતું નથી. રંગભૂમિ આમ તો સંકુલ ઘટના છે. એક છેડે નાટ્યકાર છે. બીજે છેડે પ્રેક્ષક, નટકર્મ, રંગતંત્ર અને અભિનય સુધી કૃતિ વિસ્તરે છે. અને આ વિસ્તારની સાથે પ્રેક્ષક તણાય છે. નવા વિષયો, નવી રજુઆત સાથે નવા નવા કલાકારો રંગભૂમિની ક્ષિતિજ પર ઉદયમાન થાય છે. આપણે એમને વધાવવા જોઇએ. કારણ કે તેઓ લેખકની સાથે તખતાને ધબકતો રાખે છે સાથે આપણને પણ જીવંત રાખે છે.

મે ૯૭ના 'કુમાર'ના અંકમાં ગુજરાતી તખતાના જાણીતા અભિનેત્રી 'દામિની મહેતા'ની મુલાકાત પ્રસિદ્ધ થઇ છે. 'તાદર્થ્ય' 'મે'ના અંકમાં નાટ્યજગતના બહોળા અનુભવી મનસુખ જોષીની મુલાકાત પણ છપાઇ છે. નાટ્યસૃષ્ટિમાં નયન ભટ્ટ, પ્રશાંત બારોટ, ધનશ્યામ ગઢવી, અર્ચન ત્રિવેદી, સાહિલ ત્રિવેદી, દીક્ષિત સોની, આશિષ ઠાકર, નવનીત રાવલ, આસ્મા દલાલ, તરુલતા દીક્ષિત, અભિજ્ઞા મહેતા જેવા નવોદિતો પ્રકાશમાં આવી રહ્યાં છે. રંગમંચ પર થિયેટર લેંગ્વેજનો યોગ્ય રીતે ઉપયોગ કરનાર પણ છે.

આ સમય વ્યાપક અને ત્વરિત પરિવર્તનનો છે. ગઇ કાલે અસંભાવ્ય ગણાતું હતું તે આજે વાસ્તવિક સ્વરૂપે પ્રગટ થઇ રહ્યું છે. દૃશ્ય-શ્રાવ્ય માધ્યમોનો ઉપયોગ પણ રંગભૂમિ પર થાય છે.

(ક્રમશઃ)

• • •

# રસિકજનોની કલમે

પ્રિય જયંતભાઈ,

'ઈન્દુમૌલિ'નો તમારા વિષેનો અંક જોવા મળ્યો. સારુંકામ થયું છે.

ચંદ્રકાન્ત પંડ્યાને (બાનો ભીખુવાળા) ઘણા વખતથી મળવા ઈચ્છું છું. અવાયુ જ નથી.

આ વખતે સુરત આવવાનું થાય ત્યારે તમારી સહાયથી-મળવાની ઈચ્છા છે.

**૦ મનુભાઈ પંચોલી "દર્શક" - લોકભારતી, સણોસરા.**

---

ભાઈ સતીશને અભિનંદન સાથે જણાવવાનું કે 'ઈન્દુમૌલિ'ને મળી રહેલો આવકાર આનંદદાયક છે.

**૦ જયંત પાઠક - સુરત**

---

'ઈન્દુમૌલિ'નો *જયંત પાઠક* અંક પણ મળ્યો. એમાંનો લેખ (મારો-તમારો બંન્નેનો) વાંચ્યો. તમે હાલોલીય જીવન યાદ કરાવ્યું છે. મજા આવી ગઈ. હમણાં જ અમે તો જઈ આવ્યાં. ચંદનબહેન મળ્યાં, શકરીબહેન હજી હયાત-ઘરમાં નહોતાં. વિદ્યાર્થીઓનો પ્રેમેય એવો જ હયાત. બધું આ ઢળતી ઉંમરે લાગણીવશ કરે છે.

જયંત પાઠક અંક કાઢવા બદલ 'ઈન્દુમૌલિ'ને હાર્દિક ધન્યવાદ! સરસ કામ કર્યું. લેખો બધા જ સુંદર - સમૃદ્ધ છે. 'ઈન્દુમૌલિ' એક ગજબનું સાહસ છે અને વળી સફળ આગેકૂચની પ્રતીતિ કરાવતા એના અંકો, એક પછી એક સમૃદ્ધતર આવી રહ્યા છે.

ચિ. ભાઈ સતીશને ખરે જ સેંકડો, હજારો, લાખો અભિનંદનો!

**૦ રમણ પાઠક -બારડોલી**

---

'ઈન્દુમૌલિ'નો છેલ્લો અંક મળ્યો. તમારા બધાજ અંકો પ્રારંભથી સરસ કાગળ, સફાઈદાર છપાઈ, વ્યવસ્થિત ગોઠવણપૂર્વકના હોય છે. તેથી તે સાહિત્યનાં ઈતર પ્રસિદ્ધ થતાં સામયિકોમાં નવીનજ ભાત પાડે છે. તમે ભારે સાહસ ઊઠાવ્યું છે તે અગાઉ લખી ચૂક્યો છું. માસિકનું સંપાદન-સંચાલન અને અર્થતંત્રને સંભાળવાનું કામ કપરું જ હોય છે. તમારો તો હજી પ્રારંભ છે એટલે જાહેર ખબરો પણ ગણીગાંઠી જેવી છે. તમે હજી પોસ્ટલ રજિસ્ટર નંબર પ્રાપ્ત કર્યો લાગતો નથી. તેથી આવા દળદાર વજનદાર માસિકના અંકનું પોસ્ટેજ-ટપાલ ખર્ચપણ બહુ ભારે રહેતું હશે જ.

તમને જ આવકારના, અભિનંદનના, પ્રોત્સાહનના, પ્રશસ્તિના અસંખ્ય પત્રો મળે છે તે તમારા સાહસ પૂરતા ઠીક પણ એમાંથી રૂા. ૧૫૦.૦૦ ભરી તમારા માસિકના ગ્રાહક થનાર - થઈ જનાર કેટલા?

કોમ્પ્લીમેન્ટરીવાળા કેટલા? મને અંદાજ નથી પણ તમારું લવાજમયુક્ત સરક્યુલેશન કેટલે પહોંચ્યું? આ બધા નાજુક અને અંગત પ્રશ્નો વિષે કોઈ શું કામ તમને લખે? પણ મને અનુભવ છે ને કંઈક લાગણી પણ છે તેથી લખું છું.

તમે ચોથા અંકમાં મારી બન્ને કવિતા ફરી છાપી તે માટે આભાર.

તમે પત્રકાર - સંપાદક ધર્મ બજાવ્યો તેથી આનંદ. દિલગીરી દર્શાવવાની જરૂર નહોતી.

આ અંક એક રીતે તમે શ્રી જયંતભાઈના અમૃતમહોત્સવ પ્રસંગને અનુલક્ષીને, એમને અંગેનો વિશેષાંક બનાવ્યો તે ઉત્તમ કર્યું. તે માટે અભિનંદન. **૦ રતુભાઈ દેસાઈ - મુંબઈ**

---

'ઈન્દુમૌલિ'નો ચોથો અંક મળ્યો. પરમ પૂજ્ય પિતાશ્રી ચન્દ્રકાંતભાઈ વિશેની રચના અવશ્ય પ્રગટ થશે એવા સંપૂર્ણ વિશ્વાસથી અંક ખોલ્યો તો શ્રદ્ધાદીપ ઝળહળી ઊઠ્યો. સંપૂર્ણ સાહિત્યિક સામયિકમાં કાવ્ય પ્રગટે તેનો આનંદ કાંઈ ઑર જ હોય!

આ અંકમાં જયંતભાઈ પાઠકના પંચોતેર વર્ષની ઉજવણીરૂપ કાવ્યરચનાઓ વાંચીને કવિશ્રી 'ઉશનસ્'નું 'નષ્ટનીડ' (સૉનેટયુગ્મક) વાંચીને દિલ ડોલી ઊઠ્યું -ને મારાથી જયંતભાઈ વિશેની સૉનેટ-રચના શિખરિણી છંદમા થઈ ગઈ. માત્ર એક જ શબ્દ હૃદયવીણાને ઝંકૃત કરી ગયો તે બદલ શ્રી'ઉશનસ્'નો ખૂબ ખૂબ આભાર. અન્ય કાવ્ય રચનાઓ પણ ગમી. કાવ્યવૈવિધ્ય ધ્યાનપ્રદ છે. જે સારા અને નીવડેલા તંત્રીની દૃષ્ટિનો પરિપાક છે.

ગદ્યખંડોમાં 'પંચમહાલનું પાંચમું રત્ન' - રમણ પાઠકની ભ્રાતૃસ્નેહની ગરિમાને દ્યોતક છે. ચન્દ્રકાંતભાઈના -'જયંત - મારા મિત્ર' માં મિત્ર કરતાં સહોદરનું રૂપ વધારે છે જેને આપણે રસધર્મી મિત્ર કહી શકીએ. 'બાનો ભીખુ' તો તેની મજલ દૃઢ અને સંકેતરૂપ પગલાં મૂકે છે જે તેની મંજિલે અવશ્ય પહોંચશે જ અને સાહિત્યનું 'આત્મકથા સ્વરૂપ'નું એક ઘરેણું બની રહેશે. આગળ શું આવશે, જીવનના કયા ઘાટ અને રંગરૂપ આવશે તેનું કુતૂહલ રહે છે. કપિલાબેનનું 'તેન ત્યકતેન ભૂંજિથા' - ચરિત્ર સુંદર પ્રેરણાદાયી અને આર્યનારીની પ્રતિમા ઉપસાવે છે. પતિનું પત્નીનું તટસ્થ ભાવનું આકલન હૃદય છે.

અન્ય લેખોમાં રાધેશ્યામ શર્મા 'મુક્તિ' અને કરસનદાસનું 'ક્ષણનું શિલ્પ' ચિંતન પ્રેરે છે. 'અલિ સરદાર જાફરી'નો પરિચય કાવ્યથી મળે છે. તેમાં Death, the leveller હૃદયસ્પર્શી છે. લોકશાહીનું દર્શન મૃત્યુના ક્રિયાકલાપમાં છે પ્રતીતિ કટૂ પણ સત્યશીલ છે. મેઘાણીભાઈનું ચરિત્ર પણ તેમની તપસ્યાને ચાર ચાંદ લગાવે છે. અભિનંદન શ્રીપાદ્ અને ડૉ. નરોત્તમ વાળંદને! 'સંસ્કૃત સંહિતા' માં ડૉ. નરેશ ભટ્ટ પ્રશ્ન કરે છે અષાઢના વાદળ જોઈને કેમ અન્ય કાલિદાસ મેઘદૂત સમ સર્જન કરતો નથી. એ જ

કાલિદાસને મોટી અંજલિ છે. પણ 'જૉયસ ક્લિમેર' ની કાવ્યરચનામાં કવિઓને મૂર્ખ કહ્યા છે તે સમજાતું નથી. ઠીક છે, દુનિયા તો કવિઓને ગાંડા જ ગણે છે. કલ્પના એજ જેનો ખોરાક છે એવો કવિ પોતાને મૂર્ખ ગણે છે ત્યાં વિચાર જન્મે છે. પ્રભુનું વૃક્ષ તો નાશવંત છે ત્યારે કવિની રચના જો સાહિત્યક્ષમ હોય તો સનાતન છે. વળી કવિ માટે તો રાજશેખરે કહ્યું છેઃ 'અપારે સંસારે કવિરેકો પ્રજાપતિ.

યથાસ્મૈ રોચતે તથૈવ પરિવર્તતે ॥ આટલુ મોટું બિરૂદ કવિને એકમાત્ર પ્રજાપતિનું મળે છે તે મૂર્ખ હોય! કે પછી આ એક કટાક્ષ છે, કે અખાની જેમ કવિની અવળવાણી છે? મને જે વિચારતાં લાગ્યું છે તે મેં લખ્યું છે. આપશ્રીને કદાચ વિચાર પ્રેરે. આવા લેખો અવશ્ય આવકારપાત્ર છે. અભિનંદન ડૉ. નરેશ ભટ્ટને.

o ભગવત સુથાર - કડી

---

'ઈન્દુમૌલિ' જુલાઈ ૯૭નો અંક મળ્યો, આભાર.

જયંતભાઈ પાઠકના જીવન-કવન વિશેનો ખાસ અંક આપે પ્રગટ કર્યો તેથી આ સામયિક વિશેષ સાહિત્યાભિમુખ થતું લાગ્યું. આટલી વિશદ છણાવટ કવિતા વિશે અને કવિ વિશે ખાસ પ્રાધાન્ય આપીને આપે પ્રગટ કરી તે થકી અને શ્રી રતુભાઈ દેસાઈની બે કવિતાઓ મુદ્રણદોષના કારણે આપે ખેદ પ્રગટ કરીને પુનર્મુદ્રિત કરી તે આપની સાહિત્યનિષ્ઠા દર્શાવે છે. સાહિત્યના ઈતિહાસમાં આ ઘણી અગત્યની ઘટના છે. અભિનંદન.

o ઊજમશી પરમાર - અમદાવાદ

---

આપશ્રી તરફથી જુલાઈ ૧૯૯૭નો અંક ચોથો મળ્યો, આનંદ. અંક હાથમાં આવતા એકજ બેઠકે પૂર્ણ કર્યો. "બાનો ભીખુ" વડીલ શ્રી ચંદ્રકાન્તભાઈ પંડ્યાની જીવન કથા ખૂબ સુંદર રીતે કહી છે. તેમજ જયંત મારા મિત્ર પણ ખૂબ ગમી. મુ. શ્રી કવિશ્રી જયંત પાઠકને પંચોતેર વર્ષ પૂરા કર્યા બદલ અભિનંદન. પ્રભુ એમને દીર્ઘાયુ જીવન અર્પે ને તંદુરસ્તી આપે એવી શુભેચ્છા. કાવ્યો પણ સુંદર પ્રગટ થયા છે.

o અમૃત સી. પંચોલી - મુંબઈ

---

'ઈન્દુમૌલિ' : ૪ મળી ગયો છે. એના પ્રવેશાંકથી પ્રારમ્ભાયેલી સમૃદ્ધ પરંપરા ઉત્તરોત્તર જળવાતી રહી છે... ધન્યવાદ !

અંક, મુ.શ્રી જયંતભાઈને અર્પણ કરી તમે એક વિશિષ્ટ પ્રણાલિ સ્થાપિત કરી છે.

તંત્રીલેખમાં, સાહિત્યસર્જનની પ્રજા પર થતી અસર માપવાનું બીજું કોઈ યંત્ર નથીઃ એવી તમારી ચિંતા ઔચિત્યપૂર્ણ છે.

પ્રતિભાવમાં રાધેશ્યામ શર્માના સૂરમાં હું પણ મારો સૂર પૂરાવું છુંઃ પદ્યવિભાગ પ્રતિનો તમારો પક્ષપાત તમારામાં ક્યાંક કવિ પડ્યો છે-ની પ્રતીતિ કરાવે છે ....!

o કરસનદાસ લુહાર - ભાવનગર

'ઈન્દુમૌલિ'નો ચોથો અંક વાંચ્યો.

ત્રણ અંક વાંચ્યા પછી ચોથો અંક વાંચતા જણાય છે કે ક્રમશઃ 'ઈન્દુમૌલિ'નું સ્તર વધારે સુઘડ, અર્થપૂર્ણ બનતું જાય છે. મુદ્રણ દોષ બહુ જૂજ અને લેખો તથા કાવ્યો મનને સંતૃપ્ત કરે છે. 'બાનો ભીખુ' (ઉત્તરાર્ધ) દિવસે દિવસે રસ જમાવે છે.

અંકના આવરણ પર મૂકેલ જયંત પાઠકની તસવીર તથા તંત્રીલેખમાં ચંદ્રકાંત પંડ્યા, ઉશનસ્ તથા જયંત પાઠકની સરખામણી કરીને વિરલ ઘટનાને તમે તાદશ કરી બતાવી છે.

o જયંત કે. ઉમરેઠિયા - વડોદરા.

---

'ઈન્દુમૌલિ'નો આ ચતુર્થ અંક વાંચ્યો. વાંચી ઘણો આનંદ થયો. અંકના લેખોમાં મૌલિકતા વિશેષ જોવા મળી. ઉત્તમ સાહિત્યના સ્પર્શથી માસિક શોભે છે. ગદ્ય વિભાગ અને જુદી જુદી પ્રકારનાં ઉત્તમ કાવ્યો મનમાં ઉત્તમ વિચાર કરતાં કરે તેવાં છે. આપની આંતરસૂઝ સૂક્ષ્મ અને વિશાળ છે. શીલ તેવી આપની શૈલી છે. નવોદિતોને આવકાર આપી આપે એક નવીન અસ્મિતા ઊભી કરી છે. પાત્રોમાં સચ્ચાઈનો રણકો છે. આજના જમાનામાં અન્ય સાહિત્ય માસિકોમાંથી ઉદ્ધૃત અથવા ભાષાંતર વિશેષ જોવા મળે છે. આપે અવાસ્તવિકતા છોડી છે. સાંપ્રત સાહિત્યને એવી રીતે પ્રતિબિંબિત કર્યું છે કે વાચક વાંચી વિચાર કરતો થઈ જાય. જીવનમાં વાંચન પછી સ્મરણ અને ચિંતન બહુ જ લાભદાયક છે.

બીજું મને લાગે છે કે આપે રજૂ કરેલું રુચિપૂર્ણ સાહિત્ય લોકપ્રિય બનશે એની મને પૂર્ણ ખાતરી છે. આપે નવીન કેડી અને નવો અભિગમ અપનાવ્યો છે તે માટે ખૂબ ખૂબ અભિનંદન. જાણીતા લબ્ધપ્રતિષ્ઠિત કવિઓ, વિવેચકો, અનુવાદકો, નવલકથાકારોને આવકાર આપી બહુમાન કરો છો. આપનું માસિક ગુજરાતી સાહિત્યના સામાયિકોમાં ઉચ્ચસ્થાન પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા.

o ડૉ. કંચનલાલ જી. કાંટાવાલા - નડીયાદ

---

આપના તરફથી ઈન્દુમૌલિના અંક નં. ૩ અને ૪ મળ્યા. હાર્દિક આભાર.

અંક ૪ આપણા મૂર્ધન્ય કવિ શ્રી જયંત પાઠકને સમર્પિત કર્યો છે. તે યોગ્ય છે. એના માટે આપને અભિનંદન.

ઈન્દુમૌલિમાં વાંચનની વિવિધતા મળે છે જેવી કે ગઝલ, ગીત, સૉનેટ, વાર્તા, નિબંધ વિ. અને વાચકને ઈન્દુમૌલિનું આકર્ષણ રહે છે.

o મુકબિલ કુરેશી - ભાવનગર

---

'ઈન્દમૌલિ' મળે છે. આભાર. ગુજરાતનાં સાહિત્યિક સામયિકોના ક્ષેત્રે તમારું રસાળ અને સુરુચિપૂર્ણ સંપાદન "ઈન્દુમૌલિ'ને એક મજાનું એટલે કે રુચિકર સ્થાન અપાવે છે.

પછી 'પાથેય' મળ્યુંઃ એટલે તરત ખ્યાલ આવ્યો કે 'ઈન્દુમૌલિ'ના સંપાદક સતીશ પંડ્યા તો 'બાનો ભીખુ'ના પુત્ર! ચન્દ્રકાન્ત પંડ્યા સાથે જૂનો સાહિત્યિક સંપર્ક. જો કે પહેલીવાર

રૂબરૂ મળવાનું થયું કદાચ ગુજરાતી સાહિત્ય પરિષદના 'જ્ઞાનસત્ર'ના પ્રસંગે. ગયાં વર્ષે હું નવસારી આવ્યો ત્યારે પણ મળાયું હતું એમને મારું સ્મરણ પાઠવશો.

'ઇન્દુમૌલિ'ની ઉન્નતિ માટે હાર્દિક શુભકામનાઓ પાઠવું છું.

**૦ દિલાવરસિંહ જાડેજા - વલ્લભવિદ્યાનગર**

---

પહેલાં તો આ પત્ર ખૂબ વિલંબે લખવા બદલ દિલગીરી વ્યક્ત કરી લું. તમારા તરફથી 'ઇન્દુમૌલિ'ના ત્રણ અંકો તેમજ 'પાથેય' મને મળી ગયેલ છે. તે બદલ આભારી છું. 'ઇન્દુમૌલિ'ના પ્રકાશન પૂર્વે કૃતિ મોકલવાનું આમંત્રણ પણ તમે પાઠવેલું. પણ હું પ્રતિભાવ રૂપે કૃતિ મોકલી શકયો નહી એ માટે મારી વ્યવસ્તતા જવાબદાર. આ સાથે એક કૃતિ મોકલું છું જે હું માનું છુ કે તમને ગમશે.

નવસારીની ગાર્ડા કૉલેજમાં મેં એક વર્ષ અભ્યાસ કર્યો હતો. અને તે નિમિત્તે એ નગરી અને એનાં નગરજનોના સઘન સંબંધમાં આવવાનું બનેલું એટલે નવસારીનું નામ પડતાં જ આજે ય અત્પિયતાનો ભાવ જાગે છે. તેનાં અનેક સ્થળોનાં અને વ્યક્તિઓનાં સભર સ્મરણોમાં ચંદ્રકાન્તભાઇ પંડ્યાનું નામ અગ્રેસર હોય તે સ્વાભાવિક છે. એથી જ 'પાથેય' જોઇને ઘણો આનંદ થયો.

તમારાં પ્રકાશનના અને સામયિકના સાહસ માટે તમને અભિનંદન અને શુભેચ્છા પાઠવું છું. 'ઇન્દુમૌલિ'ને ગુજરાતના પ્રતિષ્ઠિત કવિ-લેખકોનો સહકાર સાંપડયો છે તે જોઇ શકાય છે. તે સાથે સંપાદન અંગે તમે જે જહેમત ઉઠાવો છો તે પણ પ્રશસ્ય છે. તંત્રી કૃતિ કે કર્તાની પસંદગી અંગે એટલે તેના સ્વીકાર અસ્વીકાર બાબત સ્વતંત્ર છે. પણ બીજી અનેક બાબતોમાં પરતંત્ર છે. ખાસ કરીને સામગ્રીની સમયસરની પ્રાપ્તિ તેમજ તે સામગ્રીના વાચકોની પ્રસન્નતા વિશે તંત્રી કેવળ પરાધીન જ હોય. આ તથ્ય હુ જાણતો હતો, અનુભવે વધુ સ્પષ્ટ થયું. તમે આ બાબતમાં સદ્‌ભાગી પુરવાર થયા છો તેની સાક્ષી 'ઇન્દુમૌલિ'ના લેખકોની નામાવલિ તેમજ અંકને અંતે રજુ થયેલ રસિકજનોના પ્રતિભાવો પૂરે છે.

ફરી અભિનંદન

મુ. ચંદ્રકાન્તભાઇને પ્રણામ. મિત્રોને સ્મરણ.

સપરિવાર કુશળતા પ્રાર્થના સહ.

**૦ હેમંત દેસાઇ - અમદાવાદ**

---

''ઇન્દુમૌલિ'' માટે કૃતિ મોકલવાનું આપનું નિમંત્ર તો ઘણા મહીના પહેલાં મળેલું. એ પછી નિયમિત અંકો પણ મળતા રહ્યાં. જોતો રહ્યો, વાંચતો, આસ્વાદતો, રહ્યો. વચ્ચેના સમયમાં અગાઉથી સ્વીકારેલાં કેટલાંક કામોમાં વ્યસ્ત રહેવાને કારણે નિરાંતે કશો પ્રતિભાવ લખી નથી શકયો. ક્ષમસ્વ.

આજે એટલું કહેવાનું મન થાય છે કે ''ઇન્દુમૌલિ''ની સ્થિરદ્યુતિ સૌનું ધ્યાન ખેંચે એવી સ્થિતિએ પહોંચી છે. ગુજરાતનાં અન્ય સાહિત્યિક સામયિકોમાં ''ઇન્દુમૌલિ'' ઘણી રીતે જુદું પડે છે. દિન-પ્રતિદિન એની સમૃદ્ધિ પામતી રહો એવી શુભ કામના.

**૦ પુરુરાજ જોષી - સાવલી**

---

''ઈન્દુમૌલિ''નો જુલાઇ-૯૭નો અંક ગઈકાલે મળ્યો. હવે તો બહુ જવલ્લેજ વાંચવા મળે એવી અભ્યાસપૂર્ણ વાચન સામગ્રી મને 'માનસી' જેવાં પ્રકાશનની ઝાંખી કરાવી ગઇઃ તમારું આ પ્રકાશન વર્ષો સુધી ગુજરાતી સાહિત્યની સેવા કરે એવી પ્રભુ પ્રાર્થનાકરું છું.

**૦ બેજન ન. દેસાઈ - નાશીક**

---

માત્ર પ્રથમ અંક જોઇને, અભિપ્રાય આપવા ઉતાવળ ન કરતાં, 'ઈન્દુમૌલિ'નો પ્રતિભાવ પાઠવવામાં સહેતુક ધીરજ દાખવી છે. *ક્ષન્તવ્યમ્*.

સામયિકના નામનું નાવિન્ય ગમ્યું. ક્રમશઃ આવતા અંક, એકધારી સાહિત્યિક અને વૈચારિક ગુણવત્તાવાળા લાગ્યા. બીજા અંકમાંનો, સંસ્કૃતની ચિરકાલિન મહત્તા દર્શાવતો લેખ ગમ્યો.... *અભિનન્દ્યન્તે ભવન્ત :* .

ગઝલોની પ્રચૂરતા ન દાખવીને, અન્યાન્ય કાવ્ય પ્રકારો (ખાસ તો, જૂના અખંડ આનંદની જેમ ગીતો) વધારી શકાય? ગેયતાના વિશેષ માધ્યમે ગીતોની ચિરંતનતા હોય જ. નવા ગીત-લેખકોને અને સ્વરકારોને પણ રોચક પ્રોત્સાહન મળશે.

સામયિકનું, ભારતની ભવ્યતાને અનુરૂપ બંધારણ જોતાં, સૂચન કરવાનું મન થાય છે કે, ભારતીય ભાવનાને અનુરૂપ, સાર્વત્રિકતાના સંદર્ભવાળાં સંસ્કૃત ગીત, સ્તોત્ર કે સુભાષિતો દ્વારા, અંકના ઊઘડતા પાને (તંત્રીલેખની પૂર્વે, કે પછી) મંગલ કરાય તો કેવું? આવી સંસ્કૃત-સેવા ગમશે; આવકારપાત્ર પણ બનશે......... અસ્તુ

'ઈન્દુમૌલિ'ને શુભેચ્છા સ્વીકારશો.

**૦ પ્રા. ડૉ. વાસુદેવ વિ. પાઠક - અમદાવાદ**

---

'ઈન્દુમૌલિ'નો ચોથો અંક મળ્યો. મુ. શ્રી જયંત પાઠકના ૭૫માં વર્ષે એમને સન્માનવા, આપે અંક પ્રગટ કર્યો એ અભિનંદનીય છે. શ્રી જયંત પાઠક, શ્રી ઉશનસ્ અને શ્રી ચંદ્રકાન્ત પંડ્યા - એ ત્રણે મારા ગુરુજી છે, તેથી ૭૫ વર્ષના એ ત્રણે સારસ્વતોને હૃદયપૂર્વકનાં અભિનંદનો પાઠવું છું.

જયારે સાહિત્યિક સામયિકો બંધ થવાનો કાળ ચાલે ત્યારે તમારું સાહસ દાદનું અધિકારી છે.

તમને પણ મારાં અભિનંદન.

**૦ રમેશ શાહ - અમદાવાદ**

• • •

■ ડૉ. નરેશ ભટ્ટ

ભારતીય વિચાર ધારામાં શ્રાવણ માસનું મહત્વ વિશેષ છે. શ્રી કૃષ્ણ અને તેમની આજુબાજુ ગૂંથાયેલી કથાઓ લોકો વાંચે અને સાંભળે પણ સવિશેષ તો શ્રાવણ માસમાં જ. શ્રીમદ્ ભાગવત પુરાણમાં રાસક્રીડાનું અદ્ભુત વર્ણન છે તેથી શ્રી કૃષ્ણને નૃત્ય સાથે પણ કેવો રૂડો સંબંધ હતો તે સૌ જોઇ શકે છે. નૃત્યશૈલીઓ ભારતમાં બહુધા શ્રી કૃષ્ણની આજુબાજુ રહીને જ વિકસી છે. ભારતીય નૃત્યોમાં વિશેષ રહેલો છે. પ્રથમ નૃત્ય શિવજીએ કરેલું અને તે તાંડવનૃત્ય હતું. પાર્વતીજીએ જે નૃત્ય કરેલું તે લાસ્યનૃત્ય હતું. નારદ સંહિતામાં આ બન્ને શૈલી વિશે સ્પષ્ટતા કરેલી છે કે,'' **पुं नृत्यं ताण्डवं प्राहु स्त्रीनृत्यं लास्यमुच्यते** '' પુરુષનુ નૃત્ય તે તાંડવ અને સ્ત્રીનૃત્ય તે લાસ્ય કહેવાય.

ઋગ્વેદમાં પણ નૃત્યનો ઉલ્લેખ છે; ત્યાંથી માંડી બૌદ્ધોની જાતકકથાઓ, વાત્સ્યાયનના કામસૂત્રમાં, નંદિકેશ્વરના અભિનયદર્પણમાં અને ધનંજયના દશરૂપકમાં પણ નૃત્યનો ઉલ્લેખ છે. ભરતનાટયમ્ કુચીપુડી, કથકલી, કથક, મણિપુરી કે ઓરિસ્સી જેવી કેટલી બધી નૃત્ય શૈલીઓ વિકસી. આ ઉપરાંત પ્રાદેશિક નૃત્યશૈલીઓ તો વળી અલગ છે પરંતુ ભરતનાટયમ્ એ સૌથી વધુ પ્રાચીન નૃત્યશૈલી છે. આ નૃત્યશૈલી એક સમયે સમગ્ર ભારતમાં પ્રચલિત હતી પરંતુ આજે તે તામિલનાડુમાં વિશેષ પ્રચલિત છે. નૃત્યના આમ તો બે ભાગ છે. એક તે નૃત્ય અને બીજો તે નૃત્ત ગણાય. ધનંજય દશરૂપકમાં આ બન્ને વિશે પ્રકાશ પાડ્યો છે કે, '' **अन्यद्भावाश्रयं नृत्यं नृत्तं ताललयाश्रयम्** '' ભાવના આશ્રયે રહે તે નૃત્ય અને તાલ તથા લયના આશ્રયે રહે તે નૃત્ત. નૃત્તમાં અભિનય નથી, જયારે નૃત્યમાં અભિનય છટા છે.

ભરતનાટયમ્નાં મૂળ દેવદાસીમાં રહેલાં છે. વિદેશીઓનાં આક્રમણો દક્ષિણ ભારતમાં પ્રમાણમાં ઓછાં થયાં છે તેથી ભરતનાટયમ્ નૃત્યશૈલી પર વિદેશી અસર ઓછી જણાય છે. મનને વ્યક્ત કરવા માટે મુદ્રાઓ વિકસી અને આ શૈલીમાં મુદ્રાઓ અધિક છે. કથક શૈલી જેવું કથાનક અહીં જોવા ન મળશે. હા, તેમાં વેરવિખેર કથાઓ જોવા મળે છે. મૃદંગ સાથે સંગત તેમાં થાય છે.

ભરત નાટયમ્ની શરૂઆત અલ્લારિપુથી થાય છે. તેમાં પ્રાર્થના મુદ્રાથી શરૂઆત થતી હોય છે અને પુષ્પાજંલિ અર્પણ થાય છે. અભંગ અવસ્થા એટલે શરીરનું બન્ને બાજુ સરખું વિભાજન થાય તે રીતે શરીરનો ઉપયોગ થતો હોય છે. ત્યાર બાદ જતીસ્વરમ્ આવે છે. જતી એટલે પગલાં તેથી તેમાં ગાયન સાથે નૃત્ય હોય છે. ત્રીજું સોપાન શબ્દમ્ છે. શબ્દ દ્વારા પ્રભુની પ્રાર્થના ગાયક કરે છે અને નર્તકી તેને ભાવથી નૃત્યમાં ઉતારે છે. વર્ણમ્ એ ચોથો પ્રકાર છે અને ભરત-નાટયમ્નું તે મહત્વપૂર્ણ અંગ છે. એમાં તાલ અને લયની વિશેષતા જોવા મળે છે. નર્તકી; વર્ણમ્માં પોતાનું કૌશલ, પોતાની સાધનાની અભિવ્યક્તિ દાખવી શકે છે. એ પછીનું સોપાન છે પદમ્ નું; તેમાં શૃંગારિક ભાવજન્ય ચેષ્ટાઓ થતી હોય છે. તિલ્લાનામાં ઘુંઘરાની તીવ્ર ગતિથી પ્રેક્ષકોનું આકર્ષણ કરી શકાય છે એટલું જ નહી પરંતુ વિલંબિત, મધ્ય અને દ્રુતના પ્રયોગો પણ એમાં થઇ શકે છે. છેલ્લું સોપાન છે શ્લોકમ્નું, તેમાં શ્લોક દ્વારા કૃષ્ણની આરાધના થતી હોય છે.

ભરતનાટયમ્ની આધારશિલા અભિનયદર્પણ અને નાટયશાસ્ત્ર છે. કેટલાક એને તાંજોરી નૃત્યશૈલી તરીકે પણ ઓળખે છે. ભરતનાટ્યમ્ને પદ્માસુબ્રહ્મણ્યમ્, યામિનીકૃષ્ણમૂર્તિ, વૈજયન્તીમાલા કે શ્રીમતી મૃણાલિની સારાભાઇએ સમૃધ્ય કરવામાં નોંધનીય ફાળો આપ્યો છે. જો કે, આ નૃત્યશૈલીને વિશુદ્ધ કરવામાં ચુકલીંગમ્ પીલૈનો સિંહફાળો છે. ચૌલ અને પલ્લવરાજાઓએ ભારતનાટયમ્ શૈલીને સંવર્ધી છે. આજે પણ કુંભકોણમ્ અને ચિદમ્બરમ્નાં મંદિરોમાં ભરનાટયમ્ શૈલીનાં શિલ્પો જોઇ શકાય છે. ભાગવતમેલા, કુચીપુડી, કુરવંજી અને યક્ષગાન એ આ શૈલીના પ્રકારો છે પરંતુ એ સર્વમાં કેન્દ્રસ્થતો શ્રી કૃષ્ણ જ છે ને? શ્રી કૃષ્ણ એટલે નૃત્યનો અને સંગીતનો પર્યાય. શ્રાવણમાસમાં શ્રી કૃષ્ણને કયાંકયાં યાદ કરવા? ●

# સમાચાર દર્શન

- વ્યવસાયે એડ્વોકેટ ભૂતપૂર્વ ગૃહપ્રધાન તથા વિધાનસભાના સભ્ય શ્રી છગનભાઈ દેવાભાઈ પટેલે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખપદનો ભાર સંભાળી લીધો છે. તેમને અભિનંદન. મૂળ જલાલપોર-નવસારીના, સી. ડી.ના હુલામણા નામે જાણીતા છે. જેઓ સુરત સંસદીય ચૂંટણીમાં અશોક મહેતાને હરાવી સૂરત મત વિસ્તારનું પ્રતિનિધિત્વ પણ કરી ચૂક્યા છે.

- તા. ૧૩-૯-૯૭ના રોજ સી. ડી. પટેલને સન્માનવાનો એક સમારંભ નવસારી મુકામે-વીરાવળ જકાતનાકા પાસે બાલાજી કૉમ્પ્લેક્સ ખાતે યોજાઈ ગયો. જેમાં પંદરથી વીસ હજાર જેટલા કોંગ્રેસ સમર્થકો ઉપસ્થિત રહ્યાં હતાં.

- પીરામણ તા. ભરૂચના તથા રાજ્યસભામાં બિરાજતા શ્રી અહ્મદ પટેલ કલકત્તા મુકામે ભારતીય કોંગ્રેસની કારોબારીના સભ્યોની ચૂંટણીમાં તમામ ઉમેદવારોમાં સૌથી વધારે મત પ્રાપ્ત કરી ચૂંટાઈ આવ્યા છે. તેમણે આ રીતે ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. તેઓ ઉત્તરોત્તર રાજકારમણમાં આગળ વધતાં રહ્યાં છે તેમણે બિનવિવાદાસ્પદ વ્યક્તિ તરીકે પોતાની છબી ઉપસાવી છે. તેમને અભિનંદન.

- છેલ્લા મહિનામાં લોકહૃદયની સામ્રાજ્ઞી પ્રિન્સેસ ડાયેના તથા મધર ટેરેસાના અવસાનથી વિશ્વ શોકગ્રસ્ત બની ગયું. ડાયેના લોકહૃદયની મહારાણી હતી. જેના અકસ્માતથી સમગ્ર વિશ્વ સ્તબ્ધ બની ગયું. તેમનું મૃત્યુ અકસ્માના પરિણામ સ્વરૂપ હતું કે તે કોઈ ક્રૂર કાવતરાનો ભોગ બની હતી તે વર્ષો સુધી ચર્ચાનો વિષય બની રહેશે. બી.બી.સી. દ્વારા તેમની ''સ્મશાનયાત્રા''નું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. ડાયેનાના લાખો ચાહકો શોકાકુલ ચહેરે કલાકો પહેલાં રસ્તા ઉપર એકત્રિત થયાં હતાં. બ્રિટિશ પ્રજામાં શિસ્ત છે તેનો આપણને તે વખતે ખ્યાલ આવ્યો. હથિયાર વગર ઉપસ્થિત પોલિસે પ્રજાને નિમંત્રણમાં લેવાં કોઈ પગલાં લેવા ન પડ્યા. કારણ કે પ્રજા પોતે શિસ્તમાં માનનારી હતી. આવી શિસ્ત જ રાષ્ટ્રનું ઘડતર કરે છે. આપણાં દેશે તથા પ્રજાએ શિસ્તના પાઠો આ પ્રજા પાસે શીખવાની જરૂર છે. કારણ કે આપણે સતત કાયદાનો ભંગ કરનારી તથા અશિસ્તમાં રાચનારી પ્રજા છે. મધર ટેરેસાની ''સ્મશાનયાત્રાનું'' જીવંત પ્રસારણ દૂરદર્શને કર્યું તેમાં તેના કવરેજની ત્રૃટિઓ તથા અશિસ્તમાં રહેનાર પ્રજાના દર્શન પણ આપણને થયાં.
- કેનેડા ખાતે રમાયેલ ''સહારા કપ'' પાંચ ''એક દિવસીય'' મેચમાં સચીન તેંડૂલકરની આગેવાની હેઠળ ગયેલી ભારતીય ક્રિકેટ ટીમે પાકિસ્તાનની ટીમને ૪-૧થી પરાજય આપી નામોશીના ગર્તામાં ધકેલાયેલી ભારતીય ટીમને બહાર કાઢી છે. સૌરવ ગાંગુલી ઓલરાઉન્ડ દેખાવ કરી મેન ઓફ ધ મેચ અને મેન ઓફ ધી સિરીઝ બન્યો છે. બંગાળી સિંહે ખરે સમયે ગર્જના કરી શત્રુને ભોંયભેગા કરી ભારતીય ટીમમાં ખમીરનો સંચાર કર્યો છે.

- નવસારી શહેર વડોદરા રાજ્યનો એક વખતનો સૂબો હતો. સૂરત શહેરનું જ્યારે વિભાજન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો ત્યારે નવસારીને જિલ્લાનું વડું મથક બનાવવાની આવશ્યકતા હતી. તે શહેર તમામ રીતે લાયક હોવા છતાં તેને અન્યાય કરી, પ્રજાની લાગણીને ઠુકરાવી, વલસાડને જિલ્લાનું વડું મથક બનાવવાનો નિર્ણય લેવાયો. તે સમયે જિલ્લા માટેના આંદોલનો પણ થયાં, જિલ્લા રચના સમિતિની રચના પણ થઈ. તે સમિતિના કેટલાય આગેવાનો હવે આ દુનિયામાં રહ્યાં નથી, તેમ છતાં મોડે મોડે પણ નવસારીને થયેલો અન્યાય દૂર થયો છે અને નવસારીનો અલગ જિલ્લો બનાવવાની જાહેરાત થઈ છે. ગુજરાતના મુખ્ય પ્રધાનનો આ નિર્ણય રાજકિય હોય તો પણ, એક હિમ્મત ભર્યો નિર્ણય છે. તેમને અભિનંદન.


- ભારતમાં હાલમાં રેલ્વે અકસ્માતોની પરંપરા સર્જાઈ છે. રોજ રોજ અકસ્માતના સમાચાર સાંભળવા મળે છે. સલામત ગણાતી રેલ્વે મુસાફરી પણ હવે અસલામત બની ગઈ છે. હાલમાં જ એવો એક અકસ્માત અમદાવાદ જતી શતાબ્દી એક્ષપ્રેસને થયો. સારે નસીબે કોઈ જાનહાની થઈ નથી. તેમ છતાં આ તંત્રને હવે વધુ જાગ્રત કરવાની આવશ્યકતા છે.

- તા. ૧૩-૩-૯૭ના રોજ બારડોલી મુકામે શ્રી રમણભાઈ પાઠકના અમૃત મહોત્સવ પ્રસંગે શ્રી જયંતભાઈ પાઠકના પ્રમુખપદે એક સન્માન સમારંભ યોજાઈ ગયો. આ સમારંભમાં શ્રી રજનીભાઈ પંડ્યા, શ્રી યાસીન દલાલ, શ્રી ગુણવંત શાહ અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે શ્રી રમણભાઈના પ્રગટ લેખોમાંથી ચૂંટી કાઢેલા પંચોતેર લેખો સમાવતું એક પુસ્તક ''મધુપર્ક''નું વિમોચન શ્રી ગુણવંતભાઈના હસ્તે કરવામાં આવ્યું હતું.

- દલિત-પીડીતજનના સાહિત્ય સર્જક શ્રી જોસેફ મેકવાનના પ્રમુખપદ હેઠળ ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદની સ્થાપના કરવામાં આવેલ છે. અંધજન મહામંડળ હોલ, અમદાવાદ ખાતે તાજેતરમાં એક મીટીંગ યોજાઈ હતી, જેમાં સર્વ શ્રી. ડૉ. મોહન પરમાર (ઉપપ્રમુખ), હરીશ મંગલમ્ (મહામંત્રી), પ્રવિણ ગઢવી (સહમંત્રી), દલપત ચૌહાણ (સંગઠન મંત્રી), બી. કેશરશિવમ્ (આયોજન મંત્રી), મધુકાંત કલ્પિત (કોષાધ્યક્ષ) ઉપરાંત સાહિત્યકાર મિત્રો સર્વ શ્રી ડૉ. દલપત શ્રીમાળી, પુરૂષોત્તમ જાદવ, પ્રા. યશવંત વાઘેલા, રાજુ સોલંકી, ચન્દ્રાબેન શ્રીમાળી, અરવિંદ વેગડા, નીરવ પટેલ, મહેન્દ્ર ચાવડા (તંત્રી આભ્યુદય), વગેરે હાજર રહ્યા હતા અને આવી સંસ્થાની જરૂરીયાતોને બીરદાવી હતી. આ પ્રસંગે હરીશ મંગલમ્ સંપાદિત પુસ્તક 'પ્રતિનિધિ દલિત વાર્તા' નું વિમોચન શ્રી જોસેફ મેકવાનના હસ્તે કરવામાં આવ્યું હતું.

- રાજકીય, સામાજિક તથા શિક્ષણ ક્ષેત્રે છ દાયકાથી સતત સક્રિય રહેલા સ્વાતંત્ર્ય સેનાની અને સાથોસાથ કાવ્યક્ષેત્રે પણ છ દાયકાથી સર્જનરત રહેલા અને હવે ૯૦ની વયે પહોંચનાર શ્રી રતુભાઈ દેસાઈનો એક અભિનવ કાવ્ય-આવિષ્કારનો પૉકેટ બુક સમો લઘુ-કાવ્યોનો સંગ્રહ ''સ્પંદિની'' વર્ષા આગમન ટાણે જૂન-જુલાઈ ૧૯૯૭માં પ્રગટ થઈ ચૂક્યો છે, જેમાં કવિના જીવનનાં શેષ વર્ષોના વળાંકના ઉન્મેષો પ્રગટ થયા છે. આ રૂપાળો બટુકડો સંગ્રહ અનુગાંધીન કવિતાયુગના અગ્રગણ્ય કવિ-વિવેચક શ્રી ડૉ. જયંત પાઠકને અર્પણ થયેલો છે.

■ ■ ■




## MAZ STEEL CENTRE

**Mgf. of STEEL & WODDEN FURNITURE**

**Factory :**
Kagdiwad, Navsari - 396 445.
Zakir A. Lokhandwala
(Babybhai)

**Show Room :**
Navsari High School Bldg.,
Dudhia Talav,
Navsari - 396 445.

**Phone : (O) 59663 (R) 56344**

## ZENITH STEEL

**Dealers**
**S.S. HOUSEHOLD ARTICLES,**
**FANCY PRESENTATION ARTICLES & KITCHENWARE**

6 - 180, M. G. Road, Navsari - 396 445.

**Phone : (O) 59631 (R) 52786**

## U-LIKE FURNITURE

**MAKERS OF WOODEN FURNITURE**

OPP. Islampura, Juna Thana, Navsari - 396 445.

**Phone : (O) 59632 (R) 52786**

શિરડી સાંઈબાબાના એક ભક્ત તરફથી

“ઇન્દુમૌલિ”

ને

અનેક શુભકામનાઓ.....



**હર્ષ સાથે સ્વ. કુંજવિહારી મહેતા**


Published & Printed By : Satish Chandrakant Pandya on behalf of & in the name of Indukant Publishers Pvt. Ltd., 1st Floor, Premji Complex, Maharani Shantadevi Road, Navsari - 396 445. (Guj.) Ph. : 56934
Owner : Indukant Publishers Pvt. Ltd.
Editor : Satish Chandrakant Pandya C/o. Indukant Publishers Pvt. Ltd.
Published at : Indukant Publishers Pvt. Ltd., 1st Floor, Premji Complex, Maharani Shantadevi Road, Navsari - 396 445.
Printed at : Natraj Book Mfg. Co., Udyog Nagar, Navsari - 396 445. Ph. : 57391.
Typesetting : Emtronics, Asha Nagar, Navsari - 396 445. Ph. : 57823. (With Layout Designing & Cover Page)